અવલિયા-એ-ગુજરાત,
સમશુલ આરીફીન

કુતુબુલ વક્ત
અને અગીયારમી સદી હીજરીના મુજદ્દીદ
હઝરત પીર મશાયખ (રહે.) ની કિતાબ

# 'તરીકત' નું વિશ્લેષણ


વિશ્લેષક :-
યુસુફ શરીફ ચારોલીયા



પ્રકાશક :-
સત્ય પ્રકાશન
૧/૨, રામનગર,
પાટકર કોલેજ સામે,
એસ. વી. રોડ, ગોરેગાંવ (પશ્ચિમ)
મુંબઈ - ૪૦૦૧૦૪

પ્રાપ્તિ સ્થાન :-
રશીદીયા કુતુબ ખાના
ડાયમંડ કોમ્પ્લેક્ષ,
હોટલ તાજની બાજુમાં, છાપી હાઈવે,
તા. વડગામ,
જી. બ.કાં. ગુજરાત
ફોન : ૦૨૭૩૯-૨૭૧૧૯૭૨

Agiyarmi Hijri Sadina
Mujaddid Hazarat Pir Mashayakh (R.A.) Chisti Ni Kitab

# Tarikat Nu Vishleshan

અગીયારમી હીજરી સદીના મુજદ્દીદ હઝરત
પીર મશાયખ (ર.અ.) ચીશ્તીની કિતાબ

# 'તરીકત'નું વિશ્લેષણ


આવૃત્તિ : પહેલી

પ્રત સંખ્યા : ૨૦૦૦ નકલ

મૂલ્ય : ૩૫-૦૦

પ્રકાશન વર્ષ : ઈસ્વીસન ૨૦૧૪

પ્રકાશક : સત્ય પ્રકાશન

વિતરક : રશીદીયા કુતુબખાના, છાપી



સર્વ હક્ક : લેખકને સ્વાધિન છે.



મુદ્રક : હાઈ-ટેક ઓફસેટ એન્ડ ગ્રાફીક્સ, પાલનપુર.

પ્રકાશન સ્થળ :
૧/૨, રામનગર, પાટકર કોલેજ સામે,
એસ.વી. રોડ, ગોરેગાંવ (પશ્ચિમ)
મુંબઈ - ૪૦૦ ૧૦૪.



નોંધ : આ કિતાબમાં કોઈપણ ફેરફાર કર્યા વગર કોઈપણ વ્યકિત
તેને છપાવી પ્રસિધ્ધ કરી શકે છે, અને વેચી પણ શકે છે.

હઝરત પીર મશાયખ (રહે.) ની કિતાબ

# તરીકતનું વિષય - વસ્તુ

## વિષયાનુ ક્રમ


| પ્રકરણ | વિષય | પાનું |
|---|---|---|
| ૧. | વિશ્લેષકની વાત.................................... | ૧ |
| ૨. | પીરી મુરીદી ફક્ત હિન્દુસ્તાનમાં...................... | ૨ |
| ૩. | તરીકત કિતાબની રૂપરેખા :......................... | ૮ |
| | ૧. આદમ (અ.સ.) જન્નતમાંથી દુનિયામાં. | |
| | ૨. ઈમાન | |
| | ૩. અમલોનું લખાણ | |
| | ૪. શરિઅત | |
| | ૫. ગુંજ | |
| | ૬. મૌત | |
| | ૭. તરીકત શું છે ? | |
| ૪. | પીર રે બિના ચલતા, તો આદમ રે રે'તા............ | ૨૩ |
| ૫. | નૂર-સે-નૂર ચલા આવે.............................. | ૩૭ |
| ૬. | નૂર - અલા - નૂર.................................... | ૫૯ |
| ૭. | ગુંજ અને ગુંજ સમજવાનાં ઉદાહરણો :............. | ૬૯ |
| | ૧. પગીનું ઉદાહરણ................................ | ૬૯ |
| | ૨. દીવાનું ઉદાહરણ................................ | ૭૦ |
| | ૩. કદમ ઉઠાવવાનું ઉદાહરણ........................ | ૭૦ |
| | ૪. ચકોરનું ઉદાહરણ................................ | ૭૧ |
| | ૫. મરજીવાનું ઉદાહરણ.............................. | ૭૨ |
| | ૬. શૈતાનથી ચેતવું.................................. | ૭૨ |

## વિષયાનુ ક્રમ


| પ્રકરણ | વિષય | પાનું |
|---|---|---|
| | ૭. અતિરેક-ગલત બયાનીથી બચવું................. | ૭૪ |
| | ૮. ભમરાનું ઉદાહરણ................................ | ૭૭ |
| | ૯. આખરી કિતાબ કુર્આનનો જ આધાર લેવો....... | ૭૭ |
| | ૧૦. શૈતાનનું ગુમાન................................ | ૭૮ |
| | ૧૧. ભાદરવી અંધારી રાતે માર્ગ શોધ................ | ૮૦ |
| | ૧૨. શરીરરૂપી કોટ (કિલ્લા) નું ઉદાહરણ.......... | ૮૦ |
| | ૧૩. પાણી અને લાકડાનું ઉદાહરણ................ | ૮૨ |
| | ૧૪. રૂહની માવજત કરો........................... | ૮૩ |
| | ૧૫. અલ્લાહનો ઝીક્ર :............................ | ૮૫ |
| | ◆ ઝીક્ર........................................ | ૮૫ |
| | ◆ અલ્લાહનો ઝીક્ર અને તેની નીકટતાનાં ઉદાહરણો... | ૮૫ |
| | ◆ લીલા લાકડા અને સુકા લાકડાનું ઉદાહરણ | ૮૫ |
| | ◆ પપીહાના પ્રેમનું ઉદાહરણ................. | ૮૫ |
| | (૧) વિરહની કરવતનું ઉદાહરણ.................... | ૮૬ |
| | (૨) પતંગીયાના પ્રેમનું ઉદાહરણ.................. | ૮૬ |
| | (૩) ચમેલીના ફુલનું ઉદાહરણ..................... | ૮૭ |
| | (૪) ખરતા પાંદડાનું ઉદાહરણ...................... | ૮૭ |
| | (૫) પલાસના ઝાડનું ઉદાહરણ..................... | ૮૮ |
| | (૬) ભાલાના 'ઘા' નું ઉદાહરણ.................... | ૮૮ |
| | (૭) આરસીનું ઉદાહરણ............................ | ૮૯ |
| | (૮) ચકલા - ચકલીનું ઉદાહરણ................... | ૯૦ |
| | (૯) દૂધની છાશ થવાનું ઉદાહરણ................. | ૯૦ |
| | (૧૦) લાકડામાં રહેલી આગનું ઉદાહરણ............ | ૯૧ |

## વિષયાનુ ક્રમ


| પ્રકરણ | વિષય | પાનું |
|---|---|---|
| | ૧૧. દરીયાનાં મોજાંઓનું ઉદાહરણ.................. | ૯૧ |
| | ૧૨. જમીન અને આસમાનનું ઉદાહરણ............. | ૯૧,૯૨ |
| ૮. | હકીકતી કેફીયતનાં તત્વો :......................... | ૯૩ |
| | (૧) ઈશ્કે ઈલાહી.................................. | ૯૩ |
| | (૨) ઝીક્રે ઈલાહી.................................. | ૯૩ |
| | (૩) ખવફે ઈલાહી................................. | ૯૪ |
| | (૪) સીફાતે ઈલાહી............................... | ૯૫ |
| | (૫) રહમતે ઈલાહી................................ | ૯૫ |
| | (૬) કુર્બે ઈલાહી.................................... | ૯૬ |
| | (૭) તજકીયા એ નફસ.............................. | ૯૬ |
| ૯. | કિતાબ અને સુન્નત................................. | ૯૮ |
| | (૧) અલ્લાહની રસ્સીને મજબુતીથી પકડી રાખો... | ૯૮ |
| | (૨) આલ અને કુર્આન............................. | ૧૦૦ |
| | (૩) 'અહલે - બયત' નો અર્થ.................... | ૧૦૩ |
| | (૪) 'અહલ' નો અર્થ.............................. | ૧૦૮ |
| | (૫) 'આલ' નો અર્થ................................ | ૧૧૨ |
| | (૬) 'સાહિબ' નો અર્થ............................. | ૧૧૫ |
| ૧૦. | હાજર પીર અમારી ઠાંમ રે કે'જો...................... | ૧૧૭ |

## પીર મશાયખ રહે. ની વંશાવળી (ઉતરતા ક્રમે)

૧. હઝ. અલી (રઝી.) ૨. હઝ. ઈમામહુસેન (રઝી.) ૩. હઝ. ઈમામ ઝૈનુલ આબેદીન (રહે.) ૪. હઝ. ઈમામ બાકર (રહે.) ૫. હઝ. ઈમામ ઝઅફર (રહે.) ૬. હઝ. ઈમામ ઈસ્માઈલ (રહે.) ૭. હઝ. હઝરત નુરમોહંમદ (રહે.) ૮. હઝ. મુહંમદ ઈસ્માઈલ (સાની) (રહે.) ૯. હઝ. મુહંમદ મનસુર (રહે.) ૧૦. હઝ. ગાલેબુદ્દીન (રહે.) ૧૧. હઝ. અબ્દુલ મજીદ (રહે.) ૧૨. હઝ. મુસ્તુફા (રહે.) ૧૩. હઝ. અહમદ હાદી (રહે.) ૧૪. હઝ. હાસીમ (રહે.) ૧૫. હઝ. ખાલેદ (રહે.) ૧૬. હઝ. મોમીનશાહ (રહે.) ૧૭. હઝ. ઈસ્લામુદ્દીન (રહે.) ૧૮. હઝ. સાલેહુદ્દીન (રહે.) ૧૯. હઝ. સમસુલહક્ક (રહે.) ૨૦. હઝ. નસીરૂદ્દીન (રહે.) ૨૧. હઝ. શહાબુદ્દીન (રહે.) ૨૨. હઝ. સદરૂદ્દીન (રહે.) ૨૩. હઝ. કબીરૂદ્દીન (રહે.) ૨૪. હઝ. રહેમતુલ્લાહ (રહે.) ૨૫. હઝ. મશાયખ મોટા (રહે.) ૨૬. હઝ. અબુલહસન (રહે.) ૨૭. હઝ. જૈનુદ્દીન (રહે.) ૨૮. હઝ. સદરૂદ્દીન (રહે.) ૨૯. હઝ. ફાઝીલશાહ (રહે.) ૩૦. હઝ. પીર મશાયખ (રહે.) (બયાન નંબરો : ૫૬૭/૨૬૦, ૫૮૩/૨૭૬, ૫૮૫/૨૭૯, મકતુલનામા ભાગ-૨)૩૧.

## પીર મશાયખ રહે. નો સુલુકનો સિલસીલો

૧. હઝ. મોહંમદ (સ.અ.વ.) ૨. હઝ. અલી (રઝી.) ૩. હઝ. ખ્વાજા હસન બસરી (રહે.) ૪. હઝ. ખ્વાજા ઈબ્રાહીમ કુજેલ અયાજ (રહે.) ૫. હઝ. ખજફ મરઈ (રહે.) ૬. ખ્વાજા ઓબેરબ (હુબેરા) (રહે.) ૭. મમસાદ અલવદે (રહે.) ૮. મહસમઆન (રહે.) ૯. ખ્વાજા નસીરૂદ્દીન ચીશ્તી (રહે.) ૧૦. ખ્વાજા મજુદ ચીશ્તી (રહે.) ૧૧. ખાવાજા મોઈદ્દીનહસન (રહે.) ૧૨. મોઈદ્દીન મુખ્તાર (રહે.) ૧૩. શેખ ફરીદ ગંજ શકર (રહે.) ૧૪. શેખ બદરૂદ્દીન (રહે.) ૧૫. શેખ યુસુફ (રહે.) ૧૬. શેખ સુલેમાન (રહે.) ૧૭. શેખ ફાજલ (રહે.) ૧૮. શેખ મનસુર (રહે.) ૧૯. શેખ યુસુફ (રહે.) ૨૦. શેખ હારૂન (રહે.) ૨૧. શેખ અહમદ (રહે.) ૨૨. શેખ મહંમદ (રહે.) ૨૩. શેખ ઈબ્રાહીમ (રહે.) ૨૪. શેખ તાજદીનમહંમદ (રહે.) ૨૫. શેખ તાજુસ્સાલેહ (રહે.) ૨૬. શેખ પરહેજગાર શેખજાદા (રહે.) ૨૭. પીર મશાયખ (રહે.) (બયાન નંબરો : ૬૦૨/૨૯૫ થી ૬૦૬/૨૯૯, મકતુલનામા ભાગ-૨)

**નોંટ : અહીંયા ઉપર સુલુકના સિલસીલાથી સાફ જણાય છે કે હઝરત ખ્વાજા હસન બસરીથી સુલુકની નસલી ખીલાફત ચાલી નથી.**

બી ઈસ્મીહી તઆલહ

## પ્રકરણ - ૧

# વિશ્લેષકની વાત

હઝરત પીરમશાયખ (રહે.) ના દિવાનમાંથી ઈમાન ભાગ-૧ અને ૨ ની સમજુતિ આ વિશ્લેષક ગઝલોની પંક્તિ (બયત) વાર લખી શક્યો છે. પણ જ્યારે તરીકત કિતાબને તે રીતે લખવાનો પ્રયત્ન કર્યો તો તે કામ મુશ્કેલ જણાયું. તેનું એક કારણ એ જણાયું કે તે રીતે લખવાથી કિતાબનું અસલ વસ્તુ (Subject Matter) સામે આવી શકતું નહતું, અને બીજું કારણ એ રહ્યું કે આપે (રહ.) જ્યારે તે કિતાબ લખી ત્યારે તેમની જે કેફીયત (મનોભાવ) રહી હશે તેને ત્રણ સદીઓ પછી આવી સમજુતિમાં ઉતારવું મુશ્કેલ હતું.

બીજાં કારણો એ રહ્યાં કે, લગભગ બયાનોમાં ગઝલોના રાગ અને તાલ મેળવવા વધારાના પુરક શબ્દો મુકાયા છે, જેનો વિષયને અનુરૂપ કોઈ અર્થ થતો નથી, અને તેનો અર્થ કરવામાં આવે તો કિતાબની સમજુતિ જ કઢંગી થઈ જાય. બીજું એ કે, ગોઠવણીની રીતે જોઈએ તો બયાનો અને તેના ખુલાસાઓને પૂર્વાપર સંબંધો છે, જેની અભ્યાસી સમજ વગર કિતાબનો મૂળ વિષય સમજમાં ન આવી શકે.

તેથી એ ઉચિત સમજવામાં આવ્યું કે તરીકત કિતાબના વિષય વસ્તુની સમજુતિ આપવામાં આવે, અને સાથે સાથે સમજુતિમાં ઠેર ઠેર તે કિતાબના બયાનોના હવાલા આપવામાં આવે, અને જેને જે તે બયાનોની ખરાઈ તપાસવી હોય તે મૂળ કિતાબમાંથી જે તે બયાન જોઈ લે.

આ લખાણ પીર મશાયખ (રહે.) ના દિવાનના આધારે હોઈ તેને તે રીતે ઈતિહાસના પૂર્વાર્ધમાં મુલવવું.

આ વિશ્લેષણ **કોઈ વ્યકિતલક્ષી નથી પણ મુદ્દા આધારિત અને કિતાબ આધારિત ચર્ચા છે.** તેથી તેને તે રીતે સમજવામાં આવે અને કોઈ પૂર્વગ્રહ ન રાખવામાં આવે.

વિશ્લેષક

## પ્રકરણ - ૨

# પીરીમુરીદી ફક્ત હિન્દુસ્તાનમાં

**પીર મશાયખ (રહે.) તેમની કિતાબ 'તરીકત'નાં બયાન નં.-૨૨ ની કડી નં. ૭ લખે છે :**

**હિન્દુસ્તાનમાં પીરકા મકામાં,**
**અવર મુલ્કમાં નાં પીરકા ઠાંમા - ૭**

આખરી નબી મુહંમદ (સ.અ.વ.) ઉપર કુર્આન અરબી ભાષામાં ઉતર્યું. આપ (સ.અ.વ.) ના અસ્હાબો પણ અરબી ભાષી હતા અને તેમના બધાય થકી દીને-ઇસ્લામ અરબો અને બિન અરબો સુધી પહોંચ્યો. પણ બિનઅરબો અરબી ભાષાથી તદ્દન અજાણ હતા, આજે પણ છે.

દીનના હુકમો કુર્આન થકી નબીએ કરીમ (સ.અ.વ.) ઉપર અરબી ભાષામાં ઉતર્યા. આપ (સ.અ.વ.) ની હદીષો પણ અરબીમાં છે.

હિન્દુસ્તાન જે બિન - અરબ દેશ હતો અને છે, ત્યાંનાં મુસલમાનો માટે કોઈ અલગ કિતાબ, કોઈ અલગ નબી કે કોઈ અલગ શરીઅત નથી ઉતર્યાં :

અરબો અરબી ભાષી હોવાથી કુર્આન અને હદીષને બરાબર સમજી શકતા હતા અને તે સમજ તેમની પેઢીઓથી પેઢીઓ દ્વારા ચાલતી આવે છે. તેથી તેમને અલગ (ખાસ) કેળવણી આપવા પીરીમુરીદીના સંબંધોની જરૂરત ન પડી, ન છે.

(અહીંયાં હવે જ્યાં ફક્ત બયાન નંબર લખ્યું છે, તે તરીકતનું બાયન સમજવું).

**અરબી કુર્આન :-**

(૧) "અલીફ લામ મીમ ! આ આયતો છે રોશન કિતાબની. એને અમે **અરબી કુર્આન**ના રૂપમાં ઉતારેલ છે, જેથી તમે સમજો". (સુ. યુસુફ : આયતો નં. ૧ અને ૨)

(૨) ''આ રીતે અમે તેને **અરબી ફરમાન**ના રૂપમાં ઉતાર્યું''. (સુ. અર-રઅદ : આયત નં. ૩૭)

(૩) ''અમે તમારી (મુહંમદ સ.અ.વ.) ઉપર **અરબી કુર્આન** ઉતાર્યું છે, જેથી ઉમ્મુલ કુરા (મક્કા ચોતરફના લોકો) ને સચેત કરો''. (સુ. તાહા : આયત નં. ૧)

(૪) ''અમે **અરબી કુર્આન** ઉતાર્યું, જેથી તમે લોકો તેને સમજો''. (સુ. અલઝુખરૂખ : આયત નં. ૩)

(૫) ''આજ રીતે અમે એને **અરબી કુર્આનનાં** રૂપમાં ઉતાર્યું અને તેમાં વિવિધ પ્રકારે ચેતવણીઓ પેશ કરી, જેથી લોકો અલ્લાહથી ડરે અથવા કે તે એમને યાદ-દીહાની આપવાનું કારણ બને''. (સુ. તાહા : આયત નં. ૧૧૩)

(૬) ''(હે મુહંમદ) ! આ કુર્આન રબ્બુલ આલમીનનું ઉતારેલ છે. એને લઈને રૂહુલ અમીન (જીબ્રઈલ) નાજીલ થયેલ છે તમારા મન પર, જેથી તમે લોકોને ખબરદાર બનાવનાર બનો સ્પષ્ટ અરબી ભાષામાં''. (સુ. શુઅરા : આયતો નં. ૧૯૨ થી ૧૯૪)

(૭) '' **અરબી કુર્આન** જેમાં કોઈ આડાઈ નથી, જેથી તેઓ અઝાબથી ડરે''. (સુ. ઝુમર : આયત નં. ૨૮)

પીર મશાયખ (રહે.) લખે છે :

**'દેખો જેસી બોલી નબીયું કેરી રે,**
**ભેજી કિતાબ વેસી બોલી સવેરી રે. - ૨**
**આરબી અપને હૈં નબી કેલાએ રે,**
**બયાન આરબી તો રબે ભેજાએ રે. - ૨૧'**

(મો'જિઝાત, બયાન નં. ૬૫૮/૬)

આદીથી ભાષા અરબી હતી અને મરવા પછીની ભાષા પણ અરબી હશે.

**'થી અરબી બોલી આદ મુએ પીછે હોવે,**
**જેસા આદ થા અંત વેસા લેખા હો જોવે. (બયાન - ૪)'**

નબીએ કરીમ (સ.અ.વ.)ની, તેમના અસહાબોની અને અરબસ્તાનની ભાષા અરબી હતી, તેથી તેઓ સમજી શકે તેવી અરબી ભાષામાં કુર્આન ઉતારવામાં આવ્યું અને તે અરબી ભાષી લોકો તેને સમજી શક્યા.

હિન્દુસ્તાન જેવા બિન-અરબ પ્રદેશમાં જે લોકો ઈસ્લામમાં નવા દાખલ થતા હતા તેમની ઉપર જાત દેખરેખ રાખી ઈસ્લામી શિક્ષણ આપી શકાય એવી વ્યવસ્થાની તે સમયના સૂફીઓને જરૂરત જણાઈ, તેથી તેમણે ખાનકાહી વ્યવસ્થા અમલમાં આણી. તે વખતે ખાનકાહ એક મદરસાની જેમ હતી અને ત્યાં ઈલ્મ મેળવવા અને સ્વ-સુધારણા માટે દરેક ઉંમરના લોકો કામીલ શેખ પાસે આવતા અને શેખ તેઓની ઉપર જાત દેખરેખ રાખી તેઓના 'નફસ'ની સુધારણા કરતા. આ રીતે હિન્દુસ્તાનમાં પીરી-મુરીદીના સંબંધો વહેવારમાં આવ્યા અને પીરોએ મુરીદોને શિસ્તમાં રાખવા કેટલાક ઉસુલો (માર્ગદર્શક સિધ્ધાંતો) બનાવ્યા. તે એક દીની શિક્ષણ વ્યવસ્થા હતી. પછીથી પીરોએ મુરીદોને બંધનમાં રાખવા પીરાઈના સજરા બનાવ્યા. આ સજરા (વંશવૃક્ષ) ને ટેકે નવ મુસ્લિમો તેને એક બંધન સમજીને ઈસ્લામ છોડતા નહતા.

પીરોએ આ વ્યવસ્થા **તેમના મનથી** વિકસાવી. પીર મશાયખ (રહે.) લખે છેઃ

**જબ પીરૂને ગુંજ કી રાહ દેખી થોડી,**
**તો અપને મનસુ ગુંજ બોત લોડી. - ૯**
(બયાન નં. ૫૩)

અને તેઓએ શરિઅત માર્ગને ગુંજથી અલગ કર્યો.

**શરિઅત રાહ જુદા ગુંજથી કીતા,**
**સતપંથ મારગ ગુંજ માંહીદીતા. - ૧૪** (બયાન નં. ૫૩)

સમય જતાં જેમ જેમ મદરસા બનતા ગયા તેમ તેમ ખાનકાહોનું મહત્વ ઘટતું ગયું અને ઈલ્મ આપવાનું કામ ખાનકાહોમાંથી બંધ થઈ ગયું. પછી ખાનકાહોમાં મુરીદોના નફસની ઈસ્લાહનું કામ બાકી રહી ગયું.

પણ સમય જતાં આ ઉપરોક્ત હેતુવાળા સંબંધો ઘટતા ગયા અને રિવાજી પીરી-મુરીદીના સંબંધો અમલમાં આવતા ગયા. પછીથી પીરી-મુરીદી વારસાગત થતી ચાલી. જેમની પાસે કુર્આન અને સુન્નતનું જ્ઞાન ન હોય અને તેની ઉપર જેનો અમલ પણ ન હોય તેવા પીર-વારસો પીરાઈની ગાદીએ પેઢીથી પેઢી બિરાજતા થઈ ગયા. પછી તે સંબંધો તદ્દન આર્થિક બની ગયા, જે આજે ઘણી જગ્યાએ દેખાઈ રહ્યા છે.

ઈલ્મ વગર કે 'હકીકતી' કેફીયત વગર જે કોઈ, કોઈપણ સમૂહનો પીર બની બેસે તે તેવા પૂરા સમૂહનો બોજ પોતાને માથે લે છે, જે મહેશર સુધી ચાલશે. એટલે કે તેવા પીરને મહેશરમાં જવાબ દેવો પડશે. પીરના મહેશર સુધીના સંબંધોનું બયાન હવે પછી આવે છે.

પીરમશાયખ (રહે.) ના પીર -

<u>ન તો સૈયદ હતા,</u>

<u>ન તો તેમના પિતા હતા,</u>

પણ તેઓ એક પરહેજગાર શેખજાદા હતા.

આ હકીકતનો ખુલાસો પીરમશાયખ (રહે.) એ મક્તુલનામાનાં બયાનો નં. ૬૦૨/૨૯૫ થી ૬૦૬/૨૯૯ માં આપ્યો છે, જેથી આપની પેઢીઓમાં પણ કોઈ પીરાઈને વારસાગત ન સમજી લે.

પીરમશાયખ (રહે.) થી પહેલાં લગભગ ૨૫૦ વરસોએ (હઝ. સમશુલહક નો સમય) ઈરાકથી સૈયદો હિન્દુસ્તાનમાં આવ્યા હતા. તેમની પાસે દીની ઈલ્મ હતું, તેથી પીર હોવા માટે તે સમયે સૈયદી એક વિશેષ ગુણ ગણાતો હતો.

પીર બદલનારને વેશ્યા જેવો એ માટે ગણવામાં આવતો હતો કે ક્યાંક જાહીલ

મુરીદ અલગ-અલગ પીરની વ્યવસ્થા પધ્ધતિથી ગુંચવણમાં ન પડી જાય, અથવા કોઈ જાહીલ અને દુનિયા પરસ્ત પીરને રવાડે ન ચઢી જાય.

રિવાજી પીર વિશે પીરમશાયખ તરીકતના બયાન નં. ૨૨ માં લખે છે :

**બોતનાંમ પીરા હે જગ માંહાં,**
**સીધી રાહ ઉનુંસુ પાવે નાંહાં. - ૧૫**
**પીર જો હોયે સુ પીર કરના,**
**પીર નિશાની જો મન ધરના. - ૧૬**

(જગતમાં નામધારી પીરો ઘણાં છે, તેઓથી સીધી રાહ નહિ મળે. જેનામાં પીર હોવાનાં લક્ષણો હોય તેને જ પીર કરવો)

પીર હોવાના લક્ષણો માટે જુઓ પ્રકરણ નં. ૫

ફક્ત હિન્દુસ્તાન (ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ) માં જ પીરી મુરીદી છે. દુનિયામાં ૨૧ અરબી ભાષી દેશો છે, જેની બધી વસ્તી મુસ્લિમ છે. તે સિવાય ૪૫ જેટલા બિન-આરબ દેશોમાં મુસ્લિમ વસ્તી ૧૦ ટકાથી ૭૫ ટકા સુધીની છે, તે બધા દેશોમાં પીરી-મુરીદી નથી, માટે તે બધાય ગુમરાહ નથી. હિન્દુસ્તાનના વિશિષ્ઠ સંજોગોને લીધે સુફીઓએ હિન્દુસ્તાનમાં પીરી મુરીદી શરૂ કરી.

આજે પણ ઈરાક, લેબેનોન અને ઈરાન જેવા દેશોમાં પણ પીરી મુરીદી નથી. તેથી જો પીરી મુરીદી વગર ગુમરાહી હોય તો તે દેશોના મુસ્લિમોને પણ ગુમરાહ સમજી તેમની પેરવી કરનારે તેને છોડી દેવી જોઈએ.

પીર મશાયખ (રહે.) એ તરીકત કિતાબમાં પીર બે પ્રકારના બતાવ્યા છે :

૧. **'નબી પીર'** એટલે કે એ માર્ગદર્શક જેની ઉપર અલ્લાહના હુકમો ઉતરે છે, અને જેમને કિતાબ આપવામાં આવે છે.

૨. **'ઉમ્મતિ પીર'** જે નબી (સ.અ.વ.) નો ઉમ્મતિ હોય અને પીર હોય. ઉમ્મતિ પીર નબી (સ.અ.વ.) ની શરીઅતમાંથી મુરીદોને માર્ગ બતાવતો હોય.

આની સમજુતિ માટે જુઓ પ્રકરણ નં. ૪

હિન્દુસ્તાનમાં પીરી મુરીદી અંગત સુધારણા માટે હતી, પૂરા સમાજની પીરીની ધુરા ઉપાડવા માટે નહિ.

**જે જેસા રે કરસી, લેખા વેસા રે ભરસી;**
**કોઈ કીસી કે સાટે, નાં અઝાબમાં પડસી.**

હિન્દુસ્તાનમાં જ પીરી-મુરીદી અસ્તિત્વમાં છે, તો પીર ક્યાં કામ કરે ?

**રાહ બંધાવેને બેદ સુણાવે,**
**હોય રે ખાલિક કે રૂપ બતાવે. - ૯**

**ભુલે જીવું કુ દિખાવે રે પંથા,**
**કાજ હો રાહા કરે એસે ગંથા. - ૧૦**

**પુછને જે આવે ખાલિક રાહા,**
**ઉસકુ દેવા રાહ બતાહા. - ૧૧**

**એસે પીર કુ પીર સહી કેણા,**
**એસે પીર સેતી પંથ જ લેણા. - ૧૪**

(બયાન નં. ૨૨)

**રાહ બતાવે, કિતાબ (કુર્આન) સંભળાવે,**
**અલ્લાહની ઓળખ આપે, માર્ગ ભૂલ્યાને માર્ગ દેખાડે,**
**અલ્લાહની રાહ દેખાડે તેવા પીરને પીર જાણો,**
**અને તેવા ની જ રાહ પકડો.**



પ્રકરણ - ૩

## તરીકત કિતબાની રૂપરેખા

તરીકત કિતાબમાં મુખ્યત્વે નીચેના વિષયો બયાન થયા છેઃ

**૧. આદમ (અ.સ.) જન્નતમાંથી દુનિયામાં :-**

બયાનો નં. ૧ થી ૫ માં અલ્લાહની ઈબાદત અને નબી નૂરનું વર્ણન છે, અને બયાન નં. ૬ માં છે કે પાણીથી બદનની પાકી કરો અને આંતરિક પાકી રાખો તો કરાર રહે અને ધરમ મૂળની પાકી સમજમાં આવે. તે બયાનમાં આદમ (અ.સ.) ની ઓલાદની રૂહોથી અલ્લાહે તેઓનો રબ હોવાનો કોલ લીધો તે બતાવ્યું છે અને એ પણ બતાવ્યું છે કે તે ઓલાદની યાદમાંથી તે કોલને વિસારી દેવાયેલ છે.

પીર મશાયખ (રહે.) પણ લખે છે :

**"યું નાં જાંના જીવ કાંથી રે આવે,**
**નાબુદ થકી કેણે રે નિમાયે.**
**બોતેરે જીવ ભૂલ સબ ગયા,**
**ગમાંન અદકા મન માંહી રહ્યા. - ૧૩"** (બયાન નં. ૫)
(નાબુદ - અસ્તિત્વ ન હોવું)

માણસ તે કોલ ભુલી ગયો, પણ તેનામાં ગુમાન બાકી રહી ગયું. આ બયાનમાં પીરમશાયખ (ર.અ.) લખે છે કે ઘણા સમય સુધી તેમનું મન ઊંચું રહ્યું પછી કિતાબ લખી જેથી કાચા મનના લોકોને તેનાથી માર્ગ મળે, અને અલ્લાહ તેમનાથી રાજી થાય.

બયાનો નં. **૭ થી ૧૦** માં સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન છે. બયાન નં. ૭માં છે કે આગ અને પાણીથી જીનોને બનાવ્યા, અને આદમ (અ.સ.) ની પહેલાં ધરતી ઉપર જીનોનું રાજ હતું, અને જીનોને મકાનની હાજત નથી. બયાન નં. ૮માં પાણીના ફીણમાંથી અલ્લાહે શું શું બનાવ્યું તેનું વર્ણન છે.

બયાન નં. ૯માં છે કે બંદો અલ્લાહની જેમ સૃષ્ટિનું નિર્માણ ન કરી શકે તેવો કમજોર છે. બયાન નં. ૧૦માં તહતુસ્સરા (ઊંડું પેટાળ) નું વર્ણન છે. બયાન નં. ૧૧માં આદમ (અ.સ.) નું માટીથી સર્જન અને શૈતાને બંદાને ભરમાવવા અલ્લાહથી લીધેલું વચન બતાવ્યું છે. તેમાં જણાવ્યું છે કે, આદમ (અ.સ.) ને સડેલા ગારા (માટી, પાણી અને આગના મિશ્રણવાળા) થી બનાવ્યા. તેથી માણસમાં અહંકાર ભરેલો છે. જ્યારે શૈતાનને અલ્લાહે મરદુદ કર્યો ત્યારે તેણે અલ્લાહથી બંદાઓને ભરમાવવાનું વચન લીધું, અને અલ્લાહે તેને તે વચન આપ્યું, પણ અલ્લાહે કહ્યું કે શેતાનના સાથી શેતાન સાથે દોઝખે જશે, અને તેના નેક બંદાઓને તે કોઈ નહિ કરી શકે.

આપ (રહે.) લખે છે :

**તબ શૈતાન બોલા, જાન કે તેરે,**
**પકડ બંદુકુ, રાહ કરૂં મેરે. ૧૭**
**તબ કહા જાતું દોઝખમાંહાં,**
**જે મિલા જાવે તું જેસા સબ સાથ જાંહાં. - ૧૮**
**જે કોઈ બંદા હે મેરે શરણે**
**નાં જા સકેગા વો બદી કરણે. - ૧૯**

બયાન નં. - **૧૨ અને ૧૩** માં જન્નત અને દોઝખનું સર્જન અને દોજખ ભુખી નહી રહે તેવું અલ્લાહે તેને આપેલું આશ્વાસન બતાવ્યું છે અને જન્નતનું વર્ણન પણ કર્યું છે.

બયાન નં. - **૧૩** માં લખ્યું છે કે, આદમ (અ.સ.) જન્નતની ખુશીઓથી એવા અંજાઈ ગયા કે અલ્લાહનો ઉપકાર માનવાનું ધ્યાન હટી ગયું, તો શેતાને તક ઝડપી લીધી, અને તકદીરે લખાયેલી ગફલત તેમનાથી થઈ ગઈ. તે **બયાનમાં જન્નતમાં આદમ (અ.સ.) ને મળેલી નેઅમતોનું વર્ણન છે.** બયાન નં. **૧૪** માં અલ્લાહે બંદાને માટે લખેલી રોઝીની વ્યવસ્થા બતાવી છે, અને બતાવ્યું છે કે, **રોઝી, મૌત અને હયાત અલ્લાહને હાથ છે.** તેમાં લખ્યું છે કે

માંના પેટમાં જીવ આવવાની પહેલાં અલ્લાહે માંના થનમાં દૂધ આવવાની વ્યવસ્થા કરી દીધી. તેમાં લખ્યું છે કે રોજી બંદાને હાથ નથી, માલિકને હાથ છે. અલ્લાહે રોજીનો વાયદો કર્યો છે, અને નેકી અને બદીનો બદલો અજમાલ (મોઘમ) રાખ્યો છે, અને અલ્લાહ આ'અમાલ મુજબ બદલો લેશે, અલ્લાહ બંદા ઉપર જુલમ નહિ કરે. તેમાં લખ્યું છે કે શેતાનને દુશ્મન જાણો, તેણે દાદાથી જન્નત છોડાવી દીધી. શેતાનને મનથી જાણો, તેને આપણા જેવું શરીર નથી.

બયાન નં. **૧૫ અને ૧૬** માં હવ્વા (અ.સ.) નું સર્જન અને શૈતાનનું તેઓને ભરમાવવું બતાવ્યું છે અને તેમની ખતાને કારણે તેમનાં કપડાંનું ઉતરી જવું અને ઝાડના પાંદડા લપેટ્યાનું બતાવ્યું છે. પછી અલ્લાહે તેમને અને તે પાંદડાંવાળાં ઝાડોને પણ જન્નતથી બહાર કર્યાંનું વર્ણન છે.

બયાનો નં. **૧૭ થી ૨૦** માં આદમ (અ.સ.) નું દુનિયામાં રહેઠાણ, તેમની રોઝીનો બંદોબસ્ત તેમની તૌબા અને તેમની ખોયેલી જન્નતમાં પાછા જવાની ચિંતા બતાવી છે. તેમાં આદમ (અ.સ.) ની હવ્વા (અ.સ.) ની શોધ અને તેમનું મીલન બતાવ્યું છે.

બયાન નં. **૨૧** માં પુર્વાપર સબંધ બયાન નં. ૨૦ થી છે. બયાન નં. ૨૦ માં છે કે જ્યારે આદમ (અ.સ.) દુનિયામાં આવીને મુંઝાયા તો અલ્લાહથી માર્ગદર્શનની આશ રાખી. બયાન નં. ૨૦ માં છે :

**એ દોનું અંધારે મેં રે'ના મેરા,**
**પીર બિના ભુલા, બોતેરા. - ૧૩**

(એકઅંધારૂ ''ગફલત'' (થયેલી ભૂલ) નું, અને બીજુ અંધારૂં દુનિયાનું)

પછીનું બયાન નં. **૨૧** એ પીર બિના, પીર બિના, પીર બિના એ વાક્યોથી શરૂ થઈને પુરૂ થાય છે. પણ તેના અંતમાં ઉપસંહાર છે :

**જો પીયુજી મેરા મુજકો રાહ દિખાવે,**
**તો પીર દે મુજકો જો કે મનભાવે. - ૧૪**

ઉપરોક્ત શબ્દો એ આદમ (અ.સ.) ના શબ્દો છે, જે દર્શાવે છે કે તેમણે અલ્લાહથી માર્ગદર્શનની આશ રાખી હતી. **આપ પહેલા માનવ હતા,** એટલે તેમના કોઈ માનવ પીર હોવાની સંભાવના નથી. પછીના બયાન નં. ૨૨ અને ૨૩ માં પીરનાં લક્ષણો બતાવ્યાં છે. પછી બયાન નં. ૨૪ માં છે,

**ગુફ્તા મહંમદ નૂર કા નાંમા,**
**સબરે પીરૂં કા ઉસ જગ ઠાંમા. - ૯**
**મીન અહદ મહંમદ નૂર કા શો'લા,**
**મન લહુલ મૌલા ફ લહુલ કુલ્લા. - ૧૦**

(જેને માટે અલ્લાહ છે, તેને માટે બધું જ છે.)

અહીંયા મહંમદ (સ.અ.વ.) ને અહદથી પીર કહ્યા છે.

બયાન નં. **૨૫** માં છે કે,

**વે પીર તમારા મહંમદ કહીએ,**
**દેખ બડાઈ ઈતની લહીએ. - ૮**
**ખાલીક કીયા એસા કોલા,**
**મન વજદ મોલા, ફ વજદ કુલ્લા. - ૧૪**

(અલ્લાહે એમ કહ્યું છે કે, જેણે અલ્લાહને પામી લીધો એણે બધું જ પામી લીધું, અને તમારા નબી પીર મહંમદ (સ.અ.વ.) છે.)

બયાન નં. **૨૬** માં છે કે,

**રાહ કાજ આદમ આજીજી કીતી,**
**ખાલીક વે આજીજી કબુલ લીતી. - ૧**
**રાહ જો દેખી તો સીધા રે ચલીઆ,**
**હુકમ ખાલીક કા શીશ પર ધરીઆ. - ૩**
**આદમ રાહ પાહીઆ,**
**ફેર વતન તો કીતી આસ રે,**

**ફેર વતન તો કીતી આસ ! - ૧૯**

બયાન નં. <u>૨૭</u> માં ઠપકો છે, અને પછી બયાન નં. ૨૮ માં છે કે,

**આદમ મનમાં બાત બસ રાખી,**
**જેસી બેદમાં રાહા રે દાખી. - ૧૫**
**આદમ રાહ એ કબુલ એ લીતી,**
**બેરી કે ડર સુ નિત જાપ કીતી. - ૧૬ (બેરી - શેતાન)**

બયાન નં. <u>૩૦</u> માં છે કે,

**શૈતાન ભુલાવે ને બદી કરાવે,**
**વે અબુઝ બંદા મરમ નાં પાવે. - ૬**
**રાહ દીખાવન ભેજે પીરા,**
**જે ઢુંઢરે કાઢે હો મન ધીરા. - ૭**

અહીંયા શૈતાનના મકરથી આદમ (અ.સ.) ની ઔલાદને બચાવવા અલ્લાહે જે આદમ (અ.સ.) ની ઔલાદમાં નબીઓને મોકલવાનો સીલસીલો શરૂ કર્યો તેની તરફ ઈશારો છે. <u>**'રાહ દિખાવન ભેજે પીરા'**</u> એ દુનિયામાં આવનાર આવેલા નબીઓના સંબંધે છે.

બયાન નં. <u>૩૩</u> માં છે કે,

**આદમ કુ શરિઅત તો ઘર કી દીતી,**
**કે ભરમ નાં ભુલા, રાહ ચુંકર દીતી. - ૯**
**કાજ ભૂલાને ભરમ સુ મુજે રાહ દિખાઈ,**
**એક મન થિર કર કરૂં રે કમાઈ. - ૧૧**

અલ્લાહે આદમ (અ.સ.) ને શરૂઆતથી (ઘરથી) શરિઅત આપી તો તેમણે બીજી ખતાઅ ન કરી. આદમ (અ.સ.) ખુદ કહે છે કે <u>અલ્લાહે તેમને રાહ દેખાડી છે</u> તો તેઓ તેમના મનને સ્થિર રાખીને નેક કમાઈ કેમ ન કરે !

<u>**ઉપરના બધાં બયાનો મહંમદ (સ.અ.વ.) અને આદમ**</u>

(અ.સ.) અને દુનિયામાં આવનાર નબીઓના સંબંધે છે. પીર મશાયખનું તરીકતનું લખાણ પણ ગુંજ ભર્યું છે, તેથી વાક્ય રચનાઓની અણસમજને લીધે મુહંમદ (સ.અ.વ.) ની સફતોનું અને આદમ (અ.સ.) ની સ્થિતિનું વર્ણન ઉમ્મતિ-પીર (જે પણ હોય કે જેવા પણ હોય) માં નિરૂપણ કરી શકાય નહિ, કે તેને લાગુ પાડી શકાય નહિ.

ઉપરોક્ત બધાં બયાનોનો પૂર્વાપર એ બયાન નં. ૨૦ છે, અને બયાન નં. ૨૧ (જે પીર બિના... એમ કહે છે) નો સાર એ છે કે નબીપીરની રાહ વિના કોઈ બીજી રાહ નથી, નબી વગર ઉમ્મત નથી હોતી. નબીની રીત વગરની ઈબાદત, જીક્ર અને સખાવત પણ વ્યર્થ છે, અને તેને જન્નત (આગલું ઠાંમ) મળતી નથી. અહીંયા ઉપરોક્ત બયાનોમાં મુહંમદ (સ.અ.વ.) અને આદમ (અ.સ.) ના વર્ણનો વચ્ચે કયાંય ઉમ્મતિ પીરો આવતા નથી.

પણ, જે ઉમ્મતિ પીર હોય, સાચા હોય, **૧૪ માંથી કોઈપણ એક ખાનવાદામાંથી હોય (ખાનવાદા માટે જુઓ છેલ્લું પ્રકરણ)** અને તે મુરીદના નફસને કાબુમાં રાખવાનું અને અલ્લાહની નજીક જવાનું માર્ગદર્શન આપતા હોય, અને મુરીદમાં પુરતું ઈલ્મ ન હોય, તો તેવા મુરીદ માટે તેવા પીર વિના અંધારૂ છે, અને એવા પીરના મરવાથી પણ અંધારૂ છે, એમ કહી શકાય : કેમકે એવા પીર પણ રાહ તો નબી-પીર મુહંમદ (સ.અ.વ.) ની જ બતાવતા હોય છે.

જન્નતમાં પાછા જવા માટે ઈમાનનું હોવું જરૂરી છે. માટે આપે (ર.અ.) બયાનો નં. ૨૮ અને ૨૯ માં ઈમાનની સમજ આપી છે.

**૨. ઈમાન :-**

સાથે સાથે બયાનો નં. **૨૮ અને ૨૯** માં **'મિશ્કાતુલ મસાબીહ કિતાબ'** માંથી ઈમાન વિશે લીધેલી હદીષનો ભાવાર્થ બતાવ્યો છે. તરીકત કિતાબમાં ઈમાનનાં ૭ ઘટકો બતાવ્યા છે. ઈમાનનાં પહેલાં ૬ (છ) ઘટકો આ પ્રમાણે બતાવ્યાં છે.

(૧) અલ્લાહ ઉપર ઈમાન

(૨) તેના ફરિશ્તાઓ છે તેની ઉપર ઈમાન

(૩) અલ્લાહના રસૂલો ઉપર ઈમાન

(૪) આખેરતના દિવસ ઉપર ઈમાન

(૫) અલ્લાહની આસમાની કિતાબો ઉપર ઈમાન અને

(૬) તકદીર ઉપર ઈમાન

ઉપરોક્ત છ ઘટકોને તરીકત કિતાબમાં **'મિશ્કાતુલ મસાબીહ'** માં લખ્યા મુજબ હઝરત ઉમર (રઝી.) એ બયાન કરેલી હદીસમાંથી લેવામાં આવ્યાં છે.

**બયાન નં. ૩૦** માં લખ્યું છે કે અલ્લાહે દુનિયાને નેકી અને બદીના પારખા માટે બનાવી છે, એટલે માણસ જેવું કમાશે તેવું ભરશે, અને અલ્લાહ બંદા ઉપર લગારે જુલમ નહિ કરે. શેતાન રાહ ભુલાવે છે, અને તેના ઈલાજ માટે અલ્લાહે નબીઓને મોકલ્યા. બે ફરિશ્તા બંને ખભાઓ ઉપર બેઠા છે અને બંદાની નેકી-બદી લખે છે. આમ બંદાની આ'માલપોથી તૈયાર થઈ રહી છે. નેક બંદાનું આ'માલનામું તેને જમણે હાથે અને બદ બંદાનું આ'માલનામું તેને ડાબે હાથે આપવામાં આવશે.

**બયાન નં. ૩૧** માં ઈમાન સહિત જીવવાનું બતાવ્યું છે. તે બયાનમાં લખ્યું છે કે, તારૂં મન તારે કબજે ન હોય અને તારામાં ઈમાન ન હોય તો ઈમાન વગરનું જીવવું શું ? મૌતનો ડર ન હોવાથી માણસ મમતે ઈમાન ખોઈ બેસે છે. ઈમાન વગરનો માણસ ઘેલો (ગાંડો) છે. તેને તેના હાલની ખબર નથી હોતી. મરીને પાછા ઉઠવાની વાતને માણસ ભુલી જાય છે તો ખાલિક (સર્જનહાર) નો પણ તેને ડર નથી રહેતો. જેને અલ્લાહનો ડર ન હોય તેને કયામતનો અને અમલોનો હિસાબ આપવાનો પણ ડર નથી હોતો. આ બધું યાદ ન રહે તો તમારૂં મન મનમાન્યાં ખેલોમાં રાચતું જ રહે. ઈમાન વગરના આંધળા લોકો બીજાઓને ખાલિક તોલે ગણે છે. જે એક મનથી અલ્લાહને

એકલો જ ન જાણે તે શિર્ક કરે છે. ઈમાન વગર રાહ નહિ મળે, અને મન તમને ભુલાવતું જ રહેશે. જે અલ્લાહની સિફતોને ન જાણે તે પણ રાહ ન પામે. કામિલ પીરથી દીન જાણવાથી રસ્તો ભુલાતો નથી.

બયાનો નં. **31 અને 32** માં ઈમાનનું ૭મું ઘટક શરમ બતાવ્યું છે, તે પણ મિશ્કાતુલ મસાબીહ માંથી લેવામાં આવ્યું છે અને તેના રાવી છે હઝ. અબુ હુરૈરહ (રઝી.).

બયાન નં. **31** માં લખ્યું છે :

**"ઈમાંન સાતુ'કા નાંમ રે, એ સાત મિલ ઈમાંન"**

બયાન નં. **33** માં લખ્યું છે કે, ભરમ ભુલ્યો દોજખે જશે, અને ઈમાન ખોયું તો ક્યાંયનો પણ નહિ રહે. આદમ (અ.સ.) ભુલ્યા તો અલ્લાહે તેમને રાહ દેખાડી.

**3. અમલોનું લખાણ :-**

ઉપરોક્ત બયાન નં. 30 માં લખ્યું છે કે, કિરામીન કાતેબીન ફરિશ્તા બંદાના અમલો લખે છે અને શૈતાન બંદાને બદી કરવા પ્રેરે છે તેનું બયાન છે. બયાન નં. 31 માં ઈમાન સાથે મરવું, મૌતનો ડર રાખવો (પણ મૌત માંગવું નહી) અને ફરિશ્તાઓનું કબરમાં અઝાબ દેવું તે બતાવ્યું છે. ઉપર જણાવ્યા મુજબ બયાન નં. 31માં ઈમાન સાથે જીવવાનું બતાવ્યું છે અને બયાનો નં. 32/33માં શરમને ઈમાનનું ઘર કહ્યું છે, અને કહ્યું છે કે બેશરમમાં શૈતાન વસે છે. જે ઈમાનના ઘર બહાર એકલો રહે તે ભરમ ભૂલ્યાને ઠાંમ મળતું નથી. તે દોઝખે જાય છે.

ઈમાનવાળો હંમેશા મૌતને નજર સામે રાખે છે, અને શરિઅતનો પાબંદ હોય છે. એટલે ઈમાન અને અમલોના લખાણની સમજ આપ્યા પછી પીર મશાયખે (રહે.) મૌત આવવાનું છે તે બતાવ્યું છે, અને મૌત પહેલાં શરિતઅતના પાલનની શીખ આપી છે.

૪. મૌત :-

બયાન નં. **૩૪ અને ૩૫** માં આદમ (અ.સ.) નું અલ્લાહે તેના અમરે કુન (થા, અને થઈ ગયું) થી કરેલું સર્જન, તેમની લાંબી ઉંમર, તેમને આપેલ મૌત, તેમનું અલ્લાહના હુકમોસરનું દુનિયામાં જીવન અને તેમને જન્નતમાં જવા માટે આપેલા મૌતનું બયાન કર્યું છે. તેમાં લખ્યું છે કે આદમ (અ.સ.) ને લાંબી ઉંમર મળી તેમાં તેમણે જોયું કે તેમનો આખરી જમાનો બે-દીનીથી ભરાઈ જવા લાગ્યો છે, તો તેમના ઇમાનને શી રીતે જાળવી શકશે ? તો તેમણે મૌતની ઇચ્છા કરી. તેમણે અલ્લાહનો ડર રાખ્યો તો દુનિયાનું જીવન પસંદ ન કર્યું. આ બયાનોમાં આદમ (અ.સ.) એ આખેરત માટે કરેલ કમાઈ બતાવી છે.

બયાનો નં. **૩૬ થી ૩૯** માં ઇમાનવાળાને મૌતને યાદ કરતા રહેવાની તાકીદ કરી છે અને લખ્યું છે કે તેને મૌતનો અફસોસ નથી હોતો. ઇમાનવાળો તેનું ઇમાન બચી રહે તેવી દુઆ અલ્લાહથી કરતો રહે છે. તે બયાનોમાં માણસનું મૌત, મૌતની સવારી (મરકબ), મૌત વેળા બંદાને શૈતાનનું ભરમાવવું કે રખે ને બંદો જન્નતી ન બની જાય તેનું, અને મૌત વખતે શેતાનનો હુમલો અને બંદાના વણ કલમે થતા મૌતનું બયાન છે. ઉપરાંત તેમાં નબીએ કરીમ (સ.અ.વ.) ની બુઝુર્ગી અને આપને થયેલ મેઅરાજનું બયાન છે, તથા તેમાં અલ્લાહની કિતાબ કુર્આન (ફુરકાન) વિશે સમજ આપી છે. તેમાં લખ્યું છે કે, ઇમાનવાળા બંદાને મૌતથી પ્રેમ હોય છે, પણ તે મૌત માંગતો નથી. બંદાને એ ખબર નથી હોતી કે આગળ (આખેરતમાં) તેની ભુંડી અથવા સારી વલે થવાની છે, એટલે જ તે દુનિયામાં ઇમાન ઉપર મહેનત કરે છે. ઇમાનવાળાને મન મૌત એ વરરાજાની જાનના સરઘસ જેવી છે. જેમ રસ્તામાં ચોરનો ડર હોય તો બંદો જલ્દી ઘરે પહોંચવાની ફીકરમાં હોય છે, તેમ બંદો દુનિયામાં ઇમાન સાચવવું ભારે હોય તો મૌતને વહાલું ગણે છે. કેમકે, મૌત અલ્લાહથી મુલાકાતનો સબબ હોય છે.

કલેમો :

બયાનો નં. ૪૦ થી ૫૦ માં નબીએ કરીમ (સ.અ.વ.) ની બુઝુર્ગીનું અને મેઅરાજનું વધુ વિગતવાર વર્ણન છે. તે બયાનોમાં લખ્યું છે કે, મરતી વખતે જે કોઈ કલમો ન કહી શકે તે અભાગી છે અને કાફીરને તેની સજા દુનિયામાં જ મળી જાય છે કે તેને સળગાવી દેવામાં આવે છે. આપ (સ.અ.વ.) સુલતાનુલ અંબિયા છે. તેમાં લખ્યું છે કે આપની ઉમ્મત પેટ ભરી ખાતી, પણ આપ ફાકાવાળું જીવન ગુજારતા હતા. આપ થોડું ખાઈને અલ્લાહની ઈબાદત કરતા હતા. આ બયાનોમાં નબીએ કરીમ (સ.અ.વ.) ની અલ્લાહથી નીકટતા બયાન કરીને કહ્યું કે આટલા ઉંચા મરતબાવાળા નબીનો કલેમો પાપી (કાફીર) ને નસીબ નથી થતો. જેમ લશ્કર પહેલું પસાર થયા પછી બાદશાહની સવારી આવે છે, તેમ બધી ઉમ્મતો અને તેમના નબીઓ પસાર થઈ ગયા તો સુલતાનુલ અંબિયા (સ.અ.વ.) પધાર્યા. પાછળની આસમાની કિતાબોમાં પણ આપની પધરામણીની એંધાણી આપેલ છે. આપના આવવાથી પાછલી આસમાની કિતાબોનું ચલણ રદ થઈ ગયું. શૈતાન મેવાસ (ચોરોનો વસવાટ) માંથી છે. જન્નતની કુંચી (કલ્મો) ઈમાનવાળા પાસે હોય છે, શૈતાન પાસે નહીં. તેથી નબીએ કરીમ (સ.અ.વ.) નો કલ્મો પઢતા રહો. મુસા (અ.સ.) ને અલ્લાહની મેઅરાજ (કોહીતૂર પહાડ) પર થઈ. તેમ અન્ય નબીઓને પણ ધરતી ઉપર મેઅરાજ થઈ. પણ સુલતાનુલ અંબિયા (સ.અ.) ને આસમાની મે'રાજ થઈ અને પરદા પાછળ અલ્લાહથી તેમની ઘણી વાતો થઈ, (તેનું બયાન પીર મશાયખે મારેફતના બયાનમાં લખ્યું છે). નબીની રાહ એ પાધરી (સીધી) રાહ છે, અને કુર્આનએ શરિઅતનો પાયો છે. તેના હુકમસર ચાલો. જીબ્રઈલ (અ.સ.) જેવું કુર્આન લાવ્યા તેવુંને તેવું નબીએ કરીમ (સ.અ.વ.) એ ઉમ્મત સામે પેશ કર્યું. તે કુર્આન ફરિશ્તાના ઝરીએ મૌખિક વહી હતી અને તે વહીને લખવામાં આવી તે કુર્આન છે. બીજી કિતાબો અને નબીએ કરીમ (સ.અ.વ.) ઉપર આવેલ વહીમાં ફરક કરનાર કલામને ફુર્કાન કહેવામાં આવે છે. તેથી કુર્આનને ફુર્કાન કહે છે. નબી (સ.અ.વ.) ના હુકમને અલ્લાહના હુકમની જેમ

જાણો. નબીએ કરીમ (સ.અ.વ.) જેને હલાલ કર્યું તેને અલ્લાહે જ હલાલ કર્યું એમ જાણો, અને જેને તેમણે હરામ કર્યું તે અલ્લાહે હરામ કર્યું એમ જાણો. (નોંધ : આ બાબતે એક હદીષ 'અબુદાઉદ શરીફ' માં બયાન થયેલ છે)

પછીના બયાનો નં. **૪૫ થી ૫૦** માં નબીએ કરીમ (સ.અ.વ.) ને થયેલ આસમાની મેઅરાજ અને આપના દુનિયામાં પાછા આવવાનું બયાન છે.

જન્નત માટે ઈમાન સાથે મૌત જરૂરી છે, અને ઈમાન સાથે મૌત માટે શરિઅતનું પાલન જરૂરી છે. માટે આપે (સ.અ.વ.) બયાનોના **૫૧ અને ૫૨** માં શરિઅતનું બયાન કર્યું છે.

**૫. શરિઅત :-**

તરીકત કિતાબના બયાનો નં. **૫૧, ૫૨ અને ૫૩** માં નબીએ કરીમ (સ.અ.વ.) ને મળેલ શરિતઅતની અજમત બયાન થઈ છે, અને શરિઅત અફર છે, અને કયામત સુધી ચાલશે તે બતાવ્યું છે. શરિઅતના અમલ પછીના અલ્લાહથી મુહબ્બતમાં આગળ વધવાના તબક્કાઓ સુફીઓએ બતાવ્યા છે. તેમાંથી એક તરીકત છે, જેને શરિઅત પછી એક વધારાનો ગુણ ગણવામાં આવ્યો છે, જે ઈમાનવાળાને કામિલ મોમીન બનાવે છે. તરીકત શું છે તેનું બયાન હવે પછી આવશે. બયાન નં. ૫૪ માં બતાવ્યું છે કે મુહંમદ (સ.અ.વ.) આખરી નબી છે, અને પીર કુર્આન અને સુન્નતથી રાહ બતાવે છે. આ તબક્કે પહોંચવા પીર મશાયખ (રહે.) એ ગુંજ (આત્મ ખોજ) બતાવી છે. તેની સમજ અને ઉદાહરણો બયાનો નં. ૫૭ થી શરૂ થઈ બયાન ૧૧૮ માં પૂરાં થાય છે.

**૬. ગુંજ :-**

ગુંજ એટલે આત્મમંથનથી સ્ત્રોતનો પાઠ કરવો (બહદ ગુજરાતી શબ્દ કોષ ; પ્રો. કે. કે. શાસ્ત્રી). અહીંયાં તેની પરિભાષા એ છે કે શરિઅતની હદમાં રહીને દિલના ઊંડાણથી અલ્લાહની મુહબ્બત પામવાનો પાઠ સમજવો અને તેની ઉપર અમલ કરવો. ગુંજની વધુ સમજ હવે પછીના બયાનોથી જાણવા મળશે.

બયાન નં. **૫૫** માં શીખ આપી છે કે માણસ તેની ઉત્પત્તિને જાણે જે નાપાક કતરાથી તબક્કે તબક્કે માણસ સ્વરૂપની થઈ છે. ગર્ભમાં તે નુતફો, નુતફાથી અલક અને અલકથી મુઝગા બન્યો, પછી તેમાં જીવ નંખાયો, તેનાં પેટ, તેનાં માંસ, હાડકા બન્યા, તેની નાડીઓ અને ખૂન બન્યાં. અલ્લાહે તેનું કોટ જેવું શરીર બનાવ્યું તેમાં ઘણાં કોઠા છે, નદીઓ (નાડીઓ) છે અને તેમાં જીવ વસે છે. તે કોઠાને સમજતાં જ ઉમર પૂરી થઈ જાય. શરીરરૂપી કોટમાં જે જીવ છે તે તેના માલિકને શોધે અને ભરમથી ભુલ્યો રાહ પામી શકતો નથી.

**૭. અંતિમ :-**

કિતાબના અંતમાં પીર મશાયખે (રહ.) તેમને નબીએ કરીમ (સ.અ.વ.) ની સ્વપ્નમાં થયેલ ઝીયારત અને તેમનો પંથ બનાવ્યા છે. બયાન નં. **૧૨૦** માં આપે તેમની વંશાવળી બતાવી, પછી ધરમમૂળને ફેરવી તોળીને બતાવનારાઓની વિરૂદ્ધ મહેશરમાં આપની થનાર ફરિયાદ બતાવી છે.

બયાન નં. **૧૨૧** માં આપ લખે છે કે મુનાફીક મુમનો તેમની પાસે દિલ સાફ રાખી પૂછવા આવે તો તેમની સીધી રાહ મળે તેવી ખુબી અલ્લાહે આપ (રહ.) ને આપી છે. જો તેઓ **પૂર્વગ્રહ રાખીને ફરે તો તેમનાં બદ-નસીબ.** આપ લખે છે કે, અબુ જહલ પણ દિલમાં અદાવત રાખીને આપ (સ.અ.વ.) પાસે આવતો અને આંખો બંધ રાખતો. તેની સાથે જેઓ હતા તેઓ ઈમાન લાવ્યા, પણ તે પોતે કાફીર થઈને મર્યો.

આપ લખે છે કે તેઓ આપ (સ.અ.વ.) ના ઉમ્મતી છે અને અલ્લાહના આઝીઝ બંદા છે, તો મુનાફીક મુમનો તેમની સાથે અદાવત રાખે તેમાં નવાઈ નથી.

## તરીકતી રાહ શું છે ?

અરબી ભાષામાં માર્ગને 'તરીક' કહે છે. એટલે તરીકત એટલે માર્ગ પામવું. આ માર્ગ શરિઅતની સાથે સાથે અલ્લાહની નીકટતા પામવાનો માર્ગ

છે. તરીકત કિતાબમાં શરિઅત અને તરીકત બેઉની સમજ આપી છે, પણ શરિઅતને પાયો કહ્યો છે. તેમાં કહ્યું છે કે, શરિઅત એ ધોરી માર્ગ છે અને તે બધાય ઇમાનવાળાઓ ઉપર ફર્જ છે. તેથી વગર શરિઅતે કોઇનામાં તરીકતમાં પ્રવેશી શકતી નથી.

તરીકત એ ભીતરી નફસ (નફસે અમ્મારાહ) ને નાથી દિલને અલ્લાહની તરફ વાળવાનાં પગથિયાં છે. તે **કિતાબમાં સ્પષ્ટ લખ્યું છે કે, શરિઅતના અમલ વગર તરીકતનાં બધાં પગથિયાં કામનાં નથી.**

તરીકતી શિક્ષણ પધ્ધતિને સુફીઓએ અમલમાં આણી છે. વિષય વર્ણનની ગોઠવણીમાં પીર મશાયખે પહેલાં આદમ (અ.સ.) નું સર્જન, તેમની ઔલાદથી અલ્લાહે તેઓનો રબ હોવાનો લીધેલો કોલ, શૈતાનનું માણસ સાથે મોજુદ હોવું, તેનું આદમ (અ.સ.) ની સાથે જ દુનિયામાં આવવું વિગેરે બતાવ્યું છે, અને પછી ઇમાન અને શરિઅતની ઓળખ બતાવી છે અને તે પછી મરવું બતાવ્યું છે.

સાથે સાથે આપે પીરમાં કઈ લાયકાતો હોવી જોઇએ તેનું બયાન નં. ૨૨ અને ૨૭ માં કર્યું છે.

મૂળ મુદ્દે આ બયાનોનો ખુલાસો એ છે કે માણસ દુનિયામાં મરતાં સુધીમાં શૈતાનથી મુકાબલો કર્યે રાખે, અને અલ્લાહની મુહબ્બતની નીકટ જવા પ્રયત્ન કરતો રહે.

ઉપરના બયાન નં. ૫૨ માં સમજ આપી છે કે, શરિઅતના ઈલ્મ અને અમલ વગરનો માણસ તરીકતમાં પ્રેવશી શકતો નથી, અને શરિઅત અફર છે અને **જ્યાં શરિઅતનું ચલણ છે ત્યાં પીરોનું કોઈ કામ નથી.**

પીરનું કામ મુરીદના નફસને શૈતાની વસવસાઓથી બચવાના ઉપાયો બતાવવાનું છે. પીર એ આ કામની પધ્ધતિનો શિક્ષક છે. **આવું શિક્ષણ ન આપી શકનાર પીર થઈ કે હોઈ શકતો નથી** અને તેવા પીરની પાછળ ચાલ્યે જવું એ ઘેલછાઈ છે.

**વિશેષ નોંધ :-**

(૧) આજે પરિસ્થિતિ એવી ઉભી થઈ ગઈ છે કે મુરીદો પીરની લાયકાત તપાસ્યા વિના જ પીરને **માદરજાત (જન્મજાત) તરીકતી માર્ગે** સમજીને પીર માને છે અને તેમનો સંબંધ પીરના દીદારથી ધન્ય થઈ જવા સુધીનો જ રહી ગયો છે. રિવાજી પીરોએ મુરીદના નફસની ઈસ્લાહનું કામ છોડી જ દીધું છે અને તે કામ તેમના ગજામાં પણ નથી.

(૨) એક સમયે પીરો મુરીદો પાસેથી **હદીયા** એટલા માટે સ્વીકારતા હતા કે તેમનો પૂરો સમય મુરીદોની વ્યક્તિગત સુધારણા પાછળ જતો હોવાથી તેઓ કોઈ રોજગાર કમાઈ શકતા નહતા. તેમ છતાં એવા કેટલાયે તરીકતીઓ છે, જેમણે પોતાના કામ ધંધા પણ કર્યા છે.

(૩) આજે પીરો **કેમ્પ લગાવીને** ફરજીયાત હદીયા જમા કરે છે, તે તેઓનું ગુજરાન ચલાવવા માટે નહીં પણ અઢળક ધન ભેગું કરવા માટે હોય છે, જેની હકીકતવાળા પીરને જરૂરત જ નથી હોતી. પીર તો પોતાની જરૂરતનું પોતાની પાસે રાખી બાકી મળતું અલ્લાહની મખલુક ઉપર ખરચતા હોય છે.

તરીકત ઈમાન ઉપર જોર આપે છે, જે ધરમનું મૂળ છે અને તે કલ્માથી જાહેર થાય છે. ઈમાનની ૭૦ થી વધુ શાખાઓ છે. જેનું વર્ણન પીર મશાયખે તેમના દિવાનમાં કર્યું છે. તેમણે તેમના દિવાનને પણ ધરમ-મૂળ કહ્યું છે.

**"તો રે નામ ઈસકા, ધરમ મૂળ રે આખા,**
**ગુજરી બોલી કાજ, અચસા નામ દાખા.**
**નાંહી તો રે દિવાન, એ હય રે કહાવા,**
**દિવાન રે ઈસકા નામ હય ધરાવા."**

(નૂરનામ : બયાન : ૩૦)

(ગુજરી બોલીમાં તેને ધરમ-મૂળ નામ આપ્યું છે, પરંતુ અસલમાં તેને

દિવાન કહે છે.)

પીર મશાયખે (રહે.) પોતે જ લખ્યું છે કે પીરી-મુરીદી ફક્ત હિન્દુસ્તાનમાં જ છે, બીજે નથી. તેથી **'પીર બિના ચલતા તો આદમ રે રે'તા'** આ કડીને ઉપરોક્ત વાણીના સાથે સમજવી જરૂરી છે, તો હવે આ કડીને પણ સમજી લઈએ.

> પીર મશાયખ (રહે.) નું દિવાન (ગઝલ સંગ્રહને દિવાન કહે છે). નીચેની કિતાબોમાં સંઘરાયેલુ છે.
>
> (૧) નૂરનામા (૨) મે'અરાજનામા (૩) ગઝવા, (૪) ગિરદીયહ (૫) મો'જિઝાત (૬) વિસાલનામા (૭) ખુલફાએ રાશેદીન (૮) મક્તુલનામા ભાગ-૧ (૯) મક્તુલનામા ભાગ-૨ (૧૦) ઈમાન ભાગ-૧ (૧૧) ઈમાન ભાગ-૨ (૧૨) ઈબાદત ભાગ-૧ (૧૩) ઈબાદત ભાગ-૨
>
> અને (૧) સીડીયોની ફસલ (૨) નાનું નૂરનામું (૩) નાનુ મુરનામું (૪) હાદી ધરમ અને (૫) તરીકત.
>
> ઉપરોક્ત કિતાબોની અસલ હસ્તલીખીત પ્રતો જમા થઈ ગઈ છે, અને ફરમાઈશથી કલર ઝેરોક્ષમાં મળી શકશે. સાથે સાથે ગુજરી બારાખડીના ઉકેલની ચાવી પણ હશે, એવી વ્યવસ્થા થઈ રહી છે.

ઉપરોક્ત રૂપરેખામાં પીર મશાયખ (રહે.) એ ગુંજને બયાનો નં. ૫૭ થી ૧૧૯માં ઉદાહરણો આપીને સમજાવી છે. જે પ્રકરણ નં. ૭ માં આવે છે. આ ઉદાહરણો એટલાં સરળ છે કે સામાન્ય માણસ પણ ઉદાહરણથી ગુંજને સમજી શકે. પ્રકરણ નં. ૭ માં દરેક ઉદાહરણના બયાન નંબરના હવાલા આપ્યા છે.

## પ્રકરણ - ૪

# પીર બિના ચલતા તો આદમ રે રે'તા.

ઉપરોક્ત પંક્તિ આદમ (અ.સ.) અને અલ્લાહ વચ્ચેના સંબંધે છે, જે હવે પછીનાં પાનાંઓ ઉપરથી જાણી શકાશે.

પીર મશાયખ (રહે.) એ પીરથી મુરાદ માર્ગ સૂચક કહ્યું છે અને પીર બે પ્રકારના બતાવ્યા છે. જેમ કે, તરીકતના બયાન નં. ૫૨ માં કહ્યું છે :

**પીર આઝ કુ કલકે મહંમદ કહીએ,**
**તો ગુંજ કા મારગ ઉનુંસુ લહીએ. - ૨૨**
**પીર જો રબને નબી કુ કીતા,**
**તો ગુંજ કા મારગ યું મન દીતા. - ૨**

અને બયાન નં. ૫૪ માં કહ્યું છે :

**પીર મહંમદ છેહ સંઘ કેરે,**
**મહાદન શફાઅત ઉનુંકી લહીએ. - ૨**

અહીંયાં માર્ગદર્શક નબીને પીર, એટલે નબી-પીર કહ્યા છે, અને પછી બયાન નં. ૫૪ માં કહ્યું છે

**તો બયાંન રે રહા સહી મહંમદ કેરા,**
**ઉસ માંહેથી દિખાવે પીર રાહ બોતેરા. - ૧૧**
**પીર જે દુજે ઉનુ પીછે આવે,**
**વે રાહ નબી કી જીભે બતાવે. - ૧૨**
**કુરાંન જૈસા એ પીર રે આખે,**
**જે મહંમદ કહીયા વે ખોલ કર દાખે. - ૧૩**

અહીંયાં માર્ગસૂચક જે નબીની ઉમ્મતમાંથી હોય તે નબીની રાહ મુજબની અને કુર્આન મુજબની રાહ બતાવે. તેથી તે પીર એ ઉમ્મતી પીર છે.

પીર શબ્દનો અર્થ અહીંયા માર્ગસૂચક બતાવ્યો છે. **નબી-પીર અલ્લાહના હુકમો બતાવે છે અને ઉમ્મતી પીર નબીની રાહ બતાવે છે.**

નબીની ઉપર વહી આવતી હોય છે, જ્યારે ઉમ્મતી પીર ઉપર વહી નથી આવતી. તેથી ઉમ્મતી - પીર નબીની શરિઅતની હદમાં રહીને જ માર્ગ સૂચવે છે.

બયાન નં. **૨૧** માં કહ્યું છે કે, પીર વિના દુનિયા ઘોર અંધારી, તો તેનો અર્થ પણ સમજી લઈએ :

પીર મશાયખ (રહે.) લખે છે :

**પહેલાં સરેવું ખાલીક અપના,**
**કે રાતને દીન એ જાપ હે જપના. - ૧**
**પીર દલીલ ખાલીક કેરી,**
**તો મખલુક પીર સબુસુ સવેરી. - ૨**
**રેહબર પહેલાં સબુ રે ન આવે,**
**તો બાટ બટાઉવા કોન બતાવે. - ૩**
**નાંહે જમીં રે જિસ દિન આસમાન કો હી,**
**થે તીસ દિન પીરને ખાલીક દોહી. - ૪**

(બયાન નં. ૧, તરીકત)

અહીંયાં નબી પીરને અલ્લાહને ઓળખવાનો જરિયો બતાવ્યો છે. તેનો સંબંધ નબી (સ.અ.વ.) થી છે. જ્યારે જમીન-આસમાન કાંઈ નહતું ત્યારે અલ્લાહ અને નબી નૂર હતાં. **ત્યારે આજના ઉમ્મતિ પીરોનું અસ્તીત્વ જ નહતું.**

શેતાને અહંકાર કર્યો અને આદમ (અ.સ.) ને દુનિયામાં મોકલ્યા. તેમના અને તેમની ઓલાદના માર્ગદર્શન માટે નબીઓને મોકલવાનો મનસુબો બનાવી રાખ્યો હતો. બયાન નં. ૨ માં છે : પહેલાં મખલુક આવી, પછી વાટ બતાવનાર નબી આવ્યા.

પણ થા ઉસ દિન ગમાંન અંકારા,
ઉસસુ ભુલે જીવ અપારા. - ૫
તીસ કારણ પીર તે'કીયા,
ભાર આપસ કે શિર નાં લીયા. - ૧૭

આ વાત પણ રૂહાની દુનિયાની છે. તીસરા કારણ 'પીર તે' કીયા' એ શબ્દોનો સંબંધ નબીએ કરીમ (સ.અ.વ.) થી છે. કેમકે વાત આદમ (અ.સ.) ની ખલકત સમયની છે. એટલે તેને આજના પીરોથી જોડી ન શકાય.

બયાન નં. ૨૦ માં છે કે આદમ (અ.સ.) એ કહ્યું :

ગફલત ચાદર પરદા કીયા,
ઉસ માંહે રે'વે મેરા જીયા. - ૧૧
એ દોનું અંધેરે મેં રે'ના મેરા,
પીર બિન ભુલા બોત બોતેરા. - ૧૨
બંદેકુ પીર બિના રાહ કોન કે'વે,
જો કદી બંદે કુ પીર ન દેવે. - ૧૩.

આદમ (અ.સ.) પહેલા જ માનવ હતા એટલે એમના માનવ પીર હોવાની સંભાવના જ નથી. તેમનો પીર (માર્ગદર્શક) તેમની આશ મુજબ અલ્લાહ પોતે જ બન્યો, અને તેમની ઓલાદમાં નબીઓને મોકલ્યા. આ વાત પણ આલમે-અરવાહના સમયની છે.

તેથી બયાન નં. ૨૧ માં છે :

**પીર બિના દુનિયા ઘોર અંધારી,**
**પીર બિના સતપંથ ન ધર્મ આચારી. - ૧**

તે બયાનમાં પછી પીર બિના ચલતા તો... પીર બિનાચલતા તો... પીર બિના ચલતા તો... એ રીતની પંક્તિઓ શરૂ થાય છે. આ પંક્તિઓનો અભ્યાસ એ બતાવે છે કે, તેનો સંબંધ પણ નબી (નબી પીર) થી છે, કે નબી વગર દીન નથી હોતો, અને દુનિયા નબીની રાહ વગર અંધારી છે.

**જો પીરજી મેરા મુજે રાહ દેખાવે,**

**તો પીર દે મુજકો જો કે મુઝ તન ભાવે. - ૨૪.**

આ શબ્દો ખુદ આદમ (અ.સ.) ના છે, અને તેમના દુનિયામાં આવવાના સમય પહેલાનાં છે. તેથી તે બયાન આખું ઉમ્મતિ પીરના સંબંધે નથી, પણ અલ્લાહથી માર્ગદર્શનની આશ સંબંધે છે, અને તેમની ઓલાદમાં આવનાર નબીઓ સંબંધે છે.

પછી બયાન નં. **૨૨** અને **૨૩** માં ઉમ્મતિ પીરનાં લક્ષણો બતાવ્યા છે. વળી બયાન નં. **૨૧** ની એક કડી આ પ્રમાણે છે :

**જો પીર રે બિના ચલતા, તો આદમ રે રે'તા,**

**અરજ તો પીરકી પીયાકુ ના કે'તા. - ૧૩**

જ્યારે આદમ (અ.સ.) એ જન્નતમાં મના કરેલ ઝાડનું ફળ ખાઈ લીધું તો પછતાયા અને રાહ શોધવા માટે અલ્લાહથી અરજ કરી અને અલ્લાહે તેમને તવબહના શબ્દો શીખવ્યા. કુર્આનમાં છે :

**"ફતલક્કા આદમુ મીર્રરબ્બીહી કલેમાતીન ફતાબ અલયહી ઈન્નહુ હુવત્તવ્વાબુર્રરહીમ"** (સુ. બકરહ : આયત નં. ૩૭).

(પછી આદમે પોતાના રબ પાસેથી તવબાહના અમૂક શબ્દો શીખી લીધા, તો તેણે તેમની દુઆ કબુલ કરી. બેશક, તે જ તવબહ કબુલ કરનારો અને રહેમ કરનારો છે.)

એટલે અલ્લાહે આદમ (અ.સ.) ની અરજ પછી તેમને તવબહનો રસ્તો બતાવ્યો. **અરજ તો પીર કી પીયા કુ ન કેતા...** એ શબ્દોનો અર્થ આદમ (અ.સ.) ની અલ્લાહથી માર્ગદર્શન મેળવવાની આશ (અરજ) છે.

તેમની તવબહ પછી અલ્લાહ એ તેમને માર્ગદર્શન આપ્યું કે તેઓ જમીન ઉપર જાય. કુર્આનમાં છે :

**"કુલ નહબીતુ મીન્હા જમીઅન ફઈન્નમા યાઅતીકુમ મીન્ની**

<u>હુદઉં ફમન તબેઅ હુદા ફલા ખવફુન અલયહીમ વલા હુમ યહઝનુન''</u> (સુ. બકરહ : આયત નં. ૩૮).

**("અમે કહ્યું તમે બધાં અહીંથી ઉતરી જાઓ. પછી મારી તરફથી કોઈ હીદાયત આવે તો જે લોકો મારી હીદાયતની પેરવી કરશે તેમને માટે કોઈ ભય ન હશે અને ન જ તેઓ દીલગીર થશે".)**

કુર્આનમાં એ પણ છે કે પછી તેના રબે તેને સ્વીકારીને નવાજ્યો, તેની તવહબહ કબુલ કરી અને હીદાયત પ્રદાન કરી (સુ. તાહા : આયત નં. ૧૨૨)

તરીકતના બયાન નં. ૨૦માં છે કે, આદમ (અ.સ.) ઉપર દુનિયાનું અને ગફલતનું અંધારૂ છવાયેલું હતું. તેથી તેમને વિમાસણ હતી કે જન્નત પાછી શી રીતે મળશે ? તેથી તેમણે દુઆ માંગી :

<u>**"રબ્બના ઝલમના અનફુસના વ ઈલ લમ તગફીર લના વતરહમના લકુનન્ન મીનલ ખાસીરીન"**</u> (સુ. અઅરાફ : આયત નં. ૨૩).

(હે અમારા રબ ! અમોએ અમારી જાનો ઉપર જુલમ કર્યો, અને જો તું અમોને માફ નહીં કરે તો અમે નુકસાનમાં રહીશું.)

આ દુઆ આદમ (અ.સ.) અને હવ્વા (અ.સ.) એ બંનેએ માંગી હતી, તેથી તેના શબ્દો બહુ વચનમાં છે.

**'અરજ તો પીર કી પીયાકુ ન કેતા'** તે વાક્યનો અર્થ એ છે કે આદમ (અ.સ.) એ તેમના પીયા અલ્લાહથી અરજ કરી તો અલ્લાહે તેમને માર્ગદર્શન આપ્યું. તેમને તેમની ભૂલના ઉકેલની જરૂરત હતી અને તે પૂરી થઈ. બયાનનો હેતુ માર્ગદર્શકની જરૂરત હોવાનો છે અને આદમ (અ.સ.) ની બાબતમાં અલ્લાહ પોતે જ તેમનો માર્ગદર્શક બન્યો.

દુનિયાના પહેલાં માનવનું માર્ગદર્શન અલ્લાહે આ રીતે કર્યું. તે પછી આદમ (અ.સ.) ની ઓલાદનું માર્ગદર્શન અલ્લાહે જે તે માનવ સમૂહને નબી-

પીર આપીને કર્યું. જેનો સીલસીલો મુહંમદ (સ.અ.વ.) સુધી ચાલ્યો.

પીર મશાયખ (રહે.) ઈમાન ભાગ-૨ ના બયાન નં. ૧૮૯૪/૭૪ માં લખે છે કે, જ્યારે અલ્લાહે આદમ (અ.સ.) ની ઔલાદની રૂહોને કીડીઓની શકલમાં તેમની પીઠથી બહાર કાઢીને અલ્લાહ તેમનો રબ હોવાનો કોલ લીધો તેમાં તેમની **નસલમાં થનાર નબીઓની રૂહો પણ હતી** અને તે નબીઓની રૂહોથી અલ્લાહે તેના હુકમો બંદાઓ સુધી પહોંચાડવાનો કોલ પણ લીધો હતો. એટલે આ નબી-પીરોને પણ અલ્લાહે તેની પૂર્વ યોજના મુજબ તૈયાર કર્યા હતા. અલ્લાહે જે પોતે રબ હોવાનો કોલ લીધો તે બયાન પણ ઈમાન - ભાગ-૨ ના બયાન નં. ૧૮૯૦/૭૮ માં પણ છે. હવે બીજા નબી આવનાર નથી. માટે નબીએ કરીમ (સ.અ.વ.) ની ઉમ્મતના માર્ગસૂચકો ઉમ્મતના ઉલ્માઓ છે, જેઓ કુર્આન અને સુન્નતથી જ માર્ગસૂચન કરી શકે. માર્ગસૂચક આલીમ હોવો જોઈએ.

પીર મશાયખ (રહે.) લખે છે :

**પીર તો આલીમ તમે એવો લાવો રે લાવો,**<br>
**કે દીન નબીની વાટ જાને રે હોં જાને;**<br>
**હુકમ તો તેનો ફેરવો વારૂ નાંહ઼ા,**<br>
**જો અલા - નબીને માને રે માને.**

(સીડીઓના બયાનમાંથી)

ઉપર જે 'અલા-નબી' શબ્દો છે, તેની ખરાઈ જેને જાણવી હોય તે આ વિશ્લેષકની કિતાબ 'પીર મશાયખ (રહ.) નો મઝહબ' નું પરિશિષ્ઠ-૪ જુએ. તેમાં અસલ ગુજરીલીપીમાં લખાયેલ બયાનની ફોટો નકલ મુકેલી છે, તે બયાન (પંક્તિ) માં 'અ' ને કાંઈ નથી અને 'લ' ને કાનો છે, તે શબ્દો અલા-નબી છે, આલે-નબી નથી. તે લખાણની ફોટો કોપી જે સીડીઓની ફસલની હસ્ત લીખીત કિતાબના પાનાં નં. ૧૩૩ ઉપર છે તેને પણ અહીંયાં મૂકી છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible] અંતર [illegible]

[illegible] તેવુ [illegible]

[illegible]

[illegible]

[illegible] કલાનુ [illegible]

[illegible] રતંગમાં [illegible]

[illegible]

[illegible]

[illegible] કલાનુ [illegible]

**વિશેષ નોંધ :**

**હાદી :-**

કુર્આનમાં જ્યાં **'હાદી'** શબ્દ છે તે નબી માટે છે. માર્ગસૂચક પીરને હાદી (હીદાયત આપનાર) કહી શકાય નહીં. પીરને હાદી કહેવું એ પીરને નબીને દરજ્જે લઈ જવાની વાત છે. વળી પીર મશાયખ (રહે.) એ પણ જેનો દરજ્જો જે હોય તેનાથી વધારવાની મના કરી છે.

તરીકતના બયાન નં. **૨૧** માં આ પ્રમાણે છે.

**'જો પીયુ જી મેરા મુજે રાહ દિખાવે,**
**તો પીર દે મુજકો જો કે મન ભાવે. - ૧૪'**

આદમ (અ.સ.) ની અરજ - આજીજી પછી અલ્લાહે તેમને રાહ બતાવી તો તેમનું મન રાજી થયું જેવું કે સુરહ બકરહની આયત નં. ૩૮ માં છે. આદમ (અ.સ.) ના પીર જન્નતમાં કોઈ ન હતા, ન તો કોઈ દુનિયામાં પીર હતા. જે નબી-પીરો થયા તે બધા આદમ (અ.સ.) ની ઔલાદમાંથી થયા.

અલ્લાહ કહે છે :

**'અલ યવમ અકમલ તો લકુમ દીનોકુમ વ અતમમતો અલયકુમ નેઅમતી વ રઝીતો લકુમ ઈસ્લામ દીના'** (સુ. માઈદહ - આયત નં.૩).

(આજે મેં તમારે માટે તમારો દીન પરિપૂર્ણ કરી દીધો અને મારી નેઅમતો તમારી ઉપર પૂરી કરી દીધી અને તમારે માટે દીને - ઈસ્લામને પસંદ કરી લીધો.)

આપ (રહે.) લખે છે :

**દેખો રબને આયત, થી પે'લી રે ભેજાઈ;**
**દેખો ઓસથી ખબર, સહી સાચી થી પાઈ. - ૧**

સો અરફા કે દિન, આઈ થી સુણાઈ;
સો અરફાત ઠામા, ઐસી ખબર પાઈ. - ૨
કે તમામ કીયા, નબી તમારા દીના;
તમામ નીયામત તમુ પર, કીતી એ દંન મેંના. - ૪
ભી રાજી હુવા તમુસુ, મૈં ઈસ્લામા;
દેખો એસા રબકા, જબ આયા રે કલામા. - ૫
(વિસાલનામા : બયાન નં. ૮૩૮/૬૪)

જ્યારે અલ્લાહ પોતે દીને - ઈસ્લામને પરિપૂર્ણ કહી દેવાની જાહેરાત કરે છે ત્યાં હવે **'હાદી'** આવવાની કે **'હાદી'** હોવાની કોઈ ગુંજાયશ નથી રહેતી.

તરીકતનું બયાન નં. ૨૧ સમજાવે છે કે શૈતાની હુમલામાં કોઈ અટવાઈ જાય તેની દુનિયા અને આખેરત અંધારી થઈ જશે, અને જે કોઈ શૈતાની માર્ગે હશે તે શરિઅતના બંધનોને ફગાવી દેશે.

જો પીર જ અંધારે બેઠા હોય તો મુરીદને અજવાળુ કોણ દેખાડે ? જુઠો પીર નિરર્થક તસ્બીહો અને નિરર્થક સખાવતોનો રસ્તો દેખાડે છે. તેનાથી મુરીદને દુનિયા અને આખેરતમાં તેવા પીરથી કોઈ ફાયદો થતો નથી. દુનિયા પરસ્ત પીરો કેવા લાગા ઉઘરાવે છે તે જુઓ :

**નોંધ :-**

**(૧) દર્શોંદ :-**

દુનિયાદાર પીરોએ મોમીનોના એક વર્ગને પીરાણો બનાવી દીધો, જેમને મુરીદોની આવકના દશમા ભાગનો લાગો લેવામાં જ રસ હતો. ઈસ્લામી શાસન જમીન મહેસુલ (ખેરાજ) તરીકે આવકનો દશમો ભાગ (ઉશર) વસુલ કરે છે અને તે વસુલીનો હક ફક્ત ઈસ્લામી શાસનને જ છે. તેમ છતાં પીરાણાં પીરો આ ખેરાજ વસુલીને પોતીકો કરે છે. જે જમીનમાં ઉપજ સિંચાઈથી થતી હોય તેની ઉપર જમીન મહેસુલ આવકનો ૨૦મો ભાગ છે. જે ૫ ટકા થાય છે, પાંચમો ભાગ નહીં.

(૨) ખૂમ્સ :-

ખૂમ્સનો અર્થ થાય છે પાંચમો ભાગ. ખૂમ્સ વિશે અલ્લાહનો હુકમ જાણો કુર્આનથી :

**"માલે ગનીમતનો પાંચમો ભાગ (ખૂમ્સ) અલ્લાહના રસૂલ, તેમનાં સગાઓ, ગરીબો, યતિમો અને મુસાફરો માટે રાખી બાકીનો મુસલમાનો આપસમાં વહેંચી લે"** (સુ. અનફાલ : આયત નં. ૪૧)

ખૂમ્સનો હુકમ માલે ગનીમત સુધી સિમિત છે. માલે ગનીમત તેને કહે છે જે માલ જેહાદમાં કાફીરો મુસલમાનો સાથે લડાઇમાં પાછળ છોડી જાય.

ખૂમ્સ ફક્ત અલ્લાહના રસૂલ અને તેમના સગાઓ અને ઉપરોક્ત આયતમાં બતાવેલા લોકો માટે હતું અને તે જેહાદી માલે ગનીમત સંબંધે હતું. રસૂલુલ્લાહ (સ.અ.વ.), તેમના સગાંઓ તેમજ તેમની ઔલાદ માટે ઝકાત અને સદકા ખાવું હરામ હોવાથી અલ્લાહે તેમને માટે ખૂમ્સ રાખ્યું.

આ આયતમાં ક્યાંય એમ નથી કે જેહાદ સિવાય પણ નબીએ કરીમ (સ.અ.વ.) ની ઔલાદ કે કોઈ અન્ય ખૂમ્સ ઉઘરાવી શકે, અને ખૂમ્સનો હુકમ જ્યારે જેહાદો થતી તે વખતનો છે. આજે કોઈ જેહાદો નથી. ખૂમ્સ ઉમ્મતની કમાઇને લાગુ પડતું નથી. તે ફક્ત જેહાદના માલ સુધી સિમિત છે. તેમ છતાં કેટલાક મઝહબી પેશવાઓ મુસલમાનોની કમાઇમાંથી ખૂમ્સ લઈને તેને પોતીકો કરી રાખે છે.

મુંઝાતા નફ્સને અકળ વકળ થતો અટકાવવા માટે પીર મુરીદને તેના ઉપાયો સૂચવે છે અને મુરીદ ઉપર જાતી દેખરેખ રાખે છે. તેનાથી વિશેષ પીર નું કોઈ કામ નથી.

તરીકતના બયાન નં. ૨૧ માં છે.

**"પીર બિના મન કા છોડો રે હાવા,**
**પીર બિના પિયુ કે મનનાં ભાવા. - ૧૦"**

પીરની દોરવણી વગર માણસનું તેના નફસ (હવા) ને મહાત કરવું મુશ્કેલ છે અને હવા (નફસ) મહાત ન થાય તો અલ્લાહ ઉપર બંદાને ભાવ ન ઉપજે.

તરીકતના બયાન નં. ૫૪ માં છે કે :

મુહંમદી રાહ અફર અને કાયમી છે, અને મુહંમદ (સ.અ.વ.) આખરી નબી છે. આપની ઉમ્મતમાંથી કોઈ માર્ગસૂચક (પીર) હોય તે મુહંમદી શરિઅતમાંથી જ માર્ગ બતાવી શકે. જો પીર મુહંમદી શરિઅતથી નોંખી રાહ બતાવે તો તે પોતે જ નબી બની ગયો અને તેની પોતાની શરિઅત લાવ્યો ગણાય. પીર ગુંજની રાહ કુર્આન અને સુન્નતમાંથી જ બતાવી શકે અને તરીકત એ શરિઅતનું સ્થાન લઈ શકતી નથી.

પુરૂં બયાન નં. ૨૧ અલ્લાહની મુહબ્બતની નીકટતા સંબંધે છે. જો પીર કામીલ હોય તો રસ્તો સરળ થાય છે, નહીં તો ગુંચવાઈ જાય છે. તરીકત એ શરિઅતના અમલ પછી જ છે. કોઈનામાં (પીરમાં) જન્મજાત તરીકત હોઈશકતી નથી. કેમકે પીરે પણ પહેલાં બાલીગ થઈને શરિઅત ઉપર આવવું પડે છે.

બયાન નં. ૨૧ માં છે :

**"પીર બિના ભુલા જે હોય રે અંધા,**
**પીર બિના તસ્બી સો દુનિયા કા ધંધા. - ૪"**

અને

**"પીર બિના જપની અને તપની કમાવે,**
**પીર બિના ઉસકા ફલ ના પાવે. - ૫"**

(બયાન નં. ૨૧)

જપની એટલે જીક્ર અને તપની એટલે ઈબાદત. આ પંક્તિઓનો સંબંધ નબી-પીર સાથે છે કે નબીની રાહ વગરની તસ્બીહ અને સખાવતો વ્યર્થ છે. જેમકે કોઈ મુશરીક ગમે તેટલા જાપ જપે કે દાનો કરે તો તેનો તેને કયામતમાં

કોઈ બદલો મળશે નહિ. જો ઉમ્મતી પીર વગર તપની અને જપની વ્યર્થ હોય તો પીરી-મુરીદીનો ફક્ત હિન્દુસ્તાનમાં જ છે; તો શું બાકી આલમે ઈસ્લામની તપની અને જપની વ્યર્થ ગણાશે ?

કુર્આનમાં અલ્લાહ તેનો જ જીક્ર કરવાનું કહ્યું છે :

(૧) "જે રહમાનની યાદથી ગાફેલ થઈ જાય છે, તેની ઉપર અમે એક શૈતાન મૂકી દઈએ છીએ. એ એનો સાથી બની જાય છે." (સુ. ઝુખરૂખ : આયત નં. ૩૬)

(૨). "જ્યારે (જુમ્આની) નમાઝ પૂરી થઈ જાય તો જમીનમાં ફેલાઈ જાઓ અને અલ્લાહનો ફઝલ તલાશ કરો અને અલ્લાહનો ખૂબ ખૂબ જીક્ર કરો. જેથી તમે કલ્યાણ પામો." (સુ. જુમુઆ : આયતન નં. ૧૦)

(૩) "જેમની હાલત એ છે કે, ઉભા-ઉભા, બેઠાં-બેઠાં અને સુતાં-સુતાં અલ્લાહને યાદ કરે છે અને આકાશો તથા જમીનની બનાવટમાં ચિંતન કરે છે (તેઓ પોકીર ઉઠે છે) હે અમારા પરવરદિગાર ! આ બધું તે વગર હેતુનું નથી સરજ્યું." (સુ. આલી ઈમિરાન : આયત નં. ૧૯૧)

(૪) "જ્યારે તમે નમાઝ અદા કરી લો, તો અલ્લાહને યાદ કરો. ઉભા-ઉભા, બેઠાં-બેઠાં તથા સુતાં-સુતાં" (સુ. નિસાઅ : આયત નં. ૧૦૩)

(૫) "પોતાના પરવર દિગારને સવાર-સાંજ યાદ કરો. મનમાં અને મનમાં આજીજી અને ડર સહિત અને મુખેથી ધીમા સાદે અને ગાફેલ ન થઈ જાઓ." (સુ. અઅરાફ : આયત નં. ૨૦૫)

નબીએ કરીમ (સ.અ.વ.) હદીષ છે કે શ્રેષ્ઠ ઈબાદત નમાઝ છે અને શ્રેષ્ઠ ઝીક્ર કુર્આનનું વાંચન છે.

ઉપરની આયતો દર્શાવે છે કે, જીક્ર પણ અલ્લાહ અને નબીના કહ્યા મુજબના હોવા જોઈએ.

**"આદમ તો રાહ ભુલીયા, જો પીર ન હુઆ સાથ રે"**

આ કડીમાં એક દ્રષ્ટાંત અપાયું છે તેનો મર્મ એ છે કે જ્યારે આદમ (અ.સ.) થી ભૂલ થઈ ગઈ તો તેની પહેલાં તેમને માથે ચેતવનાર કોઈ નહતું કે આવી ભૂલ ન કરતા. તે વખતે આદમ (અ.સ.) વગર બીજી કોઈ માનવ વસ્તી નહતી. તેથી તેમને ચેતવનાર ફક્ત અલ્લાહ જ હતો.

આદમ (અ.સ.) અને હવ્વા (અ.સ.) ને અલ્લાહે જન્નતનાં સુખચેનમાં રાખ્યાં હતા. તેથી તેઓએ અલ્લાહના આભારી બની ખુદ ચેતતા રહેવાની જરૂરત હતી અને અલ્લાહની આજ્ઞા પાળવાની જરૂરત હતી. પણ તેઓની ઉપર શૈતાની દાવ ચાલી ગયો.

તરીકત એ શૈતાની દાવથી બચવાની રીતો બતાવે છે.

આદમ (અ.સ.) માર્ગદર્શન વગર ન રહી શક્યા. કેમકે, તે વગર તેમને જન્નત પાછી મળવાની ઉમ્મીદ નહતી અને તેમને માર્ગ સુજતો નહતો. તેમની અરજથી જ અલ્લાહે તેમને માર્ગ દર્શાવ્યો. એ સંબંધ માટીના માણસ આદમ (અ.સ.) અને નિરંજન નિરાકાર અલ્લાહ સાથેનો હતો, કોઈ ઉમ્મતી-પીર સાથેનો નહતો. તેથી માર્ગસૂચકની જરૂરતનું દ્રષ્ટાંત આપતા કહ્યું છે :

**"જો પીર રે બિના ચલતા તો આદમ રે રે'તા,**
**અરજ તો પીરકી પીચાકુ ન કે'તા."**

આ કડીનો મૂળ અર્થ આદમ (અ.સ.) ની માર્ગદર્શનની આશ છે, પીરી મુરીદીનો રિવાજી સંબંધ નહીં.

જેની પાસે કુર્આન-સુન્નતના ઈલ્મ વગર કોઈ સુજ નથી, તેને કામીલ ઉમ્મતિ પીરની જરૂરત પડે અને જેની પાસે ઈલ્મ અને અમલ છે, તેને તેની જરૂરત ન પડે. તેથી જ કહ્યું છે :

**"હિન્દુસ્તાનમાં પીર કા મકામા,**
**અવર મુલ્કમાં નાં પીર કા ઠાંમા."**

આદમ (અ.સ.) ને દુનિયામાં નાંખ્યા તો અલ્લાહે કહ્યું : 'તમારે અહીંયા દુનિયામાં જ જીવવાનું છે અને અહીંયા જ મરવાનું છે અને

**તમારી રોજી દુનિયામાં શોધવાની છે.'**

તેમની રોજીનો બંદોબસ્ત તો થઈ ગયો, પણ માર્ગદર્શન માટે અલ્લાહથી તેમની 'આશ' બાકી રહી, જેથી તેઓ ફરીથી ગફલતમાં ન પડે. આદમે (અ.સ.) તૌબા કરી અને તેમની ઔલાદ માટે પણ નબીઓનો આવવાનો ક્રમ અલ્લાહે શરૂ કર્યો. એ નબીઓ તેમની જે તે ઔલાદના 'નબી પીર' થયા.

**એટલે પીર રે બિના ચલતા તો... નો અસલ અર્થ આદમ (અ.સ.) એ અલ્લાહથી માંગેલ દોરવણી છે.**

પીરી-મુરીદીના અસલ હેતુને છોડી દઈ જે અજ્ઞાન રિવાજી પીરને શરણે જાય તેનો શું ઈલાજ ?

**કહો ભાઈ માતા કિતનાક કે'વે ?**

**જો જાંણતા ડૂબે, ઉસે કાઢ કુણ લેવે. - ૧૧** (બયાન નં. ૫)

પીરી-મુરીદીનો સંબંધ મુરીદના નફસની ઈસ્લાહ માટે અને તે પુરતો જ છે. પીરની અહમીયત વધારવા પીરથી વાત ન કરી શકાય, પીરથી નજરો ન મેળવી શકાય, પીરથી સંવાદ ન થાય વિગેરે બંધનો ઘડી કાઢવામાં આવ્યા છે. જો **મુરીદ અને પીરનો સંપર્ક જ ટાળી દેવામાં આવે તો મુરીદની ઈસ્લાહ ગેબથી કે પરદા પાછળથી થઈ શકવાની નથી.**



## પ્રકરણ - ૫

# નૂર સે નૂર ચલા આવે

તરીકત કિતાબના બયાન નં. ૨૫ માં છે

**હાઝા મુનવ્વર સબઘટ આવે,**
**પીર તમારા સોહી ક'લાવે. - ૯**

અરબી ભાષામાં 'હાઝા' એટલે 'આ' અને મુનવ્વર એટલે 'નૂર' (નૂરાની)

આ વાક્યોને સમજાવવા માટે પીર મશાયખ (રહે.) તેમની આ કિતાબમાં ક્રમાનુસાર **ભૂમિકા બાંધી છે, તેને પહેલાં સમજવી જરૂરી છે :**

**ભૂમિકા :-**

૧. બયાન નં. ૧ માં પીરને અલ્લાહની ઓળખનો જરીયો બતાવ્યો છે. જે પીર કામિલ હોય તે જ મુરીદને અલ્લાહની ઓળખનો પાઠ આપી શકે. અલ્લાહે ચાહ્યું કે તેને કોઈ ઓળખે તે માટે તેણે તેના અમરેકુનથી ખલકત ઉભી કરી અને આદમની ઔલાદથી પોતાના રબ હોવાનો કોલ લીધો.

૨. બયાનો નં. ૩ થી ૬ માં નબીએ કરીમ (સ.અ.વ.) ની નૂરાની હકીકત બતાવ્યા પછી બાયનો નં. ૭ થી ૧૧ માં જમીનની ઉત્પત્તિ, આદમ (અ.સ.) નું માટીથી સર્જન, શૈતાનનું અસ્તિત્વ અને તેનું કપટ બતાવ્યું છે અને શૈતાનનો આદમ (અ.સ.) ને સજદાનો ઈન્કાર અને અલ્લાહની તેની ઉપર ફીટકાર બતાવી છે અને બયાન નં. ૧૨ માં અલ્લાહે દોજખને તે ભુખી નહીં રહે તેનું આશ્વાસન આપ્યું છે. દોજખથી છુટકારો મેળવવા **અલ્લાહે ઉતારેલ નૂરનું** અજવાળું જ કામ આપી શકશે. (તે નૂરની ચર્ચા આ પ્રકરણમાં હવે પછી આવે છે)

૩. તેમાં પીર મશાયખે (રહે.) જન્નત, દોજખ, શૈતાનનો મકર અને અલ્લાહનો ગુસ્સો બતાવ્યો છે, જેથી બંદો જન્નતનો શોખ રાખે,

દોજખથી પનાહ માંગે અને અલ્લાહના ગુસ્સાથી બચે, આ માટેનો તરીક (રસ્તો) તે નૂર છે. જેનું બયાન હવે પછી આગળ આવે છે. શૈતાને આદમ (અ.સ.) ને સજદો કરવાથી ઈન્કાર કર્યો તો અલ્લાહે તેને મરદુદ કર્યો.

**વિશેષ નોંધ :-**

**આદમ (અ.સ.) ને સજદો :**

આદમ (અ.સ.) ને સજદો કરવાનો શૈતાનને હુકમ તે અલ્લાહની ખાસ યોજનાનુસારનો તે રૂહાની દુનિયામાં હતો. તેને શરિઅતે મુહંમદીમાં ખેંચી લાવી કોઈ પીર જાદા, સૈયદ જાદા, શેખ જાદા તેમના મુરીદો પાસે તેમને તાઅઝીમી સજદો પણ કરાવી શકતા નથી. કેમકે પીર મશાયખના કહેવા મુજબ પીર પણ શરિઅતે મુંહમદીના પાબંદ છે અને તે શરિઅતમાં કોઈને તાઅઝીમી સજદો પણ હરામ છે. નબીએ કરીમ (સ.અ.વ.) ની પહેલાં રાજાઓ પોતાની રૈયત પાસે પોતાને તઆજીઝીમી સજદા કરાવતા હતા. પણ ફયઝે નૂરે નબૂવ્વત ફેલાવાની સાથે આ બધું જ બંધ થઈ ગયું. ખુદ નબીએ કરીમ (સ.અ.વ.) એ પોતાના અસહાબો પાસે પોતાને તાઅઝીમી સજદા કરાવ્યા નથી અને અસહાબોએ કર્યા પણ નથી. ઉમ્મત અને પીર પણ શરિઅતે મુહંમદીના પાબંદ છે. અરબી ભાષાને હિસાબે સજદાનો અર્થ (માથું અથવા હાથ જમીન પર ટેકવુ) નમી પડવું એમ થાય છે. અરબી શબ્દ કોષમાં ઝુકી ગયેલ ખજૂરના ઝાડને ''સજરતુલ સાજેદાહ'' કહે છે. સુરહ યુસુફમાં છે કે યુસુફ (અ.સ.) ને સ્વપ્ન આવ્યું કે અગીયાર તારાઓ, સૂરજ અને ચાંદ તેમને સજદા કરી રહ્યા છે. આ ચીજો ગેરઆકીલ (નિર્જીવ) છે. તેથી તેઓ ઈબાદતના સજદા જેવો સજદો ન કરી શકે, પણ તે ચીજો યુસુફ (અ.સ.) આગળ નીચે આવીને નમી પડેલી જણાઈ. સુરહ રહમાનમાં છે કે ઝાડો અને તારાઓ પણ અલ્લાહને સજદા કરે છે. અહીંયાં તેનો અર્થ તેઓ આજ્ઞાપાલનમાં રહે છે એમ છે. ઈબાદતના સજદા જેવા સજદા તેઓ નિર્જીવ હોવાથી કરી નથી શકતા.

જેઓ પોતાને સજદા કરાવે છે તેઓ સુરહ યુસુફની આયત કે, "અને પોતાના માં-બાપને તખત ઉપર ઊંચે બેસાડ્યા અને તેઓ તેઓની સામે નમી પડ્યા (વખર્રૂલહુ સુજ્જદન)" એનો આધાર લે છે. પણ આ દલીલ <u>પાયા વગરની</u> છે, કેમ કે :

(૧) જો ઈબાદતની રીત જેવો સજદો (ધારી લઈ કે યુસુફ (અ.સ.) ના જમાનામાં કોઈને આવો સજદો કરવાનો રિવાજો હતો) તો પણ, તેને શરિઅતે મુહંમદીમાં લાવી શકાય નહીં. કેમ કે, આપ (સ.અ.વ.) ની શરિઅત આવવાથી અગાઉના બધા નબીઓની શરિઅત અમલ માટે રદ છે.

(૨) યુસુફ (અ.સ.) જેવા નબી પોતાના જ ભાઈઓ પાસે પોતાને સજદા કરાવે એમ માની શકાય નહીં. કેમ કે, કોઈપણ નબીએ આવું કામ કર્યું નથી.

(૩) આ સજદાનો ખરો અર્થ (શરમથી) નમી પડવું છે. કેમ કે યુસુફ (અ.સ.) ના ભાઈઓએ તેમને કૂવામાં નાંખ્યા હતા, છતાં આપે તેમના ભાઈઓ ઉપર ઉપકાર કર્યો હતો.

(૪) આજે આપણે કોઈનાથી મુસાફહ કરતી વખતે સહેજ નમી પડીએ છીએ. તેથી તે સુજ્જદન નો અર્થ નમી પડવું એ જ સાચો છે.

જો સહેજ નમી પડાતું હોય તો તે સ્વાભાવિક છે, પણ કોઈ પોતાને કોઈને જમીન ઉપર માથુ ટેકવી સજદો કરાવતું હોય તો તે કુફ્ર છે અને તેવા નમી પડવાને સજદો સમજવું ઘણી મોટી પાયાની ગેરસમજ ફરે છે.

**<u>સજદા વિષે કુર્આન :</u>**

**(૧) સુરહ અન્નહલ (આયાતો નં. ૪૮ અને ૪૯ ) માં છે :**

"શું એ લોકો જોતા નથી કે અલ્લાહે જે વસ્તુ પેદા કરી છે, તેનો પડછાયો કેવી રીતે અલ્લાહને સજદો કરતો જમણે-ડાબે પડે છે. બધાય તેની સામે નમેલા છે. (આયત નં. ૪૮)"

"આસમાનો અને જમીનમાં જેટલાં પ્રાણીઓ છે, તે બધાંય અલ્લાહને સજદો કરે છે અને ફરિશ્તાઓ પણ. (આયત નં. ૪૯)"

તેઓના સજદા માથું ટેકવાના સજદા જેવા નથી, પણ અલ્લાહ સામે તેઓ નમેલા રહે છે.

**(૨) સુરહ અલ-હજ્જ (આયત નં. ૧૮) :**

"શું તમે જોતા નથી અલ્લાહને જ સજદો કરે છે જે આસમાનો અને જમીનમાં છે. વળી સૂરજ, ચાંદ, તારા, પહાડ, ઝાડ, જાનવરો અને ઘણા બધા માણસો અને ઘણાય માનવીઓ જોયા છે, જેમની ઉપર અઝાબ અનિવાર્ય થઈ ગયો છે."

અહીંયા નિર્જીવોનો સજદો એ તેમનું અલ્લાહનું આજ્ઞા પાલન છે, અને માણસો જે માણસોને અને બૂતોને માથા ટેક સજદા કરે છે, તેમને માટે અઝાબ અનિવાર્ય થઈ ગયો છે.

**૪. માર્ગસૂચક :-**

તરીકતી ફીલસુફી મુજબ માર્ગસૂચક વગર અંધારામાં માર્ગ સુજતો નથી અને કુર્આન સુન્નતની રાહ જાણતો હોય એ જ માર્ગ બતાવી શકે છે. એટલે જ **જન્નતમાં જવાનો માર્ગ કુર્આન અને સુન્નતની પેરવી છે** અને તે માટે અજ્ઞાન માણસ માર્ગસૂચકની મદદ લે. અલ્લાહે આદમ (અ.સ.) અને તેમની ઔલાદને દુનિયામાં રહીને જ જન્નતનો માર્ગ શોધવાનું કહ્યું છે, જેમકે ઉપર સુ. બકરહની આયત નં. ૩૮ માં જણાવ્યું છે. જે કોઈ પીરની ઓળખમાં થાપ ખાઈ જશે તે જન્નતના રસ્તે જવામાં પણ થાપ ખાઈ જશે. માટે પીર મશાયખ (રહે.) બયાનો નં. ૨૨ અને ૨૩ માં પીરના લક્ષણો બતાવ્યા છે.

૫. પીરનાં લક્ષણો (બયાન નં. ૨૨ અને ૨૩) :

(૧) પીરમાં ઈલ્મ હોવું જોઈએ, જે અલ્લાહની કિતાબ કુર્આન અને સુન્નતને જાણતો હોય અને તેનો તેની ઉપર અમલ પણ હોય. બેઈલ્મ પીર મુરીદની સુધારણા ન કરી શકે.

(૨) પીરમાં હલીમી (હિલ્મ) હોવી જોઈએ. જે પીર મુરીદથી અતડો રહે, પ્રસંગે કે વરસે દહાડે મુરીદને દીદાર આપે કે ફક્ત ઔપચારિક મુલાકાત આપે તે મુરીદની સુધારણા ન કરી શકે. પીર અને મુરીદનો દીન માટે **સતત સંપર્ક** જરૂરી છે.

(૩) પીરમાં ખેર-ખેરાતનો ગુણ હોવો જોઈએ. પોતાની પાસે જે કાંઈ આવે તેને પીર અલ્લાહની મખલુક ઉપર ખર્ચ કરતો હોવો જોઈએ. મુરીદથી ધન લઈ ભેગું કરનાર પીરની સીફતમાં ન આવી શકે.

(૪) પીરમાં સબુરીનો ગુણ હોવો જોઈએ. તે લોકોની ભૂલોને માફ કરતો હોવો જોઈએ. તે મુરીદોને પોતાની નાગ-ચૂડમાં જકડતો ન હોવો જોઈએ.

(૫) પીર સાચી રાહ બતાવનાર હોવો જોઈએ. કોઈ તેને દીની સવાલ પૂછે તો તે તેની અજ્ઞાનતા જાહેર કરતો ન હોવો જોઈએ. તે ભૂલેલાને રાહ બતાવનાર હોવો જોઈએ.

(૬) પીરમાં કપટ ન હોવું જોઈએ. તે આપસમાં મુરીદોમાં ચઢાવ-ઉતારનો વ્યુહ ન કરતો હોવો જોઈએ, અને સાચી વાત તરત કહી દેતો હોવો જોઈએ. પીર તેનું વર્ચસ્વ જાળવવા કૂટનીતિ વાપરતો ન હોવો જોઈએ.

(૭) પીર જગગોર (મુહંમદ સ.અ.વ.) ઉપર ઉતરેલ કુર્આનમાંથી જ રાહ બતાવતો હોવો જોઈએ.

(૮) પીરમાં પાખંડ ન હોવું જોઈએ. બયાનમાં પાખંડી પીરને દજ્જાલનો ચેલો કહ્યો છે અને કહ્યું છે કે, તેનું મોં બંને જહાનમાં કાળું છે.

(૯) એક જ પીર કરવો જોઈએ. એકી સાથે બે (૨) પીર ન હોવા જોઈએ.

દુધમાં અને દહીંમાં પગ રાખવો એ પણ એક પાખંડ છે. બયાન નં. ૨૩ નો ખુલાસો એ છે કે, પીર એ અલ્લાહની રાહ જાણતો અને બતાવતો હોવો જોઈએ.

**૬. નબી - પીર અને ઉમ્મતી પીર :-**

પાછળ પ્રકરમ નં. ૨ માં જણાવ્યું તેમ પીર બે પ્રકારે છે :

(૧) નબી - પીર જે તે ઉમ્મતના માર્ગદર્શક હોય છે અને જેની ઉપર વહી આવતી હોય છે અને મુહંમદ (સ.અ.વ.) સમગ્ર વિશ્વના માર્ગદર્શક નબી-પીર છે.

(૨) નબીનો ઉમ્મતી જે તેના મુરીદોને કુર્આન અને સુન્નત મુજબનું માર્ગદર્શન આપતો હોય તે ઉમ્મતી પીર.

**નબી પીર વિશે પીર મશાયખ (રહે.) લખે છે :**

**"જગગોર બેદથી બાંધે રે રાહા,**
**જુનેથી નવી રાહ ઉસમે બાતવે. - ૪"** (બયાન નં. ૨૩)

બયાન નં. ૫૨ માં છે :

**"પીર આજ કુ કલકે મહંમદ કહીએ,**
**તો ગુંજકા મારગ ઉનું સુ બહીએ. - ૨૨"**
**"પીર જો રબને નબીકુ કીતા,**
**તો ગુંજકા મારગ નબીકુ દીતા. - ૨૩"**

નબીએ કરીમ (સ.અ.વ.) આજે દુનિયા માટે અને કાલે (કયામત માટે) સમગ્ર વિશ્વના નબી પીર છે, તો ગુંજનો માર્ગ તેમનાથી મેળવો. અલ્લાહે તેમને નબી બનાવ્યા તો ગુંજની રાહ પણ તેમને બતાવી.

બયાન નં. ૫૪ માં છે :

**"પીર છેહ સંઘ કે મહંમદ કહીએ,**

મહાદન શફાઅત ઓનું કી લહીએ. - ૨''

આમ નબી પીરનો ઉમ્મતથી સંબંધ કયામત સુધી છે અને ઉમ્મતી પીરોનો તેના મુરીદથી સંબંધ દુનિયાના જીવન સુધી છે.

બીજા પ્રકારના પીર એ ઉમ્મતી પીર છે. **ઉમ્મતી પીર વિશે** પીર મશાયખ (રહે.) લખે છે કે તે નબીની શરિઅતમાંથી જ રાહ બતાવે છે.

**"રાહ તો સારી બેદમાં બંધાવે,**
**કે બાજ પીર ઢુંઢી રાહ સબ પાવે. - ૬"**

**એસે અનંત બેદ પીર વે કરેં,**
**રાહ જગગોર કી સીધી મન ધરે, - ૭,**

**ઐસે પીર કુ પીર જ કહીએ,**
**ખાદીમ હોકર ઉસકે રહીએ. -૮"** (બયાન નં. - ૨)

પીર નબીની રાહમાંથી રાહ બતાવે છે અને તે રાહે જ ચાલે છે. તેવા પીરને કબુલવો અને તેની સેવા (પેરવી) કરવી.

**૭. ઉમ્મતી પીરનો સંબંધ ક્યાં સુધી ?**

પીરનો મુરીદથી સંબંધ જે મહાદત (કયામત) સુધીનો કહેવામાં આવ્યો છે તેનો અર્થ તે સંબંધ પીર અથવા મુરીદ બેમાંથી એકના મૃત્યુ સુધીનો છે. એટલે કે નબીની રાહે રાહ બતાવનાર પીર હોય તો મૃત્યુ સુધી તેને જ પીર રાખવો, બદલવો નહીં એવો તરીકતી શિરસ્તો છે. ઉમ્મતીનો નબીથી સંબંધ કયામત (મેહશર) સુધીનો છે. કેમકે, નબીની શફાઅત કયામતને દિવસે મેળવવાની છે.

**પીર અને મુરીદનો સંબંધ બેઉમાંથી એકના મૃત્યુથી કપાઈ જાય છે.**

**કેમકે :**

(૧) મર્યા પછીનું પહેલું આલમ કબરનું જીવન છે અને કબરમાં બંદાથી

સવાલ પૂછવામાં આવે છે, અને તેના જવાબ મુજબ ફરિશ્તા બંદાથી મામલો કરે છે. ત્યાં વચ્ચે કોઈ સીપારસી નથી હોતો.

(૨) કબરથી ઉઠતાં ક્યામતમાં ઉમ્મતીઓ માટે નબીએ કરીમ (સ.અ.વ.) શફાઅત કરનાર છે. બીજા નબીઓ અને દાદા આદમ પણ જ્યાં નફસી નફસી હશે ત્યાં મુહંમદ (સ.અ.વ.) ને ઉમ્મતની શિફારીશની પરવાનગી મળશે. ત્યાં **પીરની શિફારીશ નહીં હોય.**

(૩) જો ક્યામતમાં પીરની શિફારીસ માનવામાં આવે તો **ઉમ્મતી પીરો અસંખ્ય હોવાથી** તેઓ બધાયે બીજા નબીઓ અને દાદા આદમથી વધુ મરતબાવાળા પીરો થયા ગણાય.

(૪) જો મુરીદ પહેલો મૃત્યુ પામે તો કબરમાં મરનાર મુરીદની શિફારીશ માટે જીવતા પીર ત્યાં ક્યાંથી પહોંચી શકે ?

(૫) જો પીર પહેલાં મૃત્યુ પામે અને પછી મુરીદ મરણ પામે તો કબરના જીવનમાં પહેલાંથી મરેલા પીર મુરીદની શિફારીશ માટે શું રસ્તે પહોંચી જશે ? કેમકે નબી શિવાય બધાયનાં બદનો કબરમાં સડી જાય છે.

(૬) આજે મુરીદોના અસંખ્ય વિવિધ ટોળાંઓનાં વિવિધ અને અસંખ્ય **પીરો** હોય છે, તો શું આ બધા પીરો પોત પોતાના મુરીદોની શફાઅત માટે કબરમાં કે મેહશરમાં હાજર થશે ?

(૭) જો આવું હોય તો અસંખ્ય 'શાફીઓ' (શફાઅત કરનારાઓ) ગણાય. જ્યારે કે સુન્નત એ કહે છે અને સીડીઓના બાયનમાં પણ છે કે નબીએ કરીમ (સ.અ.વ.) **એકલા જ** અલ્લાહ આગળ સજદામાં રહેશે, જ્યાં સુધી ઉમ્મતની બક્ષીસ નહી કરાવી લે ત્યાં સુધી સજદાથી ઉઠશે નહિં.

(૮) જો નબીએ કરીમ (સ.અ.વ.) પછી પીર બીજી વાર શિફારીશ કરવાના હોય તો નબીએ કરીમ (સ.અ.વ.) ની શિફારીશ પછી તેની શી જરૂર ?

તેથી પીર અને મુરીદનો સંબંધ બેમાંથી એકના મૃત્યુ સુધીનો છે.

**ઉપર કહ્યું છે કે, 'રાહ તો બેદમાં બંધાવે' એ અલ્લાહની કિતાબ કુર્આનની રાહ છે અને 'રાહ જગગોરી કી મન ધરે' એ નબીની સુન્નત છે, જે ફયઝે નૂરે નબુવ્વત છે, જેની ચર્ચા હવે આવે છે.**

મહાદત સુધીનો અર્થ દુનિયામાં કાયમી સંબંધ એટલે કે એક કામિલ પીરની હયાતીમાં બીજો પીર કરવો નહીં. જો પીર તેની રાહ ખોઈ બેસે તો બીજા પીર કરી શકાય. કોઈ, કોઈને એમ કહે કે તને કયામત સુધી નહીં છોડું તેનો અર્થ એ કે જીવન દરમ્યાન તે, તે માણસને છોડશે નહીં. કારણ કે મર્યા પછી કબરમાં અને કયામતમાં તેને કોઈ અખ્ત્યાર નથી કે કોઈની પકડ કરી લે, અથવા એનો અર્થ એ થઈ શકે કે કયામતના દિને તેનો તે બદલો માંગશે.

ઉપર ફકરા નંબરો ૧ થી ૭ માં બતાવેલી ભૂમિકા સમજ્યા પછી નૂર-સે-નૂર ચલા આવે તે સમજવું વધારે સરળ પડશે.

## ફયઝે નૂરે નબુવ્વત :-

ઉપરોક્ત ભૂમિકામાં 'નૂર સે નૂર ચલા આવે' નો અર્થ નૂરે નબુવ્વતનો ફયઝ છે, જે ઉમ્મતીને કુર્આન અને સુન્નતથી મળતો રહે છે અને માર્ગદર્શક તેમાંથી જ 'રાહ' બતાવે છે. બયાન નં. ૨૫, ૫૨ અને ૫૪ માં પીર મશાયખ (રહે.) એ મુહંમદ (સ.અ.વ.) ને નબી પીર કહ્યા છે, અને બયાન નં. ૨૪ માં છે કે આ ફયઝ પેઢીથી પેઢી કુર્આન અને સુન્નતથી ચાલતો આવે છે, જે રીતે કે દરિયા (મોટી નદી) નાં પાણી નાની નદીઓ (શાખાઓ) માં વહે છે. કુર્આન અને સુન્નત મોટી નદી (દરિયા) છે અને ઇમાનની ૭૨ થી વધુ શાખાઓએ તેની શાખાઓ છે. બયાનમાં છે કે જેમ દીવાથી દીવો પ્રગટે છે અને અનેક જ્યોતો પ્રકાશે છે, તેમ આ ફયઝ ઉમ્મતીઓમાં પેઢીથી પેઢી ફેલાતો રહે છે, જે આજે આપણા સુધી પહોંચ્યો છે. બયાનમાં છે કે, અલ્લાહ અગોચર (ઈન્દ્રિઓથી જાણી ન શકાય તેવો) છે. જેનાં ભીતર સાફ હોય તે જ અલ્લાહને પામી શકે.

આ રીતે નૂરથી નૂર ચાલ્યું આવે છે. **નબુવ્વત એક મોટી જવાબદારી છે. તેથી નબી નૂર ઉમ્મતીમાં ઉતરી શકતું નથી. પણ તેનો ફયઝ (લાભ) ઉતરે છે.**

ખાનાએ કાબામાંની મૂર્તિઓ તોડવા નબીએ કરીમ (સ.અ.વ.) એ હઝરત અલી (રઝી.) ને પોતાને ખભે એમ કરીને ચઢાવ્યા કે હઝ અલી (રછી.) નબુવ્વતનો ભાર ખમી નહીં શકે.

**"કહ્યા નબીજી ને મુજે રે, ભાર નબુવ્વત કેરા,**

**તમો અલી ઉસકુ ઉચા, સકોના અનેરા. - ૧,**

**તો મેરે ખભે પર ચઢો, નબીજીને આખા,**

**અને બુતાં કો ગીરાહો યું હુકમ દાખા. - ૨"**

(ગઝવાત, બયાન નં. ૪૩૭/૧૩૭)

**હઝરત અલી (રઝી.) જેવાની નબીએ કરીમ (સ.અ.વ.) ની સામે આ સ્થિતિ હતી, તો નૂરે નબુવ્વત પેઢીઓમાં ઉતરે તો તેને પણ તે પેઢીઓ ખમી ન શકે.** જ્યારે નબુવ્વત જ ખતમ થઈ ગઈ તો નૂરે નબુવ્વત પાછળની પેઢીઓમાં તબદીલ (ટ્રાન્સફર) ક્યાંથી થાય ?

બયાનમાં છે કે, દીવાથી દીવો પ્રજળે છે, પણ આગ તેનું મૂળ છે. તેમ ફયઝે નૂરે મુહંમદી મૂળ છે, જે કુર્આન-સુન્નત થકી આગળ ઉમ્મતીઓ સુધી વધતો રહે છે. પણ જેનું ભીતર અંધારૂ હોય તેને આ ફયઝ મળી શકે નહીં. દરેક માર્ગસૂચક પીરના ઈલ્મનું ઉગમ (સોર્સ) એ તાલીમે નબુવ્વત છે. કેમકે, બયાન નં. ૫૪ માં છે કે નબીએ કરીમ (સ.અ.વ.) **પછી નબીએ કરીમ (સ.અ.વ.) નાં જ બયાનો ચાલશે, અને પીરો તેમાંથી જ રાહ બતાવશે.** નબીએ કરીમ (સ.અ.વ.) નાં બયાનો, સુન્નત હદીષ છે અને આપની ઉપર ઉતરેલ કુર્આનને નબીએ કરીમ (સ.અ.વ.) એ ઉમ્મતને પઢી બતાવ્યું (બયાન કરી બતાવ્યું.) તે છે.

આ ફયઝે નૂરે નબુવ્વતને તરીકતનાં બયાનો નં. ૨૫, ૫૨ અને ૫૪ આ રીતે સમર્થન આપે છે.

બયાન નં. ૨૫ (તરીકત) :

પીર તમારા મહંમદ કહીએ,
દેખ બડાઈ ઈતની લહીએ. - ૮
હાઝા મુનવ્વર સબ ઘટ આવે,
પીર તમારા સોહી કે'લાવે. -૯
નઝર પીયુને કીતી બોતેરી,
તો પીર કું નાં ફેરા દુાનેમાં ફેરી. - ૧૦
પીયુજી કી નઝરે જે પીર હોવે,
કમાઈ ઉસકી ક્યું કર ખોવે ? - ૧૧
પીર બિના દુનિયાં જેસા અંધારા,
વે ક્યું રાખે સુરિજન હારા ? -૧૨
બંનગી તો એદ ઠાંમ પીરૂં ને કીતી,
તબ જા ને બિગત એ નૂર કું દીતી. - ૧૩
ખાલિક એસા કીયા કોલા,
મન વજદલ મોલા, ફ વજદલ કુલ્લા. - ૧૪
સબ તન પીયુ જી આપ હૈ, જિસકું જેસા રંગ રે,
જીસ કું જેસા રંગ;
કરણી પીર કે નૂર કી, વે કદી નાં હોવે ભંગ રે,
વે કદીનાં હોવે ભંગ. - ૧૫

(વજદ : પામ્યા. કુલ્લા : સર્વસ્વ)

(મુહંમદ (સ.અ.વ.) તમારા નબી (પીર) છે. તેમની મોટાઈ જાણી લો. તેમના ફયઝનું નૂર બધાયમાં આણે તેજ તમારો પીર ગણાય. અલ્લાહની નજરે જે નબી (પીર) હોય તેમની કમાઈ શીદને ખોવી ? ગઝલનો પૂર્વાપર એ

બતાવે છે કે નબી વગર દુનિયા અંધારી છે. માટે નબી પીર વગર અલ્લાહ દુનિયાને અંધારી ન રાખે. નબીએ કરીમ (સ.અ.વ.) અલ્લાહની ખૂબ બંદગી કરી તો અલ્લાહ આપને નબુવ્વતના નૂરથી નવાજ્યા. અલ્લાહ કહે છે; જેણે અલ્લાહને પામી લીધો તેણે બધું જ પામી લીધું.:

ઉપરનું વાક્ય ફરી જોઈએ :

**'હાઝા મુનવ્વર સબ ઘટ આવે,**
**પીર તમારા સોહી કે'લાવે - ૯'**

આ નૂર બધાયમાં લાવે તે તમારો પીર કહેવાય. અરબીમાં 'હાઝા' એટલે 'આ' અને 'મુનવ્વર' એટલે 'નૂર' (નૂરાની). આ નૂર બધાયમાં ઉતારે તે તમારો પીર કહેવાય. પીર પોતે નૂરે નબુવ્વતને ઉમ્મતિમાં શી રીતે ઉતારી શકે ? હા, તે ફયઝે નબુવ્વત (ઈલ્મ) ને મુરીદમાં તેને તાલીમ આપીને ઉતારી શકે. નબીના દરજ્જે ઉમ્મત આવી શકતી નથી.

જો ઉપરોક્ત વાક્યથી **એમ સમજવામાં આવે કે** જે પીર નૂરે નબુવ્વતને બધાય મુરીદોમાં (સબઘટ) ઉતારે તે જ પીર કહેવાય, **તો પીરમાં** (કહેવાતું) ઉતરેલ નૂરે નબુવ્વત, અને પીર મુરીદમાં જે કહેવાતું નૂર ઉતારે તે બેઉ નૂર સરખાં થઈ ગયાં ગણાય અને નૂરે નબુવ્વતને પીરે મુરીદોમાં ઉતાર્યું એમ ગણાય. પણ તે ખરૂ નથી. તેથી તે વાક્યનો ખરો અર્થ ફયઝે (લાભ) નૂરે નબુવ્વત છે. જે કુર્આન અને સુન્નત દ્વારા ઉમ્મતીઓમાં ઉતરતો રહે છે.

**'સબઘટ (બધાયમાં)'** નૂર ઉતારે એ શબ્દોનો અર્થ નૂરે નબુવ્વત બધાયમાં ઉતારે એવો નથી, પણ ફયઝે નૂરે નબુવ્વત (ઈલ્મ) બધાયમાં ઉતારે તે છે, જે કુર્આન-સુન્નત થકી જ ઉતરી શકે. આ ખરા અર્થને વિકૃતરૂપ આપીને પીરો પોતાનામાં નૂરે નબુવ્વત ઉતરતું હોવાનું મુરીદોના મનમાં ઠસાવી રાખે છે, અને મુરીદો મુહબ્બતની ચાદર ઓઢી અસલ નૂર જે કુર્આન-સુન્નતનું છે તેનાથી દૂર જતા રહે છે. આ ફયઝે નૂરે નબુવ્વતની સમજ બયાન નં. ૫૨ માં છે.

બયાન નં. પર : (તરીકત) માં છે :

મુસલમાન, મુમન, હિન્દુ ભી સારે,
સબ કોઈ પંથે કે હેં ધરમ આચારે. - ૧
નબી કુ સારા સંસાર જાંને,
પયગંબર રબ કે સહી કર માંને. - ૨
રાહ નબીને સબ કુ દિખાઈ,
છુટે વેજ પંથી જે કરે રે કમાઈ. -૩
શરીઅત મારગ સાચા કહીએ,
નબી ને દિખાયા સો રાહી કર લહીએ. - ૪
પણ મુશ્કિલ રાહ કે શરીઅત કેરી,
તો ઉસ રાહ મેં રાહ હુઈઆં બોંતેરી. - ૫
કે પીર રે બિના સીધી રાહરે નાં પાઈ,
પીછે આપ આપ મનસું કીતી રે જુદાઈ. - ૬
તો શરીઅત કું ભાંન તોડ નાંખી,
કે મુસલમાન ભુલે જો સીધી રાહ નાં રાખી. -૭
જેને જું રે જાંના, એને યું રે કહીઆ,
આપસ કે મન કા ભાવ લહીઆ. - ૮
આપ ડાહ્યા હો કર કિતાબાં યું કીતી,
અબૂઝ હાથું પઢને કું દીતી. - ૯
ઉનું રે પઢ પઢ શરીઅત જાંની,
પણ શરીઅત મૂલ કી બાત નાં પિછાંની. - ૧૦
કે યાદ નાં રાખા જે નબીએ કહ્યા,
તો શરીઅત મારગ ફાટાફુટ ગયા. - ૧૧
પીછે અટકલ કુછ કુછ એ મારગ કીતા,
કેતે ડાહે મિલ ચંત યું દીતા. - ૧૨
કે શરીઅત મારગ મનસું લહીએ,

કે નબી ને આખા યું સબ કું કહીએ. - ૧૩
યું કર શરીઅત મારગ બાંધા,
જાં લકડી લે કર ચલે રે આંધા. - ૧૪
**પણ જે રે નબી ની જીભે રે પઢાયા,**
**વે તો મારગ કિસે કિસે પાયા. - ૧૫**
જે મુસલમાન મારગ સીધા પાવે,
વે શરીઅત રાહ સું ભિસતમાં જાવે. - ૧૬
એ શરીઅત મારગ સચ કર જાંનો,
એ નબીને ફરમાયા સો સહી કર માંનો. - ૧૭
કે પીર તે નબી મહંમદ કહીએ,
તો દો મારગ નબી સું જજુએ લહીએ. - ૧૮
કે શરીઅત મારગ નબીયું કેરા,
ને ઈસમાં કસની કા કાંમ બોતેરા. - ૧૯
રબને નબીયું સર ક્યા ક્યા કીતા ?
જો શરીઅત મારગ નબીયું કું દીતા. - ૨૦
તો શરીઅત મારગ મહંમદ આખા,
જે નબી રે મહંમદ રબને રે દાખા. - ૨૧
પીર આજ કુ કલ કે મહંમદ કહીએ,
તો ગુંજ કા મારગ ઉનું સે લહીએ. - ૨૨
પીર જો રબને નબી કું કીતા,
તો ગુંજ કા મારગ યું મન દીતા. - ૨૩
રે તું હીઃ
નબી મહંમદ રબ કે, ભી પીર ઉનું કું જાંન રે,
ભી પીર ઉનું કું જાં,
શરીઅત ગુંજ હેં પંથ દો, એ નબીસું સહી કર માંન રે,
એનબી સુ સહીકર માંન. - ૨૪

(મુસલમાન, મોમીન, હિન્દુ બધાય પોત પોતાના ધર્મ આચાર પર છે અને નબીએ કરીમ (સ.અ.વ.) ને બધું જગત જાણે છે. નબીએ તેમની રાહ બધાયને માટે બતાવી છે, તેની ઉપર જે રહેશે તે પંથ કમાશે. શરીઅત એ નબીએ બતાવેલો સાચો મારગ છે, પણ શરીઅત મારગ મુશ્કેલ છે. તેમાં અમલી શાખાઓ છે. જેઓ શરીઅત જાણવા જાણકારની મદદ ન લીધી, તેણે જાણી જોઈને શરીઅતથી જુદાઈ કરી લીધી. પછી આવા લોકોએ શરીઅતને તોડી-મરોડી નાંખી અને મુસલમાન પણ તેઓની સાથે માર્ગ ભૂલ્યો. આવા લોકોએ જેવું જાણ્યું તેવું મનોમન બયાન કરવું શરૂ કર્યું. પછી તેમણે તેમના મનથી કિતાબો લખી દીધી અને દીનથી અજાણ (અબુધ) લોકોને પઢવા આપી, જેની ઉપર તેમના માનનારાઓ ચાલતા ગયા, પણ તેમને શરીઅતની અસલ વિગતની ખબર ન પડી. તેમની પાસે નબીએ કરીમ (સ.અ.વ.) નાં કહેણ (હદીસ) પહોંચ્યાં નહીં અને શરીઅતનો માર્ગ ફાંટાઓમાં વહેંચાતો ચાલ્યો પછી આપ ડાહ્યા (મન ચાહ્યા) લોકોએ મળીને પોતાની રાહ નક્કી કરી લીધો અને તેમની પોતાની રીતની શરીઅત બાંધી. જેમ આંધણો લકડીને સહારે ચાલે છે, તેમ તેમનાં માનનારાઓ તેઓની શરીઅત ઉપર ચાલવા માંડ્યા. પણ નબીએ કરીમ (સ.અ.વ.) વાળો માર્ગ કોઈક લોકોએ જ ગ્રહણ કર્યો. જે નબીને સીધે માર્ગે હશે તે જ જન્નત પામશે. માટે શરીઅતના માર્ગને સાચો માનો અને નબીના કહેણ (હદીસ) ને સાચાં માનો, અને નબીએ જે શરીઅતનો માર્ગ બતાવ્યો છે તેમાં કસની (કઠણાઈ) છે. અલ્લાહે પણ નબીઓને માથે શરીઅત માર્ગે આવી કસનીઓ નાંખી હતી. મુહંમદ (સ.અ.વ.) આજ (દુનિયા) અને કાલ (કયામત) સુધી માટે નબી (પીર) છે અને ગુંજ નો માર્ગ મુહંમદી શરીઅતથી મેળવો.)

આમ ફયઝે નૂરે નબુવ્વત ઉમ્મત સુધી શરીઅતે મુહંમદી દ્વારા (આ ગુંજ દ્વારા) દરેક ઉમ્મતી સુધી પહોંચ્યો, અને પહોંચતો રહેશે. આ બયાનોમાં નબી નૂરનો કોઈમાં ટ્રાન્સફર (તબદીલ) થવાનો ઉલ્લેખ જ નથી.

જેમ ઉપર જણાવ્યા મુજબ કેટલાક આપ ડાહ્યા લોકોએ

પોતાનો મન માન્યો પંથ બનાવી લીધો, તેમ તેવા લોકોએ નબી નૂર તેમનાંમાં તબદીલ (ટ્રાન્સફર) થતું હોવાનું અબૂધ (અજાણ) લોકોને સમજાવ્યું અને તેઓ એવું જ સમજે છે.

પણ અલ્લાહ પોતે રાહે કુર્આન અને રાહે ઈસ્લામને જ નૂર કહે છે, તેથી તે નૂર એ ફયઝે નૂરે-નબુવ્વત જે કુર્આન ઈસ્લામથી ઉતરે છે તે છે. જુઓ કુર્આનની નીચેની આયતો :-

(૧) ''જેઓએ કુફ્ર કર્યું તેઓનો કાર્ય સાધક તાગુત (શેતાન) છે, જે નૂરથી અંધકાર તરફ લઈ જાય છે અને અલ્લાહ ઈમાનવાળાઓને કાર્ય સાધક છે, જે અંધકારથી નૂર તરફ લઈ જાય છે.'' (સુ. બકરહ : આયત નં. ૨૫૭)

અહીંયા જહાલતને અંધકારથી અને હિદાયતને નૂરથી સરખાવ્યા છે. નબીની તાલીમ પર ચાલનારને જ હિદાયતનું નૂર મળી શકે છે.

(૨૦ સુરે આલી ઈમરાનની આયત નં. ૩૨ માં છે કે ''તાબેદારી કરો અલ્લાહની અને તેના રસૂલની''. તેઓની તાબેદારી કરનારને જ અલ્લાહ નૂરે હિદાયત આપે છે.

આમ, હિદાયત અને નૂર એ સંલગ્ન શબ્દો છે. નૂર એ અલ્લાહ તરફથી મળતો આંતર પ્રકાશ છે, જેને અજવાળે માણસ હિદાયત તરફ જાય છે.

**હિદાયત કોણ આપી શકે ?**

(૧) ''**જેને અલ્લાહ હિદાયત આપે** તે જ હિદાયત પામનાર છે અને જેને ગુમરાહ કરી દે તો તેવા લોકો માટે તમે તેના શિવાય કોઈને મદદગાર નહીં પામો.'' (સુ. બની ઈસ્રાઈલ, આયત નં. ૯૭)

(૨) ''અને જે લોકો હિદાયતનો માર્ગ **અખત્યાર કરે છે,** અલ્લાહ તેમની હિદાયતમાં ઉમેરો કરે છે... જુઓ આખર સુધીની આયત.'' (સુ. મરિયમ, આયત નં. ૭૬)

(૩) "હે મુહંમદ (સ.અ.વ.) ! તમો જેમને **ચાહો તેમને** હિદાયત આપી શકતા નથી, બલ્કે અલ્લાહ જેને ચાહે તેને હિદાયત આપે છે અને તે સારી રીતે જાણે છે હિદાયત કબુલ કરનારાઓને." (સુ. અલકસસ, આયત નં. ૫૬)

(૪) "હે પયગંમબર ! તમને તમારા રબે તરછોડી નથી દીધા. તે તમારાથી નારાજ નથી થયો, અને આખીરત તમારે માટે દુનિયાથી અનેક ઘણી બેહતર છે અને નજીકમાં જ તમારો રબ તમને કાંઈક આપશે કે તમે રાજી થઈ જશો. શું એ હકીકત નથી કે તેણે તમને યતીમ દીઠા તો ઠેકાણું આપ્યું અને **માર્ગથી અજ ણ હતા** તો માર્ગદર્શન કર્યું અને નાદાર દીઠા તો ખુશાલ કરી દીધા." (સુ. ઝુહા, આયતો નં. ૩ થી ૮)

તે જ માણસ હિદાયત પર છે જે અલ્લાહ અને તેના રસૂલના હુકમોનું પાલન કરે છે અને તે હુકમો ફયઝે નૂરે નબુવ્વત છે. **તેથી કોઈની નસલમાં નૂરે નબુવ્વતને શોધવાને બદલે તેનો ફયઝ કુર્આન - સુન્નતમાં શોધો.**

## કુર્આનથી નૂરનો અર્થ :-

(૧) "તો જે લોકો એના ઉપર ઈમાન લાવ્યા અને એની હિમાયત કરી તથા મદદ કરી અને તે **નૂરની પેરવી કરી** જે એની સાથે ઉતરવામાં આવ્યું છે, તેઓ જ કલ્યાણ પામનારા છે." જે ઉતારવામાં આવ્યું તે કુર્આન છે. (સુ. એઅરાફ, આયત નં. ૧૫૭)

(૨) "આ જ રીતે હે નબી (સ.અ.વ.) ! અમે તમારી તરફ અમારી તરફથી એક રૂહ વહી કરી છે, તમે જાણતા નહતા કે કિતાબ (કુર્આન) શું છે ? અને ઈમાન શું છે ? પરંતુ અમે **એને એક નૂર બનાવી** દીધું. જેની મારફતે અમે હિદાયત આપીએ છીએ પોતાના બંદાઓમાંથી જેને ઈચ્છીએ છીએ તેને, અને તમે ચોક્કસ રાહ તરફ રહનુમાઈ કરી રહ્યા છો." (અશ્શુરા, આયત નં. ૫૨)

અલ્લાહે કુર્આનને રૂહ કહીને ઉદ્દેશ્યું છે. કેમકે તે સત્ય માર્ગનો સરચશ્મો (ઉગમ) છે અને પછી તેને **નબી ઉપર ઉતરેલ નૂર પણ કહ્યું છે** અને સાથે કહ્યું છે કે, મુહંમદ (સ.અ.વ.) કુર્આન મારફતે સત્ય તરફ દોરી રહ્યા છે.

પીર મશાયખ (રહે.) એ તરીકતનાં બયાનો નં. ૨૫, ૫૨ અને ૫૪ માં આજ વાત કરી છે. **જેણે આ નૂર છોડીને કોઈ વ્યકિતમાં નૂર શોધ્યું તેનું ત્યાંથી બહાર નીકળવું ફક્ત અલ્લાહ દ્વારા જ શક્ય બની શકે છે.**

(૩) "તો ઈમાન લાવો અલ્લાહ પર અને તેના રસૂલ પર અને **તે નૂર** પર જે અમે ઉતાર્યું છે." (સુ. તગાબુન, આયત નં.૮)

અહીંયા નબીએ કરીમ (સ.અ.વ.) ઉપર ઉતરેલ કુર્આનને નૂર કહ્યું છે.

(૪) "અને હે નબી (સ.અ.વ.) ! અમે જે કિતાબ તમારી ઉપર વહી કરી છે એ જ હક છે." (સુ. ફાતીર, આયત નં. ૩૧)

(૫) "જે દિવસે તમે મોમીન મરદો અને ઓરતોને જોશો કે **એમનું નૂર** એમની સામે અને એમની જમણે દોડી રહ્યું હશે તે દિવસે મુનાફીક મરદો અને ઔરતો ઈમાનવાળાઓને કહેશે કે જરા થોભી જાઓ, જેથી અમે **તમારા નૂરનો** લાભ લઈ લઈએ. તેઓને કહેવામાં આવશે કે, પાછાવળો અને ત્યાં (જ્યાં તમે છો ત્યાંજ) તેને શોધો. પછી તેઓની વચ્ચે એક દિવાલ આડી કરી દેવામાં આવશે." (સુ. હદીદ, આયતો નં. ૧૨ અને ૧૩)

આ નૂર બંદાઓના નેક આમાલ હશે, જે તેઓની આગળ-જમણે ફરતું હશે. આજ વાત બયાન નં. ૫૨ અને ૫૪ માં ખોલીને બતાવવામાં આવી છે.

(૬) "તેઓ (મુશરીકો) ચાહે છે કે, તેઓ **અલ્લાહના નૂરને તેમની ફુંકોથી** હોલવી નાંખે, પણ અલ્લાહ **તેના નૂરને સંપૂર્ણ** કરીને રહેશે,

ભલે કાફીરોને ખરાબ લાગે.'' (સુ. અસ્સફ, આયત નં. ૮)

આવી જ બીજી આયત સુરહ તવબહની ૩૨ નંબરની આયત છે. અહીંયા **અલ્લાહનું નૂર દીનની આગેકુચને બતાવી** છે. અરબ કાફીરો દીને ઈસ્લામની આગેકૂચને અટકાવવા જે તદબીરો (પ્રયત્નો) કરતા હતા તેને અલ્લાહે તેઓની કુંકોની જેમ સરખાવી છે, અને દીને ઈસ્લામના **ફેલાવા ને નૂર બતાવ્યો** છે કે દીને ઈસ્લામ કાફીરોની આવી કુંકોથી ખતમ નહીં થાય, પણ કાયમ થશે. ભલે તે વાત કાફીરોને ખરાબ લાગે. કાફીરોને ખરાબ લાગવાના શબ્દો જ એ બતાવે છે કે, તે નૂર એ ઈસ્લામની આગેકૂચ છે, જે કાફીરોને ભાવતી નહતી.

(૭) ''આ એક એવો રસૂલ છે જે અલ્લાહની સુસ્પષ્ટ આયતો સંભળાવે છે જેથી જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામો કર્યા તેમને જુલમત (અંધારા) માંથી **કાઢી નૂર (પ્રકાશ) માં** લઈ આવે.....'' (સુ. અત્તલાક, આયત નં. ૧૧)

અહીં પણ કુર્આનને નૂર કહ્યું છે. અહીંયા હિદાયતને નૂર કહ્યું છે.

(૮) ''જે દિવસે અલ્લાહ નબીને અને તે લોકોને જેઓ તેની સાથે ઈમાન લાવ્યા, રૂસ્વાહ નહી કરે, **તેમનું નૂર** તેઓની સામે અને તેઓની જમણે દોડી રહ્યું હશે. તેઓ દુઆ કરતા હશે કે અમારા રબ ! અમારૂં નૂર અમારા માટે મુકમ્મલ (પૂર્ણ) કરી દે અને અમોને બક્ષી દે. તુ હરેક વસ્તુ પર શક્તિવાન છે.'' (સુ. તહરીમ, આયત નં. ૮)

આ નૂર કયામતને દિવસે બંદાના સાથે આ આ'માલ હશે.

**કુર્આનને નૂર કહેવાની સાથો સાથ અલ્લાહ મુહંમદ (સ.અ.વ.) ને કહે છે :**

(૧) ''કહો : (હે મુહંમદ (સ.અ.વ.) કે હું તો ખુલ્લો ખબરદાર કરનારો છું.'' (આયત નં. ૪૯)

(૨) "કહો : (હે મુહંમદ (સ.અ.વ.) જે રસુલની તાબેદારી કરે છે તે અલ્લાહની તાબેદારી કરે છે." (સુ. નિસાઅ, આયત નં. ૮૦)

(૩) "હે નબી (સ.અ.વ.) અમે તમને શહિદ (સાક્ષીદાર) મુબશ્શીર (ખુશ ખબરી દેનાર) અને નજીર (ચેતવનાર) બનાવીને મોકલ્યા છે." (સુ. અહઝાબ, આયત નં. ૪૫)

બયાન નં. ૫૪ (તરીકત) માં છે :

પીર મહંમદ છેહ સંઘકેરે,
ખાતમુનનબી હુવે રે અનેરે. - ૧
પીર છેહ સંઘ કે મહંમદ કહીએ,
મહાદન શફઅત ઉનું કી લહીએ. - ૨
પીર જે દુજે નબી બાજ જાંનો,
નબી બેણ સું રાહા કહે સહી માંનો. - ૩
જો બાજ મહંમદ નબી નાં કહીએ,
તો મહાદન સુધી બેન ઉનું કે લહીએ. - ૪
જે પીર હો બિના અવર સુનાતે,
અપને મનસું રાહ દિખાતે. - ૫
તો મહંમદી રાહ કહી નાંહી જાતી,
તો ફિકર રાહ કી ઔર મન આતી. - ૬
કે નબી રે હોએ સો રાહ દિખાવે,
ભી નબી બિના મારગ નાં અવર બંધાવે. - ૭
હે બાજ મહંમદ નબી રે નાંહાં,
કે રાહા રે દિખાવે ઈસ જગ માંહાં. - ૮
જો પીર હો નબી બિના રાહ દિખાવે,
તો મહંમદ બાજ વે નબી રે કહાવે. - ૯
યું તો રે નાંહાં મન સું કહીએ,
ખાતમ નબી મહંમદ લહીએ. - ૧૦

તો બયાંન રે રહા સહી મહંમદ કેરા,
ઉસ માંહેથી દિખાવે પીર રાહ બોતેરા. - ૧૧
પીર જે દુજે ઉનું પીછે આવે,
વે રાહ નબી કી જીભે બતાવેં. - ૧૨
કુરાંન જેસા એ પીર રે આખેં,
જે મહંમદ કહીઆ વે ખોલ કર દાખેં. - ૧૩
જો આપ આપ જજાઆ મનસુઃ કે'તે,
તો એક પંથ મુમન કયું કર લેતે ? - ૧૪
તો બયાંન કુરાંન કા નાં રે'તા ઠાંમા,
જો આપ આપ મનસું કરતે કાંમા. - ૧૫
તો મુમન ઈતના સુણ રે ભાઈ,
કે પીરૂં ને નબી કી રાહ બતાઈ. - ૧૬
દેખી પીરૂં નબી સું શરીઅત ગુંજ,
કે શરીઅત સબમેં હે ગુંજ સું એ બુઝ. - ૧૭
તો પીર ને ગુંજ કી રાહ કું લીતી,
અબુઝ બંદું કું ખોલ કર દીતી. - ૧૮
તો તરીકત, હકીકત, મા'રેફત જાંને,
તો સતી મુમન રબ કું પિછાંને. - ૧૯
રે તું હીઃ
બયાન નબીકા મનસું, રાહા મહાદન સુધી જાંન રે,
રાહા મહાદન સુધી જાંન,
નબી બાજ પીરૂં કહે, વે રાહ દિખાઈ માંન રે,
વે રાહ દિખાઈ માંન - ૨૦

(નબીએ કરીમ (સ.અ.વ.) આખર જમાનાના નબી પીર છે અને છેલ્લા નબી છે. કયામતમાં ઉમ્મતીઓને શફાઅત તેમના થકી મળશે. નબીએ

કરીમ (સ.અ.વ.) પછી તેમની ઉમ્મતમાંથી જે પીર હોય તે નબીએ કરીમ (સ.અ.વ.) ની વાતોમાંથી જ રાહ સુચવે અને કયામત સુધી આપ (સ.અ.વ.) નાં વેણ (વચનો) ચાલશે. માટે મુહંમદી રાહ અલિપ્ત નથી રહેતી. જે ઉમ્મતી પીર હોય તે નબીએ કરીમ (સ.અ.વ.) ની રાહથી નાંખી રાહ નથી બાંધતો. જો તે નોંખી રાહ બાંધે તો તે ખુદ નબી થઈ ગયો, અને નવી શરીઅત લાવ્યો ગણાય. તમારા મનને સમજાવો કે મુહંમદ (સ.અ.વ.) પછી બીજા કોઈ નબી થઈ શકતો જ નથી અને તેમનાં બયાનો સાચાં છે. નબીએ કરીમ (સ.અ.વ.) પછી જે પીર હોય તે નબીના બયાનોમાંથી જ રાહ બતાવે અને કુર્આન અને નબીએ જે કહ્યું (હદીસ) તેને જ કહી બતાવે. જેણે કુર્આન સિવાયનાં બયાનો બતાવ્યાં તેણે પોતાના મનનો પંથ (દીન) ઉભો કર્યો, પણ સાચા પીર હોય તે ગુંજની રાહ નબીથી શીખે છે અને અજ્ઞાન બંદાને સારી રીતે સમજાવે છે.)

ફરીથી જુઓ :

**"હાઝા મુનવ્વર સબઘટ આવે,**
**પીર તમારા સોહી કે'લાવે."**

તેથી એ વાત સ્પષ્ટ થાય છે કે, નૂરે નબુવ્વતનો ફયઝ સબઘટ (બધાં ઉમ્મતીઓમાં) કુર્આન અને સુન્નતથી ફેલાવે એ, અને નહીં કે નૂરે નબુવ્વત કોઈનામાં ઉતારે તે પીર કહેવાય. ઉપરોક્ત કડીઓ ઉપર ફરીથી નજર ફેરવીએ:

**"તો મહાદન સુધી બે'ન ઓનુંકા લહીએ,**
**તો બયાન તો રહા સહી મંહંમદ કેરા,**
**ઉસ માંહેથી દિખાવે પીર રાહા.**
**કુર્આનં જેસાં એં પીર રેં આખે,**
**જે મહંમદ કહીયા વે ખોલ કર દાખે"**

તેથી તે નૂર કુર્આન અને સુન્નત છે અને તે નૂર બધાયમાં (સબઘટ) ઉતારે તે તમારો પીર કહેવાય.

નૂર અને શફાઅત સંબંધ વધુ ચર્ચા હવે આગળ આવે છે.

## પ્રકરણ - ૬

# નૂર-અલા-નૂર

## (નૂરની ઉપર નૂર)

અલ્લાહે તેના નૂરની તારીફ સુરહ 'અન્નૂર' ની આયત નં. ૩૫ માં આ પ્રમાણે કરી છે.

"અલ્લાહ આસમાનો અને જમીનનું નૂર છે. તેના નૂરનું ઉદાહરણ એવું છે જાણે એક તાખ (ગોખ) જેમાં દીવો હોય અને તે દીવો (ચિરાગ) કાચ (ફાનુસ) ની માંહે હોય અને એવો હોય કે જાણે ચમકતો તારો અને તે ચિરાગને જયતુનના મુબારક વૃક્ષ, જે ન તો પૂર્વીય હોય કે ન જે પશ્ચિમી, રોશન કરવામાં આવતો હોય, તેનું તેલ ભડકી ઉઠવાને હોય, જો કે તેને આગ અડી પણ ન હોય. નૂર ઉપર નૂર અલ્લાહ તેના નૂરથી **જેને ચાહે તેને હિદાયત આપે છે** અને અલ્લાહ લોકો માટે ઉદાહરણો બયાન ફરમાવે છે. અલ્લાહ દરેક વસ્તુની જાણ રાખનાર છે."

અહીંયા ઉપરની આયતમાં અલ્લાહે ખુલાસો પણ કરી દીધો કે, **અલ્લાહ તેના નૂરથી જેને ચાહે તેને હિદાયત આપે છે.** એટલે નૂર એ કુર્આનનું નૂર છે. (તેનો ખુલાસો આગળ આવે છે) એટલે હિદાયતનો દરવાજો અલ્લાહને હાથ છે. નબી પણ ચાહે તો કોઈને હિદાયત આપી શકે નહીં. નબીએ કરીમ (સ.અ.વ.) પોતાના કાકા અબુતાલીબને પણ હિદાયત ન આપી શક્યા.

તેથી આજે કોઈ રસ્મી કે વારસાગત પીર એમ કહે કે તે નૂર તેનામાં નબીએ કરીમ (સ.અ.વ.) મારફતે ઉતર્યું છે અને તે તેની પેઢીઓમાં તબદીલ (ટ્રાન્સફર) થતું આવે છે અને તેના માનનારને તે હિદાયત આપી શકે છે, તો આવું માનનાર અને મનાવરના બેઉ ગુમરાહી ઉપર છે. તેનો ખુલાસો પણ આગળ આવે છે.

## પીરની શફાઅત :-

ઉપર જણાવ્યું તેમ નૂરે નબુવ્વતનો ફયઝ (લાભ) પરહેઝગારને મળી શકે છે, પણ નૂરે નબુવ્વત ટ્રાન્સફર (તબદીલ) નથી થઈ શકતું. નૂર અલા નૂરની અણસમજે ઘણાંયને અંધશ્રધ્ધામાં ધકેલી દીધા છે. અંધશ્રધ્ધાળુઓ પીરને કબરમાં અને કયામતમાં તેઓના શીફારશી માની લીધે છે, અને પીરો તેવું મનવાવે છે. પણ કુર્આન **શફાઅત વિશે શું કહે છે** તે જુઓ :

**શફાઅત કોના હાથમાં :-**

(૧) "જે કાંઈ આકાશો અને જમીનોમાં છે તે તેનું જ છે, કોણ છે જે એની હુઝુરમાં એની **પરવાનગી** વગર શિફારીશ કરી શકે ?" (સુ. બકરહ, આયત નં. ૨૫૫)

(૨) "તે (કયામત) ના દિવસે કોઈને શફાઅતનો **અધિકાર નહીં હોય,** તે જ શફાઅતની ભલામણ કરી શકશે. જેણે રહમાનની હુઝુર ફરમાન હાસીલ કરી લીધું હશે." (સુ. મરીયમ, આયત નં. ૮૭)

(૩) "તેની હુઝુરમાં **કોઈની શફાઅત** કામ લાગી શકતી નથી. સિવાય કે જેમને માટે અલ્લાહ પરવાનગી આપે." (સુ. સબા, આયત નં. ૨૩)

(૪) "શફાઅત બધી અલ્લાહના **અખત્યારમાં છે.**" (સુ. ઝુમર, આયત નં. ૪૪)

(૫) "તમે જેઓને પોકારો છો તેઓ શફાઅતનો **અખત્યાર નથી ધરાવતા.**" (સુ. ઝુખરૂખ, આયત નં. ૮૬)

(૬) "એવું થશે કે તેઓ પોતાનો ભાર ઉપડશે અને બીજાઓનો પણ, તેમનાં જુઠાણાની તેમનાથી પૂછપરછ થશે." (સુ. અલ અનકબૂત, આયત નં. ૧૩)

(૭) "રહમાન સાથે વાત કરવાની કોઈનામાં હિંમત નહી હોય." (સુ. નબા : આયત નં. ૩૭)

(૮) ''જે દિવસે જીબ્રઈલ અને ફરિશ્તા કતારબંધ ઉભા હશે, કોઈ વાત નહી કરી શકે, સિવાય કે રહમાન જેને પરવાનગી આપે.'' (સુ. નબા : આયત નં. ૩૮)

**આ હશે કયામતનો મંજર (દ્રશ્ય) :-**

(૧) ''જ્યારે આંખો ફાટેલી અને ફાટેલી રહી જશે. બધા જ માથું ઉંચકીને નાસી રહ્યા હશે. નજરો છે કે વળીને આવનાર નથી અને મન છે કે ઉઠી રહ્યા છે.'' (સુ. ઈબ્રાહીમ : આયતો નં. ૪૨/૪૩)

(૨) ''બધા જ અલ્લાહ વાહીદ અને કહહાર (જબરદસ્ત) સમક્ષ હાજર થશે. ગુનાહગારો સાંકળોથી બંધાયેલા હશે. તેમના પોષાક ડામરના હશે અને ચહેરાઓ ઉપર આગ છપાયેલી હશે.'' (સુ. ઈબ્રાહીમ : આયતો નં. ૪૮ થી ૫૦)

(૩) ''અલ્લાહ કહેશે વાંચ તારી કર્મ નોંધ. તું તારો હિસાબ કરવા પુરતો છે.'' (સુ. બની ઈસ્રાઈલ : આયત નં. ૧૪)

(૪) ''તે દિવસે બધા એકલા એકલા જ હાજર થશે.'' (સુ. મરિયમ : આયત નં. ૯૫)

(૫) ''અમે તે દિવસે ગુનાહગારોને એવી દશામાં ભેગા કરીશું કે તેમની આંખો ઉંદી પડી ગયેલી હશે.'' (સુ. તાહા : આયત નં. ૧૦૨)

(૬) ''બધા રહમાનના અવાજ નીચે દબાઈ જશે.'' (સુ. તાહા : આયત નં. ૧૦૮)

(૭) ''તે દિવસે આંખો ઝંખવાઈ જશે અને ચાંદ ઝાંખો પડી જશે.'' (સુ. કીયાપહ : આયતો નં. ૯ થી ૬)

(૮) ''ત્યારે કોઈ માં-બાપ તેમની ઔલાદને કામ નહી આવે અને ન જ ઔલાદ માં-બાપને કામે આવશે.'' (સુ. લુકમાન : આયત નં. ૩૩)

(૯) "પછી અલ્લાહ કહેશે તમે અમારી પાસે એકલા એકલા આવી ગયા, જેવા કે તમને પહેલા (એકલા જ) પેદા કર્યા હતા અને તમને જે આપ્યું હતું તે વાંસે મૂકી આવ્યા અને તમારી સાથે તમારા સીફારસીઓ કેમ દેખાતા નથી ?" (સુ. અનઆમ : આયત નં. ૯૪)

(૧૦) "જેમણે પોતાના દીન (મઝહબ) ને ખેલ-તમાશો બનાવી દીધો અને જેમને આ જીવનને ભ્રમમાં મૂકી દીધા હતા. આજે અમે પણ તેમને વિસારી દઈશું." (સુ. અઅરાફ : આયત નં. ૫૧)

**અલ્લાનું કલામ મોટું કે પીરની વાત મોટી ?**

## જ્યા દાદા આદમ પણ મજબુર હશે :

જ્યાં કયામતમાં દાદા આદમ અને બીજા નબીઓ પણ નફસી નફસી (મારો જીવ ! મારો જીવ !) હશે અને કાંઈ નહી કરી શકે, ત્યાં મુહંમદ (સ.અ.વ.) અલ્લાહ આગળ સજદામાં પડી જશે અને અમુક સમય પછી અલ્લાહ આપની મરજી પૂછશે, તો આપ (સ.અ.વ.) ઉમ્મતની મગફેરતની તલબ કરશે :

પીર મશાયખ (રહે.) લખે છે :

**દાદા હો આદમ નબી હો જેવા,**
**તોબા કરીને રે'શે - જી હોજી.**
**અરજ પોતાની ઉમ્મત કેરી તો,**
**નબી કોઈ ના કે'શે જી હોજી. - ૧૫**
**મુહંમદ નબી ઉમ્મત કાજે તો,**
**સિજદા માંહે જાશે;**
**'ઉમ્મતી' 'ઉમ્મતી' તાં લગી કરશે,**
**જાં ભેસતી છુટક થાશે... જી હોજી. - ૧૬**

(સીડીઓનાં બયાન)

શફાઅતનો આ પહેલો પ્રસંગ હશે.

બધા નબીઓથી પહેલાં મુહંમદ (સ.અ.વ.) ને ઉમ્મતની શફાઅત કરવાની પરવાનગી મળશે. ઉમ્મતને બક્ષાવવાનો આ અમલ અલ્લાહે નબી વંશમાં કોઈને અગાઉથી (એડવાન્સમાં) તબદિલ (ટ્રાન્સફર) નથી કર્યો.

## મુહંમદ (સ.અ.વ.) એકલા જ શફાઅત કરી શકશે :

**નબીએ કરીમ (સ.અ.વ.) પણ ઉમ્મતને બક્ષાવા ઘણી લાંબી મુદ્દત અલ્લાહ આગળ સજદામાં જશે પછી તેમને શફાઅતની પરવાનગી મળશે. તો કોણ છે તે શેખજાદાઓ, સૈયદ જાદાઓ કે પીરજાદાઓ જેઓ નબીએ કરીમ (સ.અવ.) થી પણ પહેલા કબરમાં કે મહેશરમાં મુરીદોની શફાઅત માટે પહોંચી જશે ?**

## પીર મુહંમદ (સ.અ.વ.) થી વધીને નથી :

(૧) એકવાર નબીએ કરીમ (સ.અ.વ.) દ્વારા શફાઅત મળી ગઈ તો બીજાઓ દ્વારા બીજી શફાઅતની જરૂર ક્યાં રહેવાની છે ? (૨) જો પીર કબરમાં અને મહેશરમાં મુહંમદ (સ.અ.વ.) થી પહેલાં શફાઅત માટે પહોંચી જવાના હોય તો તેમનો મરતબો નબીએ કરીમ (સ.અ.વ.) થી પણ વધી ગયો ગણાય.

(૩) રિવાજી પીરોએ મુરીદોના મનમાં એવું ઠસાવી દીધું છે કે મુરીદોને મહેશરમાં અને કબરમાં **પીરની જરૂરત** પડશે જ, અને એ કારણે અજ્ઞાન મુરીદો પીરની નારાજીથી ડરતા હોય છે અને પીરને રાજી રાખવા પીર સમક્ષ તેમના માલનો ખડકલો કરતા હોય છે.

(૪) ઉપર શફાઅત અને કયામતના દ્રશ્યની કુર્આનની આયતો અને પીર મશાયખનું સીડીઓનું બયાન "દાદા રે આદમ નબી જેવા નફસી નફસી થાશે રે..." એ વાત બતાવે છે કે, શફાઅત નબીએ કરીમ (સ.અ.વ.) સિવાય કોઈ કરી નહીં શકે.

(૫) પીર મશાયખ (રહે.) ઈમાન ભાગ-૨ ના બયાનો નં. ૧૯૦૦/૯૪ થી ૧૯૦૬/૮૬ માં લખ્યું છે કે, કબરમાં બંદાથી ત્રણ સવાલો થશે :

- તારો રબ કોણ ?
- તારો દીન કયો ?
- અને મુહંમદ મુસ્તુફા (સ.અ.વ.) નો ચહેરો બતાવી પૂછવામાં આવશે કે તેમને વિશે બંદો શું કહે છે ?

ઈમાન વગરનો બંદો કહેશે કે હાય ! હાય ! મને ખબર નથી.

બયાનમાં પીર મશાયખ (રહે.) એવું કહ્યું નથી, અને હદીષમાં ક્યાં એવું નથી કે પીર કબરમાં કે મહેશરમાં મુરીદની શફાઅત માટે આવશે.

(૬) તેમ છતાં અંધશ્રધ્ધાળુઓ પોતાના પીરને બક્ષા-બક્ષાયા ગણી પીરને પોતાની શફાઅત માટે અનિવાર્ય ગણે છે, અને પોતાને મજબુર ગણે છે. પણ કુર્આન મુહંમદ (સ.અ.વ.) વિશે શું કહે છે તે જુઓ :

## મુહંમદ (સ.અ.વ.) પણ અલ્લાહને શરણે :

કુર્આનમાં છે :

(૧) "હે પયગંબર ! કહો કે હું તો મારા રબને પોકારૂં છું અને તેની સાથે કોઈને ભાગીદાર નથી કરતો. કહો, હું તમારે માટે કોઈ નફા-નુકસાનનો અધિકાર નથી ધરાવતો અને હિદાયતનો, અને મને અલ્લાહની પકડમાંથી કોઈ બચાવી શકતું નથી અને નજ હું તેના સિવાય કોઈ આશરો પામી શકીશ." (સુ. અલ-જીન : આયતો નં. ૨૦ થી ૨૨)

(૨) "કહો, હે મુહંમદ (સ.અ.વ.) કે હું કોઈ અનોખો રસૂલ નથી અને હું નથી જાણતો કે મારી સાથે કેવો મામલો કરવામાં આવશે અને તમારી સાથે કેવો. હું તો તે વહીની પેરવી કરી રહ્યો છું જેને મારા ઉપર મોકલવામાં આવી રહી છે." (સુ. અહકાફ : આયત નં. ૯)

ાન ભાગ-૨ ના બયાનો નં. ૧૯૦૦/૯૪ થી
છે કે, કબરમાં બંદાથી ત્રણ સવાલો થશે :

(૩) "કહો, હે મુહંમદ (સ.અ.વ.) કે મારી જાત માટે હું કોઈ જાતના નફા-નુકસાનનો અધિકાર નથી ધરાવતો. થાય છે તે જ જે અલ્લાહ ચાહે છે અને મને ગેબની કોઈ ખબર હોત તો ઘણા બધા લાભો મેળવી લેત અને મને કોઈ નુકસાન થવા ના પામત. હું તો બસ સાવધાન કરનાર અને ખુશ-ખબરી દેનાર છું, તે લોકો માટે કે જેઓ ઈમાન લાવે છે." (સુ. અઅરાફ : આયત નં. ૧૮૮)

કુર્આન અલ્લાહની વાણી છે અને મુહંમદ (સ.અ.વ.) પણ તે વાણીને તાબે થયા છે. તેમ છતાં મુરીદ તેના પીર તરફના અતિભાવને લીધે પોતાના પીરને **'બોલતું કુર્આન' કહી દે તો તેની આ અજ્ઞાનતા અસલ કુર્આનથી બળવો છે.**

## પીરનું સ્મરણ નહિ, કલેમાનું સ્મરણ :

બયાનો નં. ૩૮ અને ૩૯ માં છે કે દુનિયાની છેલ્લી ઘાટી મૌત છે અને મૌત સમયે બંદાનું ઈમાન લુંટવા શૈતાન વળગે છે કે આ ઘાટી બંદાએ પસાર કરી દીધી તો પછી તેનું કાંઈ નહીં વળે. ઈમાનવાળો દુનિયામાં બધાં નાકાં પસાર કરે છે તો આ છેલ્લી ઘાટી પણ તેને માટે મુશ્કેલ નથી. મૌત વેળા બંદાના નબી પીરનો કલમો પઢવાથી શૈતાન તેનાથી ભાગે છે. જે દુનિયામાં નબી પીરની સેવા કરે છે, એટલે કે નબીને માર્ગે ચાલે છે, તેને મૌત વખતે અલ્લાહ અને નબીએ કરીમ (સ.અ.વ.) નું નામ (કલેમો) સુજે છે અને તેનું જ સ્મરણ કરે છે. અહીંયા દુનિયામાં નબી પીરની પેરવીને સેવા કહી છે, અને બયાનનો પૂરો સંદર્ભ કલમા તૈય્યબાથી છે. બયાનમાં આગળ લખ્યું છે કે, કલમો એ જન્નતની કૂંચી છે અને તેનાથી તે જન્નતનો દરવાજો ખુલે છે અને ખોયેલુ વતન પાછું મળે છે. એટલે બયાન નં. ૩૮માં મૌત વખતે પીરનો જે ઉલ્લેખ છે તે નબી-પીર માટે છે. કેમકે તે બયાનમાં કલેમાનો જ જીક્ર છે.

પીર મશાયખ (રહે.) લખે છે કે, જો વગર કલમે મૌત થઈ તો દોજખની

આગ તૈયાર છે અને તે બંદાના કરતવ (કરણી) નું ફળ છે. બંદાએ શૈતાનથી પ્રેમ કર્યો તો તેને જન્નતની કુચી (કલમો) નસીબ ન થઈ, અને શૈતાન અંત સમયે ઈમાન લૂંટી ગયો. ચોરની સંગતનું પરિણામ શું હોય ? ઈમાન વગરનો બંદો મૌત સમયે તેના પાપોને સંભારે છે અને અંદર અંદરથી રડે છે. તેને તેનાં નેક અમલો શોધ્યા પણ જડતા નથી હોતા. પાપી મૌત વેળા ધ્રુજે છે. કેમકે તે નબી (પીર) ને માર્ગે ચાલ્યો નહીં.

આપ (સ.અ.વ.) લખે છે કે, મૌત સામે ખાતેમુન્નબી (અ.સ.) નો કલમો જપો, જપાવો. ગુનેગારની જીભ કલમા માટે ઉપડતી નથી હોતી. જેણે કુટુંબ માટે જીવતર કાઢ્યું તે મૌત સમયે કામ આવતું નથી. આખરી નબીના કલમાથી જન્નત મળે છે, તે તેમની બુઝુર્ગી છે. નબી તો ઘણા થઈ ગયા, પણ આપ (સ.અ.વ.) જેવા મરતબાવાળું કોઈ થયું નથી. ઉપરોક્ત સમજણ એટલા માટે આપી છે કે ખાતેમા બીલ ખયર શી રીતે થાય અને અલ્લાહ શી રીતે મળે.

બયાન નં. ૪૩ ની પંક્તિઓ ૭ અને ૮ ને આધારે ઘણા લોકો મરતી વખતે પીરને યાદ કરે છે અથવા પીરની ત્યાં હાજરી સમજવા માટે પીરની છબી મરનાર આગળ ધરે છે, તે તેમની તે પંક્તિઓના અર્થની ગેર સમજને લીધે છે. તે પંક્તિઓ આ પ્રમાણે છે :

**પીર તો અપના તબ યાદ કીતા,**
**પીર નામ હૌસે મન ભાવસુ લીતા. - ૭**
**સત જીવી પીર કી સેવા જેસી કરતા,**
**સુરત પીર કી મનમાંહી ધરતા. - ૮**
**વે સુરત નજરૂં ઠાડી રે હોવે,**
**નાઠે રે દુરિજન જબ વે જોવે. - ૯**

આ પંક્તિઓનો સંદર્ભ ઉમ્મતી પીર સાથે નહીં, પણ મુંહમદ (સ.અ.વ.) સાથે છે. પીર મશાયખ (રહે.) ના લખવા મુજબ ઈમાનવાળો

(સતજીવી) જેણે જીવનભર મુહંમદ (સ.અ.વ.) ની પેરવી કરી (સેવા કરી) તેમનો તસવ્વુર મરનાર દિલમાં લાવે, અને તે નબી પીરનો કલમો પઢે, જેનાં બીજા ભાગમાં મુહંમદુર્ રસુલુલ્લાહ છે. બંદો જ્યારે આવું કરે છે તો શૈતાન માયુસ થઈ જાય છે. તે પછી પંક્તિ છે.

**તબ જાને કલમા કે'ણે હો લાગા,**
**જબ ડર રે દુરિજન કેરા હો ભાગા. - ૧૦**
**થી વતન કી કીલી જો પાસ રે આઈ,**
**તો બિસત રે સીધી સતીને પાઈ. - ૧૧**

(કલેમો જન્નતની ચાવી છે, જેને મૌત વખતે કલેમો નસીબ થયો તે જન્નતી છે.)

અહીંયાં પંક્તિઓ નં. ૭ થી ૯ એ પંક્તિઓ નં. ૧૦ અને ૧૧ થી સંલગ્ન છે. એટલે પંક્તિ નં. ૭ ને અલગ કરી મરતી વખતે કલેમાને બદલે, કે કલેમાની સાથે ઉમ્મતિ પીરને યાદ કરવાનું સમજવું એ ગુમરાહી છે.

ગઝલોમાં સેવાનો અર્થ ઈબાદત અથવા પેરવી થાય છે, જેને ગઝલના સંદર્ભમાં વાપરવામાં આવે છે. જેમ કે,

**હે જી.. પીયુજી હમારા સબ ઘટ બેઠા,**
**સેવા ઓનું કી કી જે....**

અહીંયા સેવાનો અર્થ અલ્લાહની ઈબાદત એવો લેવાશે.

પણ, જેમ ઉપર કહ્યું તેમ,

સતજીવી પીર કી સેવા જેસી કરતા.... એનો અર્થ પેરવી લેવાશે. કેમકે, નબીની ઈબાદત કદી થઈ શકતી જ નથી. કોઈ જણ નબીની ઈબાદત કરે તો તે કુફ્ર છે. અહીંયાં સેવાનો અર્થ દુનિયાની સુખસગવડો સાચવવી એવો થઈ શકશે નહીં.

ત્યાર પછીનાં બયાનો નં. ૪૦ થી ૫૦ સુધીમાં આપ (સ.અ.વ.) ની

મેઅરાજની સફરનું વર્ણન છે.

ગુંજ સમજવા પહેલાં શરીઅતને સમજવું જરૂરી છે. માટે પીર મશાયખ (રહે.) બયાન નં. ૫૧ માં કહ્યું છે કે, નબીએ કરીમ (સ.અ.વ.) ઉમ્મતને કુર્આન સમજાવ્યું, અને પૂરી ઉમ્મતે નબીએ કરીમ (સ.અ.વ.) થી શરીઅત મેળવી. જેમ બાદશાહનું લશ્કર હોય છે, તેમ નબીની ઉમ્મત હોય છે. નબીએ કરીમ (સ.અ.વ.) ની ઉમ્મત પૂરી માનવજાત છે અને બધાયની ઉપર શરીઅત લાગુ છે, પણ તેમાંથી નાફરમાન ઉમ્મત નબીની રાહે ચાલતી નથી. તે નબીના કલમા પર નથી. નબીએ કરીમ (સ.અ.વ.) એ શરીઅતને આમ કરી છે, પણ તેમાંથી કેટલાક એવા છે, જેઓ શરીઅત પછી આગળ તરીકતી માર્ગ પકડે છે, હકીકતથી વાકેફત મેળવે છે અને અલ્લાહની ઓળખ પામે છે. મુસલમાનોમાંથી જેઓ ગુંજને સમજે છે તેઓ મોમીનના દરજાવાળા છે, મોમીન એટલે જ જન્નતી. અલ્લાહની દિલથી ઓળખ મેળવવા ગુંજ (દીલની કેફીયત) કેળવવી પડે છે. ગુંજને શબ્દો કરતાં ઉદાહરણોથી સમજવું વધારે સરળ હોવાથી પીર મશાયખ (રહે.) ગુંજને ઉદાહરણોથી સમજાવ્યો છે, જે આવતા પ્રકરણમાં આવે છે.

**સુનોરે મુરીદો, જે હોરે મેરે,**
**મંચ તેહકીક કર લિખતા હું બુઝીયો સવેરે,**
**મંચ કહી જાગો દેખકર, બયાન હું કરતા,**
**મંચ તેહકીક કીયે બીના, એક બોલ નાંહી લીખતા.**
**(કિતાબ, ઈબાદત)**

પ્રકરણ - ૭

# ગુંજ અને ગુંજ સમજવાના ઉદાહરણો

ગુંજ એ દિલની કેફીયત છે. પીર મશાયખ (રહે.) બયાન નં. ૫૩ માં લખે છે કે શરીઅતના પીરો (માર્ગદર્શકો) ઘણાં છે, ત્યાં પીરોને કહેવાની કોઈ જગ્યા નથી, અને સુફીઓએ શરિઅતને ગુંજથી અલગ કરી છે, અને ગુંજ સમજનારને મોમીન કહ્યો છે. બયાન નં. ૫૫ માં છે કે, માણસ પોતાની નીચી કક્ષાની ઉત્પત્તિને વિચારે, અને બયાન નં. ૫૬ માં છે કે, ગુંજના માર્ગે બંદો પોતાને કુરબાન કરે. ગુંજ એ દિલની સફાઈ માટે સુફીઓએ બતાવેલો તરીકો છે.

**૧. પગીનું ઉદાહરણ : (બયાનો નં. ૫૭ અને ૫૮) : સમજુતી :-**

ચોરની ભાળ મેળવવા તેનાં પગલાં શોધનાર પગી (ખોજી) હોય છે. શૈતાન નફસને ઉભારે છે. પગી વગર પૂર્વ-પશ્ચિમ દોડ્યા કરો તો તમને તેમનાં પગલાં ન જડે. કામીલ પીર (માર્ગસૂચક) શૈતાનરૂપી ચોરનાં પગલાંની નિશાનીઓ તાલીબને બતાવે છે. મૃગ રણનાં ઝાંઝવાંને પાણી સમજી ખુશ થાય છે, પણ તેની તે ખુશી ઠગારી નીવડે છે. બે ઈલ્મ બે અમલ માણસ પણ દુનિયા રૂપી ઝાંઝવાં પાછળ દોડે છે, પણ અલ્લાહની નજદીકી પામતો નથી.

અંધારી રાતે પણ રસ્તો દેખાતો નથી હોતો. જંગલના અંધારામાં જંગલ અને રસ્તો બંને સરખા દેખાય છે. અંધારી રાતે બપીહા અજવાળુ ઝંખે છે અને 'પીયા' બોલે છે. ઉજાસ તરફ રસ્તો બતાવનાર ન હોય તો અલ્લાહની નજદીકીનો રસ્તો પણ નહીં જડે. જે પગીની મદદ ન લે અને પોતે જ ચોરનાં પગલાં શોધવા નીકળે તે ગુંચવાઈ જાય. માટે અલ્લાહની નજીક જવા 'કામીલ' મુરશદ (માર્ગસૂચક) ની મદદ લેવી પડે.

**નોંધ :-** જે પગીનાં પોતાનાં જ પગ સ્થિર ન હોય, કે તેના વિષયનું તેને જ્ઞાન પણ ન હોય, તે બીજાનાં પગલાંને ચોરનાં પગલામાં ખપાવી શકે છે. જેને

માર્ગસૂચક માન્યો તેનામાં કુર્આન અને સુન્નતનું ઈલ્મ પણ ન હોય અને અમલ પણ ન હોય, તે માર્ગસૂચક પણ ઉબોટ (ઉલટી) રાહે દોરી લઈ જઈ શકે છે.

**૨. દીવાનું ઉદાહરણ : (બયાનો નં. ૫૯ અને ૬૦) : સમજુતિ :-**

અંધારી રાતે રસ્તો સુઝવાનું સાધન દીધો પણ છે. પણ તેલ વગર દીવો ન બળે અને પંસારી (તેલી) વગર તેલ ન મળે. દીનની રાહ પણ તેના શીખવનાર વગર મળતી નથી. અલ્લાહની નજદીકી મેળવવા દીવા-જ્યોત જેવો શીખવનાર જોઈએ. દીવો ફક્ત તેના સળગાવનારને એકલાને જ પ્રકાશ નથી આપતો, પણ આજુબાજુના લોકો પણ તેનો લાભ લે છે. પોતાના તન સુખને કુર્બાન કરી માર્ગસૂચકની મદદથી અલ્લાહની નજદીકી શોધવી જોઈએ.

દિલના અંધારામાં સામે શૈતાન ઉભો છે. શૈતાન પણ તેની જ્યોત જલાવે છે. જો પંથી ભૂલે તો શૈતાન તેની જ્યોતને વધારે તેજ કરી તેની તરફ ખેંચે છે કે તે પંથીનો રસ્તો તેની (શૈતાનની) જ્યોત તરફ છે. અહીંયા પંથીને જ્યોત કોની છે તેની ખબર નથી હોતી, તેથી તે સમજાવનાર જોઈએ.

**બળદ જો બીજો રસ્તો પકડે તો** ઊંધુ ઘાલીને તે બીજા રસ્તે જ ચાલ્યા કરે છે.

જો તમે શૈતાની જ્યોતનો રસ્તો પકડ્યો તો તમે પણ તે જ રસ્તે ચાલ્યા કરશો. અલ્લાહની રાહ લાંબી છે અને આ લાંબી રાહની દિશા બતાવનાર કામીલ માર્ગસૂચક શોધવો જોઈએ. તેની રાહે ચાલવાની તકલીફ લીધા વગર તે મળશે નહીં. તમે તમારૂં તન-ધન અલ્લાહની ખોજમાં લગાવો તો અલ્લાહ (પીયું) મળશે.

**નોંધ :** જો દીવો નામનો હોય અને તેનામાં દીવેટ પણ હોય પણ તેમાં તેલ ન હોય તો દીવેટ થોડીકવારમાં બળી જશે અને પાછું અંધારૂં મળશે.

**૩. કદમ ઉઠાવવાનું ઉદાહરણ : (બયાનો નં. ૬૧ થી ૬૩) :**

સમજુતિ :-

જેને અલ્લાહની ખોજ હોય તે તેના કદમોને અલ્લાહ તરફ ઉઠાવે છે. પગોથી ન ચાલતો માણસ માથાભેર (શિર્ષાસને) નથી ચાલતો, પણ જો તેને અલ્લાહનો માર્ગ શોધવાની તલબ હોય તો તે માથાભેર ચાલવાની પણ તકલીફ ઉઠાવી લે. અલ્લાહ (પીયા) નો રાહી થાકતો નથી, કે રાત-દિન જોતો નથી અને તેને જંપ (ચેન) હોતું નથી. તે ચાલતો જ રહે છે કે કદીક તેને અલ્લાહ મળી જાય ! જેના મનમાં અલ્લાહ પ્રત્યે ભાવ ન હોય તે ઉલ્ટી દીશાએ દૂર દૂર ભાગતો રહે છે. જે માણસ તેના કદમોને અલ્લાહ તરફ ન દોડાવે તેના કદમ શા કામના ? માટે તમે તમારા મનને મારીને અલ્લાહની રાહે લઈ આવો, નહીં તો શૈતાન તો તમને ભૂલાવામાં નાંખવા ટાંપીને બેઠો છે. જો શૈતાન દિલમાં વસવાટ કરવા માંડે તો તેને દૂર કરો. જો એવું કરશો તો અલ્લાહ તરફ તમારૂં હેત વધશે. અલ્લાહ પામવાના રસ્તા (તરીક) તરફ જે નહીં જાય તેને અલ્લાહનો પ્રેમ પણ નહીં મળે. જે પોતાના જ ગુમાનમાં રહે અને અલ્લાહની રાહે ડગ ન માંડે તેને આંધળો અને ગાંડો સમજો. જો તમારી આંખો અલ્લાહ ઉપર મીટ ન બાંધે તો તમારૂં માથું જ કાપી નાંખો (આ એક શીખામણ છે). ગફલતના અંધારામાં જે પોતે આંધળો (અજ્ઞાન) છે, તે પોતાની રીતે માર્ગ શી રીતે જાણશે. જેને અલ્લાહ પામવાની આગ ન લાગે તે અલ્લાહના વિરહની આગને શું જાણે ? માટે પંથી તારી આંખો ખુલ્લી રાખ, અને તારી રાહની ફિકર રાખ.

**૪. ચકોરનું ઉદાહરણ :- (બયાનો નં. ૬૪ અને ૬૫) : સમજુતિઃ**

ચકોર પક્ષી ચંદ્રને પ્રિય ગણે છે, તેથી તે તેની આંખોને એકીટસે ચંદ્ર ભણી રાખે જ જાય છે. તે દોડીને કે ઉડીને ચંદ્ર તરફ નથી જતું. ચંદ્ર ઉગીને ચડતો ઉતરતો રહે છે તેમ ચકોરની નજર પણ તેની તરફ ચઢતી ઉતરતી રહે છે. તે એ માટે ચંદ્રથી નજરો મેળવી રાખે છે કે રખે ને ચંદ્ર છુપાઈ ન જાય ! જે દિવસોમાં ચંદ્ર નથી હોતો તે દિવસોમાં ચકોર માંદુ પડી જાય છે અને ખાવા

પણ નથી ખાતું. તમે પણ જો તરીકતી છે, તો તમારી નજર પણ તમે અલ્લાહથી ન હટાવો. બંદો અલ્લાહ તરફ આંખો રાખે કે રખે ને અલ્લાહનો પ્રેમ પણ અલોપ ન થઈ જાય. તમારી આંખો જો તમારી રાહ ન જાણે તો તેને શૈતાન સમજો. શૈતાન તમારી રાહ માં આગળ-આગળ ચાલે છે અને આંખો તો આપ મેળે આગળ-આગળ (તેની તરફ) પહોંચે છે. જો તમે તમારી આંખોને પોતાની ન બનાવો (અંકૂશમાં ન રાખો) તો તરીક (રાહ) કેમ કરીને જોશો ? જો સાવધાન નહીં રહો તો તમારી આંખો જ તમારા દુશ્મનનું કામ કરી લેશે.

**૫. મરજીવાનું ઉદાહરણ : (બયાન નં. ૬૬) : સમજુતિ :-**

મરજીવો સમુદ્રમાં ઉંડી ડૂબકી મારીને માણેક બહાર લાવે છે, તે આ કામ તેના જીવના જોખમે કરે છે. મરજીવો તેના કામમાં અનુભવી હોય છે, પણ જે કોઈ મરજીવો ન હોય અને પાણીમાં ડૂબકી લગાવે તો ડૂબી પણ જાય અને માણેક ન મળે. તે જ રીતે બેઈલ્મ માણસ પણ કોઈના માર્ગદર્શન વગર ઉત્સાહમાં આવી આગળ વધી જાય તો ઈલ્મ વગર તે ગોતાં ખાઈ જાય. દરિયામાં મોજાં ઘણાં હોય છે, જ્યાં અજાણ્યો ગુંચવાઈ જાય અને સાગર ખેડુ ચાલતો રહે. માટે અલ્લાહની સમીપતા મેળવવા કામીલ રાહબરની સલાહથી આગળ ધપો.

**૬. શૈતાનથી ચેતવું : (બયાનો નં. ૬૭ થી ૭૦) : સમજુતિ :-**

બેદ એટલે હુકમોની કિતાબ. તરીકતી શિસ્તના નિયમો (બેદ) જાણ્યા વગર અજાણ્યો ભુલો પડી જાય છે. અલ્લાહની સમીપતા પામવાનો માર્ગ (તરીક) એ તરીકત છે. તેને ઓળખો (જાણો). જાણ્યા વગર મહેનત કરશો તો કોઈ ફળપત (લાભ) નહીં થાય. જેના ભીતરમાં શૈતાન હોય તે રાહ પામી શકે નહીં. શૈતાન (અઝાઝીલ) ફરીશ્તાઓની સોહબતમાં રહેતો હતો, પણ તેણે અલ્લાહનો હુકમ માનવાથી ઉઝર (આનાકાની) કર્યો તો તેની જીભે ઈન્કાર (નકાર) ની ગુંચવણ ચડી ગઈ. દુનિયામાં પણ શૈતાન રાહ માં ઘાત બનીને રહે છે. તેથી જે કોઈ પોતાની રાહ જાણશે નહીં તે શૈતાની રાહમાં ભુલો

પડશે. દુનિયા અને તેની ઘાટીઓ અવળી છે. જેને સવળી રાહ મળશે તે અલ્લાહને પામશે.

તરીકતી બેદ ઉંડા કુવાના પાણીની જેમ છે, તે કોસ વરત વગર બહાર આવતું નથી, અને તરસ મટતી નથી. જેને અલ્લાહના પ્રેમની વેરોગી (લગની) હોય તેને જ તે મળે છે. આવી લગની વગર જનમ વ્યર્થ છે. આ માર્ગ ધારદાર તલવાર જેવો પણ છે. જો ચલાવતાં ડગી જાય તો તેના ટૂકડા થઈ જાય, જેને રેણ થઈ શકે છે : પણ જો તરીકતી (પંથી) તેના મકસદથી ડગી ગયો તો રાહ ગુમાવશે. કામીલ રાહબર જ અલ્લાહ તરફનો રસ્તો બતાવે છે અને તે શૈતાનની ઓળખ પણ બતાવે છે, જે અલ્લાહની પ્રિતનો તકીયો (ટેકો) લેશે તે અલ્લાહના પ્રેમની મજા ચાખશે.

શૈતાને ઘણાં વરસ બંદગીની કમાણી કરી, પણ તેનું અંતર ગર્વથી ભરેલું હતું. તેથી તેના મૂળ રસ્તેથી ડગ્યો અને શૈતાન (ધુત્કારિત) બન્યો. તેણે અલ્લાહના હુકમનું રહસ્ય (ગુંજ) ન જાણ્યું અને પંથ ચૂક્યો. જે અલ્લાહના હુકમોનો મર્મ (મફહુમ) ન સમજે તે વિમાસણમાં પડે. જેણે હુકમોનો મન માન્યો મર્મ કાઢ્યો તેની જીભ જાણે કપાઈ ગઈ. માટે તમે શૈતાનની જેમ ગર્વને બાજુમાં મૂકી એક મને તરીકતી રાહે ચાલો. જેના દિલમાં અલ્લાહનો માર્ગ વસે તેને માટે ખુશી છે.

આ જગતનો ખેલ-તમાશો આ જગતમાં જ રહેશે. અલ્લાહની મુહબ્બત એ દીનનો પાયો છે, ધરમનું મૂળ છે, તેની મુબહબત વગર શરીઅતના એહકામો પણ બેઅસર રહેવાના. અલ્લાહની મુહબ્બત હશે તો તમને અલ્લાહની સીફતો (ગુણ) જાણવાની ઉત્કંઠા થશે.

દરેક પયગંબર તોહીદ અને અલ્લાહનો પ્રેમ કેળવવાની દાવત આપી છે. પણ પયગંબરોમાં પણ અલ્લાહની તરફથી મરતબા અલગ અલગ હોય છે. જે **મરતબા (સમજણ) નો પીર હશે** તેવો જ રસ્તો તે બતાવશે. જાહીલ પીર જહાલતના ખાડામાં લઈ જશે. જેમાંથી મુરીદોનું બહાર નીકળવું અશક્ય બની

જશે.

તરીકતી માર્ગમાં તપ (દુઃખ સહન કરવું) અને જાપ (ઝીક્ર) છે. તેમાં જેવે ઠામે તે પહોંચશે તેવો તેનો દરજ્જો હશે. જે અલ્લાહની રાહમાં સીધો ન ચાલતો હોય તેના માર્ગને આડા ફંટાઈ જવામાં વાર કેટલી ?

**નોંધ :-**

(૧) શૈતન જીન્ન હતો. કુર્આનમાં છે કે,

"અને જ્યારે અમે ફરીશ્તાઓને કહ્યું કે, આદમને સજદો કરો તો તેમણે સજદો કર્યો, પરંતુ ઈબ્લીસે ન કર્યો તે જીનોમાંનો હતો" (સુરહ અલ કહફ : આયત નં. ૫૦)

(૨) અગાઉના બયાનોમાં બતાવ્યું છે કે, શરીઅત અફર છે અને શરીઅત વગર તરીકત આવી શકતી નથી. તેથી જે કોઈ **શરીઅતનો ભંગ કરીને તરકીત દાખવતો હોય તે ગુમહારી** તરફ લઈ જઈ રહ્યો છે અને તેની ગુમરાહી વધતી ચાલશે.

(૩) ગર્વ અને પૂર્વગ્રહ છોડીને આગળ વધે તે જ રાહ પામી શકે છે.

**૭. અતિરેક - ગલત બયાનીથી બચવું : (બયાનો નં. ૭૧ થી ૭૪) :**

**સમજૂતિ :-**

**મેં (પીર મશાયખ) અલ્લાહની રાહ સારી રીતે સમજાવી.** જેને સાચી રાહ સુજી તેણે તેને ઓળખી લીધી. રાહ શોધક તેની રાહની વિગતોને પહેલાં ઓળખી લે છે અને જેવી રાહ હોય એવી જ તે બયાન કરે છે. જો તે કોઈ એકનો મરતબો બીજાને આપી દે તો તેનો બોજ તે પોતાને માથે લે છે અને દોજખી બને છે. તેની વિગત એવી છે કે કોઈ મુહંમદ (સ.અ.વ.) ના ઉમ્મતીને મરતબામાં પયગંબરની તોલે સમજી લે, નબીએ કરીમ (સ.અ.વ.) ના મુખેથી નીકળેલા શબ્દો (હદીસ) ને ફેરવી તોળીને બતાવે, અને પીરને અલ્લાહની સીફતો (ગુણો) માં લાવી બેસાડે તે દોજખી છે.

અલ્લાહે આદમ (અ.સ.) ને બનાવ્યા અને તેનો અમ્ર (જે રૂહ છે) તેને આદમ (અ.સ.) માં ફુંકી. હવે જો કોઈ પીર કે મુરીદ અલ્લાહે ફુંકેલી રૂહને લીધે આદમ (અ.સ.) ને અલ્લાહની સમક્ષ ગણાવે અને જે સીધી રાહ છે તેને ઉલ્ટી રાહ સમજે/સમજાવે અને સીધી રાહને ગુનાહનું કામ સમજે/સમજાવે તે જાણે ઉંડી દોજખમાં જઈ બેઠો.

અલ્લાહને દિલમાં (સામે) રાખી જે કોઈ માર્ગો શોધે તેને સાચી રાહ મળે, જે કોઈ શૈતાનને તેનો મિત્ર બનાવે તે નક્કી દોજખે જાય.

અલ્લાહે જે સાદ (નેક) રૂહો બનાવી છે તે રૂહો ગુનાહોને છોડીને જન્નતી રાહને ઝંખે છે. જે સાચી વાતને ઉલ્ટી રીતે રજુ કરે તે હાવીયાહ (ધગધગતો અગ્નિ) માં એટલે કે દોજખે જાય. જો પંથી જગ પીર (મુહંમદ સ.અ.વ.) ની રાહ ગુમાવી દે અને કામિલ શેખના માર્ગદર્શકને પણ ન માને તે દોજખી રસ્તો પકડે છે. મુહંમદ (સ.અ.વ.) પૂરા જગત માટે જગ પીર (નબી) છે. તેમની પછી બીજા કોઈ પીર હોય તો તે આપનો ઉમ્મતી જ હોય. જે પીર પહેલી સીધી રાહ દેખાડે તેને જોઈને કમાઈ કરો. દુનિયાને પહેલો વહેલો માર્ગ નબીએ કરીમ (સ.અ.વ.) એ બતાવ્યો છે.

કેટલાક જીવો માતા-પિતાના સંગમથી પેદા થાય છે, જેમને પ્રસુતિ થાય છે અથવા ઈંડા મુકે છે, અને કેટલાંક તો વગર મા-બાપના સંગમથી પેદા થાય છે. તેમની જેવી જાત હોય તેમની વિગત પણ તેવી હોય. તેમની વિગત જાણ્યા વગર તેમનું બયાન ન થઈ શકે. તેવી જ રીત રાહના વર્ણનની છે. જે કોઈ પોતાને અલ્લાહથી વધારે ચતુર માને અને અલ્લાહના હુકમને મનસ્વી રીતે ભાંગી-તોડીને પોતાનો હુકમ તેમાં મેળવે તે ઉલ્ટી રાહ પર છે.

જેવું કિતાબોમાં લખ્યું હોય તે મુજબનો ભેદ કરવો જોઈએ. જે વાત જે મરતબે હોય તે જ મરતબે તેને જાણવી. અલ્લાહે તેની મરજીથી ખલકત પેદા કરી તેને તે સારી રીતે જાણે છે. તેણે પ્રકાર-પ્રકારની ખલકત, પ્રકાર-પ્રકારના નામે બનાવી છે. તેનાં સર્જનોએ અલ્લાહની આ મરજીને માની લીધી છે. જેમ

કે અલ્લાહે માણસને માટીનો, ફરીશ્તાઓને નૂરથી અને જીન્નને આતશ (આગ) થી બનાવ્યા છે, એટલે એકને ઠામે બીજાને ન મૂકી શકાય.

શૈતાન જે આતશી છે તેણે આપ મનથી અલ્લાહનો હુકમ તોડીને ગર્વની સીફત જે અલ્લાહની છે તે સીફતમાં તેને પોતાને ગણી લીધો, અને દોજખી થયો. માર્ગ શોદક મુરીદ તેને જેટલું સુજ્યું એટલું જ બોલે. પોતાના મનથી વધારો કરીને કોઈનો મરતબો વધારી ન દે.

**નોંધ :-**

(૧) આજે રિવાજી વારસાગત પીરોના મરતબા વધારવાની જાણે કે હોડ લાગી છે. આવા પીરોની આજુબાજુ તેમનો મરતબો વધારી રાખવાનું કૃત્રિમ વાતાવરણ ગોઠવી અને ટકાવી રાખવામાં આવે છે અને તેની સામાન્ય મુરીદ સમૂહને જાણ પણ નથી હોતી.

(૨) સુરહ અલ અહઝાબની આયત નં. ૬ માં છે :

**"નબી મોમીનો માટે તેઓના પ્રાણથી વધુ હક્દાર છે અને તેમની પત્નીઓ તેમની માતાઓ છે"**. નબી પત્નીઓ મોમીનોની જીસ્માની (બાયોલોજીકલ) માંઓ નથી, પણ રૂહાની માંઓ છે. તેજ રીતે નબી પણ મોમીનોના રૂહાની બાપ ગણાય.

તેથી અતિ આદરને લીધે હઝરત ફાતીમા (રઝી.) ને **'માં'** ફાતિમા કહેવું, કે પીરની પત્નીને **'માં સાહેબ'** કહેવું એ કુર્આનની સુરહ અહઝાબની ઉપરોક્ત આયત નં. ૬ થી તદ્દન વિરૂધ્ધનું છે.

પીર મશાયખ (રહે.) પણ તરીકતના બયાનો નં. ૭૧ થી ૭૭માં અતિરેક કરવાની મનાઈ કહે છે.

(૩) પીરને **'બાવા'** કહેવામાં આવે છે તે બાપના અર્થમાં નથી, પણ માનના અર્થમાં છે. કેમકે પીર મશાયખ (રહે.) પણ સીડીઓના બયાનોમાં મુરીદોને ઠેર ઠેર બાવા કહીને સંબોધ્યા છે. જેમકે આપણે પ્રેમથી કહીએ છીએ 'મારા બાપ' આવું ન કરો.

તમે જો પંથી છો તો તમારા માર્ગથી પ્રેમ રાખીને આગળ વધો. માર્ગશોધક તેના માર્ગની શોધ માટે સતત જાગૃત રહે છે અને રાહનો વૈરાગી બની જાય છે. રાહ ન જાણનારને રાહ બતાવવાનું કહેવામાં આવે તો તે સીધી રાહ બતાવી શકતો નથી.

શૈતાન પણ એક પંથી હતો, પણ તેણે તેની રાહ ખોઈ, તેમ શૈતાની કામો પણ તમારી રાહ ભૂલાવશે. ઉદાહરણ છે કે બે તરફ પાણી હોય અને વચ્ચે પ્રેમી બેઠો હોય તો તેને પામવાનો તેનો પ્રેમી પ્રયત્ન ન કરે તો તેનું જીવતર બગડ્યું. પ્રેમીને મળવા તેણે તે પાણી પાર કરવાની મથામણ કરવી પડશે. અલ્લાહની રાહમાં શૈતાન તે પાણીની જેમ ઝાલ બીછાવીને બેઠો છે અને સૂરજ-ચંદ્ર ઉગતા રહેશે ત્યાં સુધી તે તમને દુનિયાના ફંદામાં ફસાવતો રહેશે. તેથી પંથીએ શૈતાનના ફંદાને તોડીને આગળ રાહમાં વધવાનું છે. જેવી રીતે કે તે પાણી પસાર કરવું પડે.

**૮. ભમરાનું ઉદાહરણ : (બયાન નં. ૭૫) : સમજૂતિ :-**

ભમરો વાસનો ભોગી હોય છે, એટલે વાસની શોધ એ એનો પંથ છે અને ફુલની વાસ તેનો પીયા છે. વાસની શોધમાં ભમરો ફુલે ફુલે ફરે છે. કમળના ફુલમાં વાસ વધારે સારી હોય છે. ભમરો સૂરજના અજવાળે ફુલમાં એકલો પંડે જાય છે. સૂરજ ડૂબી જતાં કમળ આપો આપ બીડાઈ જાય છે અને ભમરો એમાંજ પુરાઈ રહે છે. ભમરો સમજે છે કે કમળ તેને પકડી તે સારી સુવાસ તરફ લઈ જશે, પણ આખરે દમ ઘુંટીને કમળમાં જ મરી જાય છે. તમે પણ અલ્લાહના ઈશ્કમાં તન કુરબાન કરો.

**૯. આખરી કિતાબ કુર્આનનો આધાર લો : (બયાનો નં. ૭૬ થી ૭૭) : સમજૂતિ :-**

આ જગતનો બેદ (ગ્રંથ) એ કુર્આન (ફુરકાન) છે. તેમાં જે લખ્યું છે તે શિવાયનું બયાન ન કરવું જોઈએ. કુર્આન સિવાય બીજી કિતાબ નથી. અલ્લાહમાં હિકમત (ડહાપણ) છે, એટલે તેણે આ જગતને અનુકૂળ આવે એવો બેદ

(કુર્આન) આપ્યો છે. કુર્આન જગ-પીર (મુહંમદ સ.અ.વ.) ઉપર અલ્લાહે ઉતાર્યું છે. કુર્આનની રાહ સીધી રાહ છે. દુનિયાની કરણી મુજબ આગળ (આખેરતમાં) તમને ફળ મળશે.

અલ્લાહનો હુકમ કુર્આન મારફતે નબીએ કરીમ (સ.અ.વ.) એ મેળવ્યો અને તેને સમજીને તેમણે હુકમો જગતને સમજાવ્યા. નબીની રાહ સિવાયની રાહ ભુલાવામાં પડવાની રાહ છે.

ચાર આસમાની કિતાબો છે. તેમાંની છેલ્લી કિતાબ કુર્આન છે. એટલે આગળની ત્રણ કિતાબો હક છે, પણ અમલ માટે આ ઉમ્મત માટે રદ છે. અલ્લાહે પહેલી કિતાબોને રદ કરી છે. બની ઈસ્રાઈલ ગાયને પૂજતા હતા એટલે અલ્લાહે તેમનાં દિલમાંથી ગાયની મોટાઈ દૂર કરવા ગાય ઝબહ કરવાનું કહ્યું અને રાહ બતાવી. જો પંથી પોતાને સીધી રાહે સમજતો હોય તો **પહેલાં કુર્આન અને મુહંમદ (સ.અ.વ.) ની સુન્નતને સમજે.** જે પંથી નબીની રાહને ન જાણે તેણે પણ નબીની રાહને ઉથાપી કહેવાય. માટે જાણવું જરૂરી છે.

પીર મશાયખ (રહે.) કહે છે :

અલ્લાહે જ કહ્યું છે કે મુહંમદ (સ.અ.વ.) નબી (પીર) છે, અને કુર્આન સિવાય કોઈ કિતાબ નથી. માટે અગાઉની રાહોને કુર્આન સાથે ન મેળવવી. જો પંથીને પોતાના પંથની જ ખબર ન હોય તો મંજીલે શી રીતે પહોંચે ? મનગમતી રાહ પસંદ કરશો તો તે રાહમાં શૈતાન ભળશે અને અલ્લાહ નહીં મળે.

**૧૦. શૈતાનનું ગુમાન : (બયાનો નં. ૭૮ થી ૮૧) : સમજૂતિ :-**

શૈતાને પહેલાં ગુનાહ કર્યા ન હતા, પણ અલ્લાહ સિવાય કોઈને સજદો ન કરવો એવું તેણે સમજેલું હતું. અલ્લાહે આદમ (અ.સ.) ને સજદો કરવાનો શૈતાનને હુકમ કર્યો તો તેણે અલ્લાહના હુકમનો મર્મ ન સમજ્યો અને ગુમાનથી કહ્યું કે આદમ (અ.સ.) ને સજદો નહીં કરે, કેમ કે આદમ (અ.સ.) માટીથી બનેલા છે અને તે (શૈતાન) પોતે આગનો બનેલો છે. તે તેની વાત ઉપર જ

કાયમ રહ્યો. આ દાખલો છે કે કુર્આનના હુકમો સાથે બીજા હુકમો અગાઉની કિતાબમાં હોય તો પણ ન મેળવો. કુર્આનની તફસીર (સમજૂતિ) મુહંમદ (સ.અ.વ.) નું પવિત્ર જીવન છે. પંથી કુર્આનને સમજીને ચાલે તો જ રાહ પામે. આ કુર્આન અને સુન્નતવાળી રાહ છે, જે ત્યાં ગયો તે કમાયો.

એટલે તમે અલ્લાહની રાહને સમજી લો. રાહ ગુમાવ્યા પછી શું કરશો ? શૈતાન ઘણી રાહો બતાવે છે, પણ બંદાએ અલ્લાહવાળી રાહ પકડવી જોઈએ. પંથ ચાલતાં ગુમાન (આગવી મનઃસ્થિતિ) ન રાખવું. ગુમાનથી પંથી પંથથી વેગળો જાય છે. એક ફરીશ્તાએ ગુમાન કર્યું કે તેનામાં ઉડવાની તાકત છે, તો લાવ જરા અર્શના પાયા સુધી જઈને હુકમો જાણી આવું. પણ તે ત્યાં ગયો તો ઘણો ગુંચવાયો, કેમકે તેને અલ્લાહના અર્શના પાયા ઘણા ભારે લાગ્યા. પોતાની જગ્યાએથી છૂટયો, પણ અધવચ્ચે જ બેહાલ બન્યો.

દુનિયા અલ્લાહના જ્ઞાન ઘેરામાં છે અને તેનો ભેદ અપાર છે. અલ્લાહની રાહે ચાલતા રહેશે તો કોઈવાર પાર ઉતરી જશો. માટે તે રાહે ચાલતા રહેવું. તેની રાહે ચાલતાં મનસ્વી વિચારોને દૂર કરો, નહીં તો સીકંદ બાદશાહ જેવા હાલ થશે.

સિકંદ બાદશાહ તેના મનસ્વી ગુમાનથી સાગરનો છેહ (છેડો-ઊંડાઈ) જાણવા જહાજ પર સવાર થઈને નીકળ્યો અને સમુદ્રમાં ઊંડે સુધી ગયો, પણ તે જ્યાં ગયો ત્યાં અંધારૂ જ અંધારૂ હતું અને સાથે કોઈ સાગર ખેડુ ભોમિયો ન હતો. ત્યાં તેને તેની શક્તિનું ભાન થયું અને મૌત સામે આવી ઉભું હતું. તેણે અલ્લાહથી તૌબા-આજીજી કરી. અલ્લાહે તેને દરિયાની ઓટ (ઉતરતા મોજા) ઉપર બેસાડ્યો અને પૂછ્યું કે આ એવો કયો રાહી છે, જે અહીંયા જહાજ લઈ આવી બેઠો છે ? તેણે કહ્યું કે તે સીકંદ બાદશાહ છે અને તે દરિયાનો છેહ (છેડો-ઊંડાઈ) જાણવા નીકળ્યો છે. જો તેણે તૌબા ન કરી હોત તો બધું જ ગુમાવતો. સિકંદની ન તાકાત કામ આવી કે ન તેને દરિયાનો છેદ મળ્યો.

આ જ રીતે જો બંદો ગુમાનથી ચાલશે તો અલ્લાહની રાહનો છેહ નહીં

મળે. જે રીતે કરોળીયો પોતાની લાળમાંથી ઝાળ બાંધે છે અને મજા માણે છે, પણ જ્યારે ઝાળ ઉપર પગ ધરતાં તે ચૂકી જાય છે તો તેની જાળનો ફંદો તેના ગળામાં આવે છે. તરીકતી માર્ગ તલવારની ધાર જેવો છે. પંથી પોતાને રોજ દોડાવે, પણ એક દિવસ રાહ ચૂક્યો (ભારે ખતા કરી) તો કરોળીયાની જેમ ફસાશે. આ માર્ગે પંથી એકલો જાય અને તે કયા મુકામે પહોંચ્યો તે કોઈને ન બતાવે, નહીં તો ગુમાન તેની ઉપર સવાર થી જશે. અલ્લાહની રાહ મજબૂત છે અને શૈતાનનો માર્ગ દોદલો (જીર્ણ) છે.

**નોંધ :-** પોતાના મઝહબી પેશવાઓ તેમને આખેરતમાં બચાવી લેશે એવું ગુમાન (મનઃસ્થિતિ) રાખનાર થાપ ખાઈ છે.

**૧૧. ભાદરવી અંધારી રાતે માર્ગ શોધનું ઉદાહરણ : (બયાન નં. -૮૨)**

**: સમજૂતી :-**

અંધારામાં દીવા વગર રસ્તો ન સુઝે. જો ભાદરવી અંધારી રાત હોય, જંગલમાં ઝાળાં ઘણાં હોય, વાઘ-વરૂ કે જંગલી પ્રાણીઓનો ડર હોય (ત્યાં ફરતાં હોય) અને રાહ ચાલવાનો કોઈ આધાર ન હોય, અને અંધારાને લીધે જ્યાંથી નીકળ્યા એ જગાને પણ ભૂલી ગયો હોય, તો તેવો ભુલો પડેલો માણસ તેની પહેલી જગ્યાએ અંધારામાં ન આવી શકે. આ અંધારે દીવો જરૂરી છે.

**એજ રીતે અલ્લાહની રાહે ચાલતાં વાટમાં ચોતરફ ગફલતનું અંધારૂ છે** અને શૈતાનનો ભો છે એમ પંથી સમજે, અને પોતાના મનને અલ્લાહના પ્રેમમાં ઉંડે સુધી લઈ જાય. રાહ માટે સાચા માર્ગસૂચક રૂપી દીવો હાથમાં લેવો જોઈએ. માણેક મોતી દરિયામાં ઉંડા પડેલા દ્વીપમાં હોય છે. પોતાના ગુમાનને છેટું રાખશો તો અલ્લાહ મળશે.

**૧૨. શરીરરૂપી કોટ (કિલ્લા) નું ઉદાહરણ : (બયાનો નં. ૮૩ થી ૮૫)**

**: સમજુતી :-**

તમારા ભીતર (દિલ) નો ચોર શૈતાન ચોરી કરી લેશે, માટે રાહની ફીકર કરો. કોઈ એક કોટ (કિલ્લો) હોય, તેની અંદર બજાર હોય, તેમાં ઘણી દુકાનો હોય, રસ્તાઓ અને ચોગાનો હોય, પણ અંધારૂ થઈ જાય તો રાહ શી રીતે મળશે ? તેનો ઈલાજ એ છે કે હાથમાં દીવો કે મશાલ લઈને આગળ ચાલવું. જો આવું કરો તો જ કિલ્લાની અંદરની સ્થિતિની ખબર પડે. હાથમાં દીવા વગર કિલ્લામાં આગળ વધો તો ગોતાં ખાઓ.

તમારૂં શરીર એક કોટની જેમ છે. તેની અંદર પણ આવું જ એક બજાર છે તેમ સમજી લો. તમારૂં મન એ શરીર રૂપી કોટનો કોટવાળ છે અને તમારી રૂહ એ ચાબૂક છે. આ શરીર રૂપી કોટનો દરવાજો તમારી સબૂરી છે. તમારો કરાર (સ્થિરતા) એ તેનો દરવાન છે અને દરવાજાની ચાવી અલ્લાહની મુહબ્બત છે, જે ચાવીને મન-રૂપી કોટવાળને હાથ દીધેલી છે. આ કોટ (ગઢ) ની ઉપરની તોપોરુપે તમારો ગુસ્સો છે. તમારા શરીર રૂપી ગઢ ઉપર હુમલો કરવા શૈતાન હંમેશા તત્પર રહે છે અને મેદાને આવે છે.

જો ગઢ પતિ તેના દુશ્મન (શૈતાન) થી મેળ કરી દે તો જાણે તેણે ગઢ દુશ્મન (શૈતાન) ને સોંપી દીધો. જે અંધારામાં દીવો લઈને ચાલશે તે ચાલી નીકળશે, અને ગમાર રહી જશે.

પહેલાં મન રૂપી કોટવાળને હાથમાં લો અને રૂહ રૂપી ચાબૂક પોતાને હાથ રાખો. જો તમારી પાસે અલ્લાહના પ્રેમ રૂપી ચાવી આવી જાય તો શરીર રૂપી ગઢ તમારા હાથમાં જ છે. ગુમાન પંથ ભુલાવે છે, માટે ગુમાન રૂપી તાળાને અલ્લાહની મુહબ્બત રૂપી ચાવીથી ખોલી દો. જો બંદો સબૂરી રૂપી દરવાજો પામી લે તો તેને ગઢની રાહ દેખાવા માંડે. કરાર રૂપી દરવાન તમારે હાથ હોય તો તે દરવાન જ દરવાજો ખોલી આપશે, અને શરીર રૂપી કોટમાં પેસી શકાશે.

પૂરો પંથ કરારને આધારે છે. જો આ રીતે શરીર રૂપી કોટમાં નહીં પેસો તો શૈતાન રૂપી દુશ્મન બહાર નહીં નીકળે. જો તમે તદબીર (પ્રયત્ન) રૂપી

ચાવીનો ઉપયોગ કરો તો શૈતાન તમારે તાબે થઈ જાય. તમારા ઘરમાંથી શૈતાન રૂપી ચોરને બહાર કાઢો. અલ્લાહની મુહબ્બત વગર ગુમાન રૂપી તાળું ખુલશે નહીં. જો શરીર રૂપી ગઢ પૂરો તમારે હાથ આવી જશે તો શૈતાન તમને ફેરવી નહીં શકે.

ઉપરોક્ત રૂપકોવાળા તમારા ચાકરો ઘણાં છે. તેમની સેવા લો તો તમે રાહ પામી શકો. આ રૂપકી બજારમાં પંથી પોતાના મનથી બધું જ જાણી લે અને જે રૂપકી ચાકરો જે ઠેકાણે છે, તેમને જાણી લે.

તમારા દિલમાં પણ એક મેવાસ (ચોરોનો વસવાટ) વસેલો છે, તેને શોધી કાઢો. ત્યાં શૈતાન નામી ચોર વસે છે. તમારા દિલને જમણે નેક લોકો (નેક વાતો) નો વસવાટ છે અને ડાબે ગુમાન અને મસ્તી (શૈતાની) વસવાટ કરે છે. એક તરફ નેક છે, અને બીજી તરફ બદી છે. આ દિલ રૂપી બજારમાં અલ્લાહ પણ વસે છે. પંથીનો પંથ દૂર છે, પણ ત્યાં જવા માટે સામેથી ચાલીને જવું પડે જ છે.

**૧૩. પાણી અને લાકડાનું ઉદાહરણ : (બયાન નં. ૮૬) : સમજૂતી :**

પાણીના સીંચનથી ઝાડ ઉગે છે અને જીવે છે, તો પાણી લાકડાને ડુબાડતું નથી. તમારી રૂહ પણ અલ્લાહે સીંચી છે. તેથી જ્યાં તમારી રૂહ હશે ત્યાં અલ્લાહ પણ તમને તારવા મોજુદ હશે. માટે પંથી હરદમ મુખેથી અલ્લાહનો ઝીકર કરતો રહે. અલ્લાહ અને રૂહનો સંબંધ એવો છે કે તેઓ એક બીજાને છેહ (દગો) દેતા નથી. બંદો અલ્લાહનો જીક્ર છોડતો નથી અને અલ્લાહ બંદાનો સાથ છોડતો નથી. પણ જો આ શરીર રૂપી ગઢમાં **'રૂહ'** પરવશ બની જાય (બીજાને હવાલે થઈ જાય) તો રૂહનો સંબંધ અલ્લાહથી છેટો થઈ જાય છે અને સાથે જ શૈતાનની કમાઈ શરૂ થઈ જાય છે. તમારા શરીર રૂપી ગઢમાં જ રૂહ રૂપી દીવો છે. જે બંદો શરીર રૂપી ગઢ ઉપર સત્તા (કાબુ) મેળવી લે છે, તે આંતરિક બંધનોથી મુક્ત થઈ જાય છે અને અલ્લાહના જીક્રથી ગાફેલ રહેતો નથી. ઘરમાં જ વાદળછાયું અંધારૂ હોય તો કામીલ શેખની મદદ વગર જીવને રસ્તો ન મળે.

માટે આવા શેખ રૂપી પંસારી (તેલી) પાસે સલાહ રૂપી તેલ પુરાવો અને એકલા ચાલતા રહો. પંસારીના તેલ વગર મશાલ સળગતી નથી અને ગુમરાહીના અંધારે અલ્લાહ મળતો નથી.

**૧૪. રૂહની માવજત કરો : (બયાનો નં. ૮૭ થી૯૦) : સમજૂતિ :-**

જો તમે રૂહને પહેલાં હાથમાં લેશો તો તમારૂં મન કોટવાળ બની જશે. વિજળી ઝબુકે છે અને વાદળ વરસે છે. વિજળી એ વાદળની ચાબૂક છે. વાદળ ગાજે ત્યારે ફરીશ્તા તેને વિજળીનો ડર બતાવે છે અને વાદળો તે વિજળીનો હુકમ માને છે. તે જ રીતે રૂહની ચાબૂકના ડર વગર તમારો જીવ (મન) તમને દગો દઈ દેશે. જો તમે રૂહની ચાબૂક વાપરશો તો તમારી અંદરનો શૈતાની મેવાસ (ચોરોનો વસવાટ) તમારે આધિન થઈ જશે. રૂહ રૂપી ચાબુક હશે તો જ ગુમાન રૂપી તાળું ખુલશે. તમારા શરીર રૂપી કોટનો દરવાન એ તમારા દિલનો (કરાર) સ્થિરતા છે. જો તમારામાં તે કરાર ન હોય તો દરવાજો કોની પાસે ખોલાવશો ? જો પ્રવેશ નહી મળે તો અંદરની શોધ શી રીતે કરશો ? ફીકર હોય ત્યાં કરાર નથી આવતો.

માણસ બેઠાં બેઠાં તેના આગલા-પાછલા અમલોનું લેખું લે (તેને યાદ કરે) અને સોચે કે તેણે આવું કેમ કર્યું ? તેણે આવું નહોતું કરવું જોઈતું હતું, આવા વગર મકસદનાં કામો (ગમો) એકઠા કરીને તેઓને દૂર કરી દો (ચિંતામુક્ત થાઓ) તો કરાર હાથ લાગે. એમ માનો કે તેણે જે કામ કર્યું તે અલ્લાહે ઘડેલા નસીબના લેખે કર્યું છે અને જે અલ્લાહ ચાહશે તે થશે. આમ તમારી ફિકરોને અલ્લાહને હવાલે કરીને દૂર કરી દો. તમને લાભ કે નુકસાન થાય તેને તમારા થકી ન સમજો, પણ નસીબ લખ્યાં સમજો અને તમે જીવવાની વધારે ઉમ્મીદ ન રાખો. પાછલા-આગલા કામોને મનમાં સંઘરી ન રાખો. અલ્લાહ ચાહશે તેમ કામો થશે જ અને તેની પંથીને ખબર હોતી નથી. એટલે તમે તમારા કામો કર્યે રાખો. બાકી બધુ અલ્લાહ ઉપર છોડો. જો આવું કરશો તો કરાર રૂપી દરવાન તમે જ્યાં બેઠા હશો ત્યાં દોડીને તમારી પાસે આવશે અને ગુમાનરૂપી તાળું તે જ ખોલી દેશે. જ્યાં તમારી હીરસ (અદેખાઈ) (ચડસા ચડસી) છે ત્યાં જ તમારા

કરારનું મુકામ છે.

જ્યારે માણસનો જીવ તેને મસ્તકે ચડે છે (એટલે કે તેને ઉંઘ આવે છે) ત્યારે તેને ચેન (કરાર) આવે છે, માટે ફિકરોને છોડી દો અને કરારથી બેસો. જો તમને કરાર હશે તો શરીર રૂપી ગઢનાં તાળાંની ચાવી તમારી પાસે આવી જશે અને તમને અલ્લાહની લગની લાગશે.

માટે, પહેલાં કરાર પામો. પછી રૂહ રૂપી ચાબુક હાથમાં લો. તમારા હાથની આંગળીયોને પણ મોંઢાં છે. તમારી રૂહને જીક્રથી ખેંચી રાખો. તમારામાં રૂહ એ રાજા છે. જે જીવ અલ્લાહ ! અલ્લાહ ! કરે છે (જીક્ર કરે છે) તે કમાલ (પૂર્ણતા) ને પહોંચે છે. જો રૂહ રૂપી ચાબુક ફેરવશો તો અંદરનો ચોર (શૈતાન) તમારા કબ્જે થશે અને અલ્લાહનું કહ્યું બંદો દેખશે.

લુહાર કોઢમાં કોયલા પાથરી તેમાં થોડીક જ આગ નાંખે છે તો ધમણની ફુંકે બધા જ કોયલા આપો આપ સળગે છે, પણ જો તેની ઉપર ફરીથી છારી બાઝી જાય તો તે કોયલાનો અગ્નિ દેખાતો નથી. જો લુહાર તેને જોઈ લે તો ફરીથી ધમણ ફુંકે છે, તો કોયલા ફરીથી પ્રજવે છે. જો તમે રૂહ રૂપી ધમણ ફુંકશો અથવા કામીલ શેખ તે છારી જોઈલે તો તે પણ તમારી ઈસ્લાહ કરશે. આમ તમારી આંતર જ્યોત જાગી ઉઠશે. તમારી જાતથી તમે જેવો પ્રેમ કરો છો, તેવો પ્રેમ તમે અલ્લાહથી કરો.

પહેલાં રૂહને સમજી લો અને અલ્લાહના જીકરમાં જીભને તરબોળ (રતબુલ્લીસાન) કરો. રૂહનું સ્થાન ડાબે પડખે જે દિલ છે, તેમાં છે. દિલ બીજોરાંના ફળના આકાર જેવું પાંસળીઓ પાસે છે. બંદો જ્યારે અલ્લાહનો જીક્ર કરે છે તો માંહ્યલું દિલ મુનવ્વર (નૂરવાળું) થાય છે અને જીકરથી મન કરાર પામે છે. જે સુખના સમયે અલ્લાહનો જીક્ર વિસારે તે અકલ વિસારે છે. જીકરને કોઈ પણ સાંભળી શકે છે, પણ જીવના કરારને કોઈ જોઈ નથી શકતું. ઉંઘ આવે છે ત્યારે કરાર આવે છે અને જીક્રમાં ગફલત આવે છે. કરારનું સ્થાન મગજમાં (મનમાં) હોય છે અને રૂહનું સ્થાન દિલમાં હોય છે. આ હાલતમાં જો દિલને જોવું હોય તો રૂહની ચાબુક લેવી પડે.

## ૧૫. અલ્લાહનો જીક્ર, તેનાથી પ્રેમ, તેની નીકટતા, તેની ઉપર તવક્કુલ (ભરોસો) અને બંદાની ગફલત :-

### ઝીક્ર : (બયાન નં. ૯૧) : સમજૂતિ :-

બા અદબ બેસીને અલ્લાહનો જીકર કરો. કરારને એવી રીતે રાખો કે તે રૂહને ખેંચી લાવે અને અલ્લાહની મુહબ્બતનો એહસાસ થાય. ડાબે પડખે દિલ છે, ત્યાંથી શ્વાસને ખેંચીને જીકર કરો. જે રીતે કે લુહારની કોઢમાં ધમણ ધપાધપ બોલે છે. જો આ રીતે રૂહ અલ્લાહના જીકરમાં લાવશો તો તે શૈતાનને દૂર કરશે. પછી તમારો નફસ તમારે હવાલે થઈ જશે. કરાર મસ્તકમાં ચડે છે, પણ જો પંથી તેની સાથે રૂહને શામેલ કરે તો મન પણ રૂહ ચાહે તેમ અલ્લાહના જીક્રમાં પરોવાય છે. જો જીક્ર કરતા રહેશો તો ગફલતનો પરદો હટી જશે અને તમારી રૂએ રૂઆં, તમારી આંગળીયો, ચામડી બધાંજ જીક્રુલ્લાહ કરશે. રૂહની ચાબૂક પૂરા બદનને જગાડે છે.

### અલ્લાહના ઝીક્ર અને તેની નીકટતાના ઉદાહરણો :

### (૧) લીલાં લાકડાં અને સુકાં લાકડાનું ઉદાહરણ : (બયાન નં. ૯૨) : સમજૂતિ :-

જેનામાં અળલાહનો પ્રેમ ભરેલો હોય તેનું બદન જાણે તેના પ્રેમથી સળગતું હોય છે. લીલાં અને સુકાં ઝાડને જુઓ. લીલાં ઝાડનું પત્તે પત્તું અલ્લાહનો જીક્ર કરે છે. જ્યારે તે ઝાડનો પ્રેમ ગુમાવે છે ત્યારે સુકાઈ જાય છે અને છેવટે આગમાં બળે છે. એટલે જેને અલ્લાહથી પ્રેમ ન હોય તે સુકાયેલા લાકડા જેવો છે, જેનો અંત આગમાં બળવામાં હોય છે.

### (૨) પપીહાના પ્રેમનું ઉદાહરણ : (બયાન નં. ૯૨) : સમજૂતિ :-

પપીહા પક્ષી ‘પીયાં’ ‘પીયાં’ કહે છે અને વિરહમાં તેમ બોલતું ઉડતું રહે છે. તેના મોં મોં જ્યારે આ શબ્દો નથી નીકળતા ત્યારે તેના માથે તેને ઘણો બોજ લાગે છે અને મોં છુપાવીને ઉડી જાય છે. તમે પણ ‘પપીહા’ જેમ

અલ્લાહનો જીક્ર કરતા રહો. અલ્લાહ અલ્લાહ કરતા રહો.

**(૩) વિરહની કરવતનું ઉદાહરણ : (બયાન નં. ૯૩) : સમજૂતિ :-**

પપીહાની જેમ જેને વિરહની કરવતનાં જખમ નથી લાગ્યા તે વિરહની વેદના શું જાણે ? જેણે તેના પીયાનો સંગજ નથી કર્યો તે મુહબ્બતને શું જાણે ? અલ્લાહ પણ અનેરો ઢોલન (પ્રેમી) છે. તેની ઉપર આપણો જીવ કેમ કુરબાન ન કરીએ ! અલ્લાહ ઘણી સીફતો (ગુણો) નો માલિક છે. તેને પોતાનો કરીને તેનાથી પ્રેમ કરો. ઘણી સીફતોનો માલિક અલ્લાહ તમારાથી શા માટે ડરે ? તમે તેનાથી રિસાઈને (અળગા થઈને) તેનું કશું બગાડી શકતા નથી કે તેને ડરાવી શકતા નથી. જેને અલ્લાહનો રંગ ન લાગ્યો તે સુતેલો છે. તેનો રસ્તો કરવત અને ખાંડા ધાર જેવો છે.

**નોંધ : કુર્આનમાં છે :**

"કહો : અમે અલ્લાહનો રંગ અખત્યાર કર્યો છે અને અલ્લાહના રંગથી બેહતર બીજા કોનો રંગ હોઈ શકે ? અને અમો તો એની જ બંદગી કરીએ છીએ" (સુરહ બકરહ, આયત નં. ૧૩૮)

**(૪) પતંગીયાના પ્રેમનું ઉદાહરણ : (બયાન નં. ૯૪) : સમજુતિ :-**

પ્રિતની રીતને પતંગીયા (કુંદા) થી જાણો. તે દિવા ઉપર કુરબાન થઈને જીવ ખોવે છે અને આ રીતે પ્રેમનો ખેલ ખેલે છે. તે જ્યોતની ગરમીની નજીક જાય છે, તો પણ તેને તેની જાન જવાનો અફસોસ (ડર) નથી હોતો. આવી છે તેની સાચી પ્રિત. પ્રેમ દિવાનો આશિક પણ પતંગ જેવો ઈશ્કનો રંગ જાણતો તો તે પણ કુરબાન અલ્લાહ ઉપર કુરબાન થતો.

તમે પણ અલ્લાહથી પતંગ જેવો પ્રેમ કરો. તેમ કરતાં તમને દુઃખ નહીં લાગે અને અલ્લાહને પોતાનો કરી શકશો.

મનમાં વિમાસણ થઈ શકે છે કે અલ્લાહ કોઈનો શી રીતે થાય ?

હકીકત એ છે કે જેનામાં અલ્લાહને પોતીકો કરવાની ચિંતા જ ન હોય તે અલ્લાહને પોતીકો શી રીતે કરી શકે ? અલ્લાહનો વાસ અનેકવિધ છે. તેની ગહનતા આપણે જાણી ન શકીએ. શૈતાન દિલમાં એમ પણ ખતરો લાવી શકે કે જો અલ્લાહનો બંદા ઉપર પ્રેમ હોય તો અલ્લાહ બંદાને કેમ ન મનાવે ? પણ ધ્યાન રાખો કે અલ્લાહ તો બધાયથી બેનીયાઝ (બેપરવાહ) છે, તે તમારો દિવાનો શી રીતે થાય ? વળી શૈતાન ખતરો લાવી શકે કે જો અલ્લાહનો ભાવ તમારી ઉપર નથી તો અલ્લાહને પણ ભાવ આપવો તમે છોડી દો. જેમ અણ માનીતી સ્ત્રીએ તેના ધણીનો પ્રેમ મેળવવા તેના ધણીને મનાવતા રહેવુ પડે છે, તેમ તમે પણ અલ્લાહને ઈબાદત તૌબા - આજીજીથી મનાવતા રહો, જેથી તેનો ભાવ તમારી ઉપર ઉપજે.

**(૫) ચમેલીના ફુલનું ઉદાહરણ : (બયાન નં. ૯૬) : સમજૂતિ :-**

ચમેલીનું ફુલ ચમેલીની ડાળે ડાળ અને પત્તા પત્તાથી પ્રેમ કરે છે અને તે ડાળીથી અલગ નથી પડતું. તેના ડાળથી વળગી રહેવાથી ચમેલીની વાસ તે ફુલમાં ઉતરે છે. ચમેલી અને તેનું ફુલ વાસમાં એકમેક રહે છે, તે ફુલ રંગ ભરેલું હોય છે, પણ તેની વાસને રંગ નથી હોતો. તેના સુંઘવાથી વાસની ખબર પડે છે અને ખુશ થવાય છે. આમ ફુલ અને વાસ અલગ છે, છતાં તેને ફુલની વાસ કહેવામાં આવે છે.

તમે પણ અલ્લાહથી ચમેલીની જેમ નીકટતા રાખશો તો અલ્લાહ પણ તમારી નીકટ આવશે અને તમને ખુશબુદાર બનાવશે.

**(૬) ખરતા પાંદડાનું ઉદાહરણ : (બયાન નં. ૯૭) : સમજૂતિ :-**

ઝાડનું પાંદડું ઝાડના આધારે ખીલેલું રહે છે. જ્યારે ઝાડ પાંદડાને છોડી દે છે ત્યારે પાંદડાનું અસ્તિત્વ જ ખતમ થઈ જાય છે. અલ્લાહથી જુદાઈ (દૂરી) પણ એ રીતની છે. જેને અલ્લાહ ઉપર ભાવ ન હોય તેને અલ્લાહ દૂર ભાસે છે અને તેને તેનું દુઃખ પણ નથી હોતું. જેને અલ્લાહથી પ્રેમ હોય છે

તેને અલ્લાહથી દૂરી કઠણ લાગે છે. વાંઝણીને પ્રસવ વેદનાના સુખની શું ખબર પડે ?

**(૭) પલાસના ઝાડનું ઉદાહરણ : (બયાનો નં. ૯૮ અને ૯૯) : સમજૂતિ :-**

પલાસનું ઝાડ જ્યારે લાલી અને સુગંધ મેળવવા ચાહે છે ત્યારે તેનાં પાંદડા ઉતારીને નાગું થઈ જાય છે, એવી કુરબાની તે આપે છે. તેના પછી તેને લાલ રંગી ફુલો બેસે છે અને સુગંધભેર બની જાય છે.

અલ્લાહના પ્રેમમાં જે દુનિયાની શરમને બાજુએ રાખી દે અને પોતાને નિર્મળ કરી દે તેની ઉપર અલ્લાહનો ભાવ ઉપર ઉપજે છે. અલ્લાહ પરદામાં છે તો તેને પરદાની બહાર કેવી રીતે જાણવો ? જો અલ્લાહને જાણવો હોય તો દિલના પરદાની અંદરથી તેને જુએ. અલ્લાહ તમારા ભીતર (દિલ) માં છે, પણ તેની પ્રિત વગર તેની જાણ તમને નહીં થાય. જો ભીતરમાં જ ગફલતનો પરદો હશે તો તમે અલ્લાહને જાણી નહિ શકો, માટે ગફલતનો પરદો દૂર કરો.

શૈતાન તમને દિલના પરદામાં પેસતાં શંકાઓ લાવી તેમાં પેસવા જ નહીં દે. શૈતાન કહેશે કે અલ્લાહને જાણવા વચમાં પરદો શાનો ? ખરો તે જ છે જે દિલમાં અલ્લાહને પ્રગટ માને. જે નક્ફટ છે તે શૈતાનને વળતો જવાબ આપતો નથી અને જે સાચો તાલીબ (સાલીક) છે તે શૈતાનને ફટ દઈને જવાબ દઈ તેનું મોં બંધ કરે છે.

**(૮) ભાલાના ઘા નું ઉદાહરણે : (બયાનો નં. ૧૦૦ અને ૧૦૧) : સમજૂતિ :-**

છેદ પાડનારો ભાલો મારવાની સાથે સાંસરવો નીકળી જાય છે. એવી જ રીત અલ્લાહના પ્રિતની છે. જેને અલ્લાહની પ્રિતમાં છેદ નથી પડતો તે અલ્લાહનો રંગ નથી જાણતો. ભાલો વાગતાં જ જેમ 'આહ' નીકળી જાય છે તેમ જેણે અલ્લાહની પ્રિતની 'આહ' નથી ચાખી તેને અલ્લાહ ઉપર પ્રિત નથી આવતી. જેણે અલ્લાહની વાત મનમાં ધરી નથી અને તેને અલ્લાહ ઉપર ભાવ

ઉપજ્યો નથી તે અણ માનીતી સ્ત્રીની જેમ છે. તેની ઉપર તેના ધણીનો પ્રેમ નથી હોતો.

અલ્લાહના માનીતા થનારને અલ્લાહનું નામ સાંભળતાં જ અલ્લાહ ઉપર હેત ઉપજે છે. ભાવ વગર પ્રિત ઉપજતી નથી અને ભાવ વગર ઈબાદત થતી નથી. જે શૂરવીર થઈ (દુનિયાની પરવા કર્યા વગર) અલ્લાહને રસ્તે આવે છે, તેને અલ્લાહ મળે છે, ત્યાં કાયર (ગાફીલ) નું કામ નથી. જીંદગી ફોગટ ગુજારી અને અલ્લાહ ન મળ્યો તો ફોગટ જનમ ખોયો. શૂરા વગર ઘા કોણ ખમે ? તેના વિના મેદાને કોણ આવી ઉભે ? જો મેદાનમાં તમારો પ્રેમ રૂપી ભાલો સાંસરવો નીકળી જાય તો તમારો પ્રેમ અલ્લાહથી વધે. તમે તકલીફો સહન કરીને અલ્લાહથી પ્રેમ કરશો તો અલ્લાહ તમારા ઉપર પ્યાર કરશે, નહીં તો શૈતાન તમને દુનિયાનાં કામમાં રાખશે. જે કોઈ હક વાત ઉપર કાયમ રહે, અલ્લાહ સિવાય બીજું કાંઈ ન ભાળે અને હિંમતભેર રાહે અલ્લાહની રાહમાં ચાલે તે મંજીલે પહોંચે. કાયર અલ્લાહની રાહના ઘા અને વિરહની કરવત સહન નથી કરતો, અને અલ્લાહનો પ્રેમી ઘડીભર પણ તેના જીક્ર વગર રહેતો નથી.

**(૯) આરસીનું ઉદાહરણ : (બયાનો નં. ૧૦૨ અને ૧૦૩) :**

**સમજૂતિ :-**

આરસી માટીમાંથી બને છે. માટી ખોદતાં માટી કેટલીએ કોદાળીયોના ફટકા ખમે છે. પછી તેને આગમાં નાંખીને પીગળાવવામાં આવે છે, તે આગની સખતી સહન કરે છે, પછી તેને બહાર કાઢીને ઘણી કૂટવામાં આવે છે. આવા દુઃખો સહન કર્યા પછી તે સુંદર આરસી બને છે અને હસી હસીને ઘણાંને તેમની સુરતો તેમાં બતાવે છે.

અલ્લાહનો માર્ગ પણ આવી તકલીફો સહન કરવાનો છે. ગાફીલ આવાં દુઃખો સહન કરતો નથી. લોકો આરસીને જોઈને ખુશ થાય છે, પણ તેણે સહન કરેલાં દુઃખો કોઈ જાણતું નથી. અલ્લાહના પ્રેમનો કોઈ અંતિમ નથી. કદીક તેનો પ્રેમ છુટી જાય તો તેને ફરીથી પ્રાપ્ત કરવાની કોશીષ કરો. અલ્લાહની

તસબીહ પુરી ખલકત કરે છે. તેને તમારી ગરજ નથી. તમે અલ્લાહથી વિખૂટા પડીને તેનો પ્રેમ ન ગુમાવો. તમારા વિખૂટા પડવાથી (રિસાઈજવાથી) અલ્લાહ તમારાથી ડરી નહીં જાય. માટે અલ્લાહથી નેહ લગાવીને મુક્તિ મેળવો.

**(૧૦) ચકલા-ચકલીનુ ઉદાહરણ : (બયાન નં. ૧૦૪) : સમજૂતિ :**

ચકલા-ચકલીનો આપસનો પ્રેમ અન્ય પક્ષીઓ કરતાં અનેરો હોય છે. તેઓ આખો દિવસ સાથે રહે છે અને પ્રેમથી વાતો કરે છે. જ્યાં સુધી સૂરજનું અજવાળું હોય ત્યાં સુધી તેઓ ખુશ-ખુશાલ હોય છે, પણ જેમ રાત નજીક આવે છે તેમ તેમને આંતરિક ડર સતાવે છે અને રાત પડી જાય છે તો તેઓ બંને અલગ પડી જાય છે. તેઓમાં રાતભરનો વિયોગ થઈ જાય છે. આ વિયોગે તેઓ રાતભર સુતા પણ નથી અને સુરજની રોશનીને ઝંખે છે. જેવો સુરજ દેખાય તેવાં જ તેઓ ભેગાં થઈ જાય છે, પણ અંધારે તેમને કાંઈ દીસતું નથી અને એમ જ રાત ગુમાવે છે.

તમે પણ જો રાહે અલ્લાહની જ્યોત મેળવશો નહીં તો ગફલતના અંધારામાં આયખું ગુમાવશો. ગફલતનું અંધારૂ ટળી નહિ જાય ત્યાં સુધી અલ્લાહ તરફ જવાની રોશની નહીં મળે અને માર્ગ જ્યોત જ્યાં હશે ત્યાંથી જ મળશે, નહીં તો અંધારે ફાંફા જ ફાંફા હશે.

**(૧૧) દૂધની છાશ થવાનું ઉદાહરણ : (બયાનો નં. ૧૦૫ અને ૧૦૬) : સમજૂતિ :-**

સ્તન કે આંચળમાંથી બહાર નીકળે ત્યારે **'દૂધ'** ને દૂધ કહેવામાં આવે છે (તે સ્તનની અંદર ભરેલું નથી હોતું, પણ દૂધના સમયે તે લોહીમાંથી બને છે). જ્યારે દૂધ તેનું દૂધ તરીકેનું અસ્તિત્વ ખોવે છે ત્યારે જ તે **'છાશ'** બને છે. તેણે પોતાના અસ્તિત્વની ચિંતા ન કરી ત્યારે જ તે છાશ બન્યું. તમે પણ અલ્લાહની મુહબ્બતમાં તન ફના કરો, તે વગર તે મળશે નહીં. જે બંદો પોતાને ફના કરે છે તે બંદો અલ્લાહની મુહબ્બતમાં ઓત પ્રોત થઈ જાય છે. પછી તેને **'અલ્લાહ પીયા'** વગર કાંઈ સુજતું નથી. તેથી અલ્લાહના દાસ

બની તેની જ આસ રાખો. તમારી જાતને કુરબાન કરશો તો અલ્લાહ તમારી નજીક હશે.

**(૧૨) લાકડામાં રહેલી આગનું ઉદાહરણ : (બયાન નં. ૧૦૭) : સમજૂતિ :-**

જ્યારે **'લાકડું'** એ લાકડું હોય ત્યારે તેમાં આગ નથી હોતી, પણ તેનામાં આગનો વાસ હોય છે. જ્યારે લાકડું તેનું અસ્તિત્વ ગુમાવે ત્યારે તેનામાંના છુપો અગ્નિ પ્રગટ થાય છે, પછી તે કોયલો બને છે. લાકડામાં આગ કાયમ છુપાયેલી હોય છે તેમ અલ્લાહથી મુહબ્બતની તમારી અંદર પણ ચિનગારી મોજુદ છે. પોતાને અલ્લાહ આગળ ફના કરો, તો તમારૂ બીજું રૂહાની સ્વરૂપ પ્રગટ થશે. મથ્યા વગર (મહેનત વગર) અલ્લાહથી પ્રેમ આપોઆપ આવી જતો નથી. પહેલાં અલ્લાહના દાસ બનો પછી તેની આસ રાખો. જો 'બંદો' એ બંદો (દાસ) બની જાય તો અલ્લાહથી પ્રેમ શીદને ન બંધાય ? બંદો અલ્લાહને વિસારી ને સદાય નિરાસ રહેવાનો છે, માટે હર શ્વાસે તેને યાદ કરો.

**(૧૩) દરિયાના મોજાંઓનું ઉદાહરણ : (બયાન નં. ૧૦૮) : સમજૂતિ :-**

દરિયામાં જેમ અંતરગં મોજા હોય છે તેમ આપણામાં પણ અંતરંગ મોજા હોય છે, અને તે મોજાઓમાં અલ્લાહની યાદનો અણસાર મોજુદ હોય છે. પણ તેની ભાળ કાઢ્યા વગર તેને જાણી ન શકાય. દિલમાં કરારની જગ્યા છે ત્યાં જ આવાં મોજાં છે. આ તરીકતી વાત છુપી નથી. હકીકતી બંદો આ મોજાંની હકીકતને જાણી લે છે. તમો પ્રેમ પૂર્વક પોતાને પખાળો (સાફ કરો) અને અલ્લાહ સિવાય અન્ય વાત ન કરો તો અલ્લાહ તમને છેહ (દગો) શીદ ને દે ? તો અલ્લાહને શા માટે વિસારવો ? અલ્લાહના દાસ બનો અને તેન ઓળખો અને તેની યાદથી પોતાને સંતોષો.

**(૧૪) જમીન અને આસમાનનું ઉદાહરણ : (બયાનો નં. ૧૦૯**

અને ૧૧૦) : સમજૂતિ :-

તમે જમીન જે આસમાનથી ઘણી દૂર છે, તેની પ્રિતનો દાખલો જુઓ. જમીનનો સુહાગ (પ્રેમી) મેહ (વરસાદ) છે. તે કદી જમીનનો છેહ (દગો) દેતો નથી. મેહ આસમાને ચડીને આવે છે અને જમીનની ઈચ્છા પૂરી કરે છે. જમીન પણ મેહ વગર સુકી ભઠ્ઠ થઈ જાય છે. તેને મરૂ ભૂમી કહે છે. તેના સુહાગ (મેહ) ની તલબગાર રહે છે. તે આશા રાખીને બેસે છે કે ક્યાંથી તો મેહ આવશે જ. જમીન મેહ ની આશાને કદી વિસારતી નથી. તમે પણ આ ઉદાહરણથી સમજો કે અલ્લાહ તમને કેમ સુકવી દેશે ? જેણે પોતાનામાં અલ્લાહને ન જોયો તેણે જનમ ખોયો. જુઓ તો ખરા આસમાન કેટલું દૂર (ઊંચુ) છે, પણ જમીન આશા રાખીને બેસે છે તો મેહ તેનું ઉભરાણ (ઉભરો) જમીન ઉપર ઠાલવે છે અને પછી તે લીલીછમ્મ થઈને લહેરાય છે. તેણે પોતાનો જીવ મેહમાં રાખ્યો તો તે કાંઈક પામી શકી. તો તમે પણ તમારો જીવ અલ્લાહમાં રાખશો તો કાંઈક પામી શકશો. જો એમ નહીં કરો તો તમે પણ અલ્લાહના અણમાનીતા બની રહેશો. તમારી દેહમાં અલ્લાહ તમારી નજીક જ છે, તેને જ યાદ કર્યા કરો.

કુર્આનમાં છે કે,

અમે ઈન્સાનને પેદા કર્યો અને તેના મનમાં આવતા વસવસાઓને અમે જાણીએ છીએ અને એની ધોરી નસ (સુષમણા) થી પણ વધુ એની નજીક છીએ. (સુરે કાફ, આયત નં. ૧૬)



પ્રકરણ - ૮

## -: હકીકતી કેફીયતનાં તત્વો :-

**(૧) ઈશ્કે ઈલાહી : (બયાનો નં. ૧૧૧ અને ૧૧૨) : સમજૂતિ :-**

જો તમારામાં હકીકતી પ્રેમ ન હોય તો તમને અલ્લાહનું પીયાપણું પણ ન ભાસે. અલ્લાહ ઘટ (શરીર) માં સમાયેલ છે. તેને ન વિસારો. હર ઘડી તેની મુહબ્બતથી અળગા ન થાઓ. એ જ તમારો મા'બુદ છે અને એની જ ઈબાદત કરો. જે અલ્લાહને રંગે રંગાઈ જાય છે તેની ઉપર બીજો રંગ ચડતો નથી. અલ્લાહ જ હકીકી બાદશાહ છે. દુનિયા ફના થનાર છે, છતાં પણ દુનિયાના બાદશાહ તેની દુનિયાથી ઘણું હેત રાખે છે. જો તમારી અંદર અલ્લાહનું રાજ મોજુદ હોય તો એવા રાજને કેમ ન ભોગવવું ? જો ઘટમાં જ રાજ હોય તો તેનાથી અદકું (વધારે) શું જોઈએ ? જેને આવા રાજની હકીકત બંધાય તેણે અલ્લાહના પ્રેમમાં મસ્ત રહેવું અને તેને કોઈને કહેવું નહીં, કેમકે શૈતાન પાછો તમને ગુમાનમાં નાંખી ન દે.

જે અલ્લાહની મુહબ્બતનો દાવો કરે અને સાથે દુનિયાની મુહબ્બતને દિલમાં સંઘરી રાખે તે ઘણાં ભારથાર (ધણી) વાળી વેશ્યા જેવો છે. વેશ્યા જેમ ઘણા ભરથારની શોધમાં બુમો પાડતી રહે છે, તેમ દુનિયાનો તલબગાર અલ્લાહને છોડીને દુનિયાને પોતાનો સ્વામી (ધણી) ગણે છે.

**(૨) ઝીક્રે ઈલાહી : (બયાન નં. ૧૧૩) : સમજૂતિ :-**

દરેક ઘટમાં અલ્લાહ વસે છે. તમે એવી હકીકતી નજરો કેળવો કે તમને બધે જ અલ્લાહ દીસે અને તમારી જીભ પણ અલ્લાહના જીક્ર સિવાય કોઈ બીજું ન કહે. જો તમે તમારા દિલમાં આટલી પણ તરસ ન રાખો તો તમે અલ્લાહને હકીકતથી ઓળખતા નથી, તે ઘણા ગુણોથી ભરેલો છે અને તે સત્તાર (એબ છુપાવનાર) છે. દરેક ઝાડ, ઝાંખરા અને પત્તે પત્તાં અલ્લાહનો જીક્ર કરે છે. **નોંધ :** સુરહ રહમાનમાં છે :

"અન્નજમુ વસ્સજરૂ યસજુદાન"

(તારલાઓ અને ઝાડો અલ્લાહને સજદા કરે છે)

તમે તમારી નજરો એવી સાફ કરો કે અલ્લાહની હકીકત તમને મહેસુસ થાય (ભાસ થાય). અલ્લાહની એટલી બધી અદબ રાખો કે જીભ ભૂલથી બીજું ન બોલે.

કુર્આનમાં છે :

પોતાના રબનો ઝીક્ર કરો અને બધાયથી અલીપ્ત થઈને તેના જ બની રહો. (સુ. અલ મુજમ્મીલ, આયત નં. ૮)

**(૩) ખવફે ઈલાહી : (બયાન નં. ૧૧૪) : સમજૂતિ :-**

**જો તમને અલ્લાહનું નામ ન ભાવે તો 'હકીકત' દિલમાં ન ઉતરે.** અલ્લાહનું નામ જાણે તમો અલ્લાહને જોઈ રહ્યા હોય તે રીતે લીધા કરો.

**નોંધ :**

મિશ્કત શરીફની પહેલી હદીસ છે. જેને પીર મશાયખ (રહે.) ઈમાન ભાગ-૧ માં પણ બયાન કરેલ છે, તેમાં છે કે ઈબાદતમાં 'ઈહસાન' કરો : એટલે કે જાણે ઈબાદત કરતાં તમે અલ્લાહને જોઈ રહ્યા છો, જો તેમ ન થાય તો એમ જાણો કે, અલ્લાહ તમને જોઈ રહ્યો છે. જો 'ઈહસાન' કરશો તો ખવફે ઈલાહી રહેશે.

જો તમારા દિલનાં ભીતરમાં અલ્લાહ વસેલો હોય તો કોઈ દમ (શ્વાસ) તેની યાદ વગર ખાલી ન જાય. અલ્લાહના નામ સિવાય દિલમાં બીજું ન આવવું જોઈએ. તમે જન્નતની ઉમ્મીદ રાખો અને અલ્લાહનો ડર રાખો.

(પીર મશાયખ (રહે.) ઈમાન ભાગ-૧ માં લખ્યું છે કે, ઈમાન ડર અને ઉમ્મીદની વચ્ચે છે. આ હદીસ મિશ્કાતમાંથી છે.)

તમારી નેકીની કમાઈ અલ્લાહ માટે કરો. કેમકે અલ્લાહ તમારો પ્રેમી છે અને તેની ઈબાદતના બોલ તેને મીઠા લાગે છે. અલ્લાહનાં ઘણાં મુબારક ગુણ

વાચક નામો (અસ્માઈઉલ હુસ્ના) છે. તેનો એક ગુણ એ તેની તાકતે 'કુન' (થા, અને થઈ ગયું) છે. તેણે તેની આ તાકતથી આદમ (અ.સ.) અને જન્નત બનાવ્યાં. અલ્લાહની સિફ્તોને તલભર પણ ન વિસારો. જન્નતથી પ્યાર કરો, અને જન્નત અલ્લાહના પ્યાર વગર મળતી નથી. તમે દોજખનો ભો (ડર) રાખો.

## (૪) સીફાતે ઈલાહી : (બયાન નં. ૧૧૫) : સમજૂતિ :-

અલ્લાહની જે શીફતો છે, તેવી કોઈનામાં નથી એ વાત ધ્યાનમાં રાખવી. જેનામાં અલ્લાહની પ્રિત ઠાંસીને ભરેલી હોય તે જન્નતી છે, અને તેના જેવો કોઈ નથી હોતો. અલ્લાહ તમારા દિલમાં વસે તો તેનાથી ઊંચી જન્નત પણ ન કહેવાય. જો અલ્લાહને વિસારો તો દોજખ મળવાનો ડર રાખો. અલ્લાહનો ખોફ એવો રાખો કે તેનો ખોફ દોજૂખથી વધારે છે. કેમકે જેની ઉપર અલ્લાહનો ગુસ્સો આવ્યો તેનું બધું જ બરબાદ છે. તેથી હકીકતીએ અલ્લાહનો ખોફ રાખવો જોઈએ. અલ્લાહની એક સીફત કહહાર (જબરદસ્ત) છે. તેથી હકીકતીની રૂએ રૂએ અલ્લાહનો ખોફ સાલે છે. જેને અલ્લાહ મળે તેને જન્નત મળવાની જ છે, તમારી પાસે અલ્લાહની મુહબ્બત ન હોય તો દોજખ તમારી સાથે જ છે, અને જન્નત તો અલ્લાહની પાસે જ છે.

## (૫) રહમતે ઈલાહી : (બયાન નં. ૧૧૬) : સમજૂતિ :-

જન્નત અને દોજખને સામે રાખો. અલ્લાહ વગર જન્નત નહીં મળે. હકીકતી ફક્ત જન્નતની તલબ માટે જ અલ્લાહથી પ્રેમ નથી રાખતો, પણ સાથે અલ્લાહના દીદારની પણ તલબ રાખે છે. જેને અલ્લાહનો દીદાર થશે તેને જન્નત મળવાની જ છે. જેણે અલ્લાહ માટે શરીર ન કસ્યું તે અલ્લાહનો અણમાનીતો છે. પોતાની રૂહને ઢંઢોળો. જેણે અલ્લાહના વિયોગને ભારે સમજી લીધો તેને દોજખનો ડર આવ્યો. દિલના પરદાની અંદર દુનિયાની પ્રિત ન સમાય તો રૂહ અલ્લાહ ! અલ્લાહ ! જપે. હકીકતી ફક્ત એક જ અલ્લાહના પ્રેમમાં ઓતપ્રોત રહે છે. તેને ન જન્નતની પડી છે ન દોજખનો ડર છે. કેમકે

અલ્લાહ તેની સાથે છે, તેથી જન્નત મળવાની તેને ખાત્રી છે અને દોજખર્થ છુટકારો થવાનો છે. સાલીક અલ્લાહની રહમતનો તલબગાર રહે છે.

**(૬) કુર્બે ઈલાહી : (અલ્લાહની નીકટતા) (બયાન નં. ૧૧૭ થી ૧૧૮)**

**: સમજૂતિ :-**

હકીકતી જન્નતની લાલચ વગર અલ્લાહથી પ્રેમ કરે છે. તેથી જે પળ અલ્લાહની યાદ વગર જાય છે તે તેને અંગારા જેવી લાગે છે. દુનિયાની તકલીફો વેઠીને પણ જો અલ્લાહનો પ્રેમ ન મળ્યો તો બીજુ બધું કાંઈ કામ નહીં આવે. જો તમે તકલીફ લઈને સાતમેં આસમાને પહોંચ્યા, પણ અલ્લાહનો દીદાર ન થયો તો તમારી તકલીફ ફોગટ ગઈ. તેથી તે રાહ પકડો જે અલ્લાહને ભાવે. જે મન અલ્લાહને રીઝવે તે ધન્ય છે. અલ્લાહ દિલમાં વસે તેનાથી મોટું સુખ કાંઈ નથી. અલ્લાહ ઘણી ખુબીઓનો માલિક છે. માટે તે રીઝે એવાં કામો કરો. કસ્તુરીને ઘસતાં તેમાંથી સુગંધ આવે છે, તેમ તમે પણ અલ્લાહની રાહમાં ઘરમાઈ જાઓ, તો તેની સુવાસ મળશે.

**(૭) તજકીયા એ નફસ (દિલની સફાઈ) : (બયાન નં. ૧૧૯) :**

**સમજૂતિ :-**

પોતાના મનને ઘસીને ચકચકિત કરો તો અલ્લાહની ઓળખ મળે અને તો જ અલ્લાહ તમારામાં વસે. અલ્લાહનો રંગ તો લાલા નામના ફુલની માળા જેમ છે, જેને અલ્લાહ હકીકતી ના ગળામાં નાંખે છે. અલ્લાહના રંગની વાસ તમારામાં મોજુદ છે. કહો કે હું અલ્લાહનો સેવક છું અને અલ્લાહ મારો માલિક છે. વરસાદનું વાદળ રાતાશ પડતું હોય છે, પણ તેમાં પાણી ભરેલું હોય છે, તે દેખાતું નથી. જ્યારે વાદળ ગર્જે છે ત્યારે તેનો રંગ બદલાઈ જાય છે. જેણે પોતે અલ્લાહને સુપ્રત કરી દીધો, તેણે અલ્લાહની પ્રિત લઈ લીધી. છીપમાં મોતી હોય છે. આમતો તે છીપ કહેવાય, પણ તેની અંદર મોતી હોય છે. આ બેઉ સાથે હોય તો એક જ નામે ઓળખાય. આ શરીર છીપ છે અને તેની અંદરની રૂહ એ મોતી છે. જો હું 'પીયું' 'પીયું' કહું તો મારો પીયું મારી સાથે

કેમ ન હોય ? ફરમાબરદાર અલ્લાહને મનાવીને રહે છે, દુઆ કબૂલ કરાવે છે. તમે તમારા દિલને પહેરેલાં કપડાની જેમ રાખો. જેમ તમારાં કપડાની અંદર તમારૂ બદન છે, તેમ તમારા દિલમાં તમારો ચાહક (અલ્લાહ) છે.

પીર મશાયખ (રહે.) તરીકતના કુલ ૧૨૧ બયાનોમાંથી (ગુંજને) ૬૨ બયાનોમાં ઉદાહરણોથી સમજાવી છે. બયાનો નં. ૫૭ થી ૧૧૮ તે બધા એ સુચવે છે કે હકીકતી કેફીયત મેળવવા સાલિક બંદાએ શું કરવું જોઈએ. હકીકતી કેફીયત શોધનારને પોતાની જાતને કુરબાન કરવાની સલાહ આપવામાં આવી છે. પૂરી તરીકત અને હકીકત એ અલ્લાહની નીકટતા કેળવવી એ છે. પણ તે પહેલાં શરીઅત ઉપર અમલ જરૂરી છે. શરીઅત ઉપર અમલ પછી અલ્લાહની નજીક આગળ વધવાનો માર્ગ (તરીક) શોધો, અને પછી તે માર્ગોની શું હકીકત છે તે જાણો. જો એમ કરશો તો દિલથી અલ્લાહની ઓળખ (મા'રફત) આવશે.

**જે પીરમાં આ બધી કેફીયતો ન હોય તે પીર મુરીદને કાંઈ આપી શકે નહીં, અને મુરીદે પીરમાં આ કેફીયત જન્મજાત છે એવી ધારણામાં રહેવું ન જોઈએ.**

**પીરને ધન આપી દીધું, તેમની સુખ-સગવડ સાચવી કે તેમાં વધારો કરી આપ્યો. તેનાથી આ ગુંજ (કેફીયત) બંદામાં આવશે નહીં.**

પ્રકરણ - ૯

## -: કિતાબ અને સુન્નત :-

### ૧. અલ્લાહની રસ્સી મજબૂતીથી પકડી રાખો :-

ઉપરોક્ત તત્વો અલ્લાહની નીકટતા પ્રાપ્ત કરવા માટે છે. કુર્આનમાં છે કે :-

**"નમાઝ કાયમ કરો, ઝકાત આપો અને અલ્લાહને મજબૂતીથી પકડી લો તે જ તમારો મૌલા છે. કેટલો સારો મૌલા અને કેટલો સારો મદદગાર (સુ. અલ હજ્જ, આયત નં. ૭૮)"**

અલ્લાહને મજબૂતીથી પકડી લેવાનો અર્થ એ છે કે, તેની તાબેદારી અને બંદગી કરો. તેની મુહબ્બત તેની ઉપર ભરોસો રાખવાથી મજબૂત બને છે. કુર્આનમાં છે :

**"અને અલ્લાહની દોરી (રસ્સી) ને બધા મળીને મજબૂતીથી પકડી લો અને વહેંચાઈ ન જાઓ અને અલ્લાહની કૃપાને યાદ કરો કે જ્યારે તમો એકબીજાના વેરી હતા તો તેણે તમારા દિલને મેળવી દીધા અને તેની મહેરબાનીથી તમો ભાઈ-ભાઈ બની ગયા. તમો આગના કિનારે ઉભારહતા તો તેણે તમોને ઉગારી લીધા. આ રીતે અલ્લાહ પોતાની આયતો (આદેશ) સ્પષ્ટ કરે છે કે જેથી તમો માર્ગ મેળવી લો (સુ. આલી ઈમિરાન, આયત નં. ૧૦૩)"**

આ આખી આયતને તેના સંદર્ભમાં સમજવી જોઈએ. અલ્લાહની રસ્સીને મજબૂત પકડ્યા વગર અલ્લાહની નીકટતા નહીં મળે. અહીયાં દોરીથી તાત્પર્ય અલ્લાહની કિતાબ કુર્આનમાં છે કે જે બંદાઓને અલ્લાહથી જોડે છે અને તે અલ્લાહથી કોલ-કરારનું એક સ્વરૂપ છે, જેને પકડી રાખવામાં આવે. આ હુકમ પૂરી મુસ્લિમ ઉમ્મત માટે છે, કે પૂરી ઉમ્મત કુર્આનને મજબૂતીથી પકડી તેની ઉપર અમલ કરે. પછી ઉમ્મતને તાકીદ કરવામાં આવી છે કે મતાંતરોમાં પડી

ટુકડાઓમાં વહેંચાઈ ન જાઓ. કુર્આન દરેક મુસ્લિમનું કેન્દ્ર બિંદુ છે. માટે હક શોધતા રહો. તે કુર્આનમાંથી મળશે. ઈસ્લામ પહેલાંનાં આરબો આપસમાં ખુના મરકી કરતા હતા, તેઓ કુર્આન થકી આપસમાં ભાઈ-ભાઈ બની ગયા અને આગને (દોજખને) કિનારે ઉભા હતા તેમાંથી અલ્લાહે તેમને **અલ્લાહની આ રસ્સીને** સહારે ઉગારી લીધા. આ સંબોધન દરેક યુગના મુસલમાનોને પણ લાગુ પડે છે કે આ રસ્સીને તેઓ મજબૂતીથી પકડી રાખે.

અલ્લાહની રસ્સીને મજબૂતી આપવામાં સુન્નતે રસૂલને પકડી રાખવી જરૂરી છે. રિસાલતનો નીચોડ સુન્નતં રસૂલ છે. તે સિવાય બીજી કોઈ રસ્સી નથી. પીર મશાયખ (રહે.) તેમની કિતાબ ઈમાન ભાગ-૨ ના બયાન નં. ૨૦૦૮/૧૮૪ માં કિતાબ અને સુન્નત વિશે લખે છે :

**કહ્યા નબીને મૈં છોડીયા, દો ચીજ તમું માંહાં,**
**તો ગુમરાહ તમના, હાંગે નાંહાં. - ૪**
**સો જબ તક ઓસસુ, ચંગમારો રે તમના,**
**કે હોજત ઓસકી, તમ રાખો રે મંના. - ૫**
**વે અલ્લા કેરી કિતાબ કુરાન રે જાનો,**
**અને હદીસાં નબીકી દુસરી રે માંનો. - ૬**

(નબીએ કરીમ (સ.અ.વ.) કહે છે કે મેં મારી પાછળ અલ્લાહની કિતાબ કુર્આન અને હદીષ છોડી છે. જ્યાં સુધી તમે તેને દલીલ (હુજ્જત) રીતે પકડી રાખશો ત્યાં સુધી ગુમરાહ થશો નહીં.) હદીષ એ સુન્નતમાંથી છે.

ઈમાન ભાગ-૨ ના બયાન નં. ૧૯૪૪/૧૨૪ માં આપ (રહે.) લખે છે

**કે અકીદા સાચા સહી રે કરા હો,**
એ કિતાબને **સુન્નત સાચી મન બાહો. - ૪**
સુનો એતેસામ **ઓસકા, બુઝો રે નામા,**
એ સુન એ **અકીદા સહી કરો દીલ માંહાં. - ૧૧**

અહીંયા કિતાબ અને સુન્નત કહ્યું છે. હદીષ સુન્નતમાંથી છે.

ઈમાન ભાગ-૨ના બયાન નં. ૧૯૪૯/૧૨૯ માં આપ લખે છે :

**કહ્યા નબીજી ને સુન્નત જે બુઝો રે મેરી,**
**વે તમુ પાર વાજીબ, કીજીઓ સવેરી. - ૨૨**

પીર મશાયખ (રહે.) એ નબીએ કરીમ (સ.અ.વ.) ના જે શબ્દો ઉપર ટાંક્યા છે, તેની વિરૂદ્ધ કરનાર માટે પીર મશાયખ (રહે.) લખે છે :

**આપ ઉપાયે મનસુ, જેકો કરસી કામા,**
**નાંહીયે સુન્નત કેરડા, નાંહી કિતાબ ઠાંમા.**
**મરદુદ કિયે વે કામરે, ખાતમને આખા,**
**બાતલ હે વે કામરે, હોકમ એ આખા.**
(ઈમાન ભાગ-૨, બયાન નં. ૧૯૪૭/૧૨૭)

## ૨. આલ અને કુર્આન :-

ઉપરોક્ત હદીષના ચોખ્ખા શબ્દો છે 'કુર્આન અને સુન્નત'. પીર મશાયખ (રહે.) ની ૧૩ ફસલો, પાંચ પુરુચરણ કિતાબો અને તેમના બેટાઓએ લખેલ કિતાબોમાં **ક્યાંય 'આલ અને કુર્આન' એવા શબ્દો નથી.**

ઝૈદીઓ ફીકાહમાં સુન્ની ફીકહથી વધારે નજીક છે, પણ તેઓમાં પણ 'કુર્આન અને સુન્નત' છે.

ઈશ્ના અશઅરીઓમાં પણ કુર્આન અને સુન્નત છે. તેમને ત્યાં બારમા ઈમામ ગાઈબ થયા પછી આલ જેવી કોઈ માન્યતા નથી. ઈમામત અને આલમાં ઘણો મોટો ફરક છે. નબીએ કરીમ (સ.અ.વ.) ની આલ એક **સમયે ઘણી જગ્યાએ લાખોની સંખ્યામાં ફેલાયેલી છે,** જ્યારે ઈમામત એક સમયે એક જ વ્યકિત પાસે ગણવામાં આવે છે. ઈસ્માઈલીયોને ત્યાં ઈમામત મુખ્ય છે અને કુર્આન (તેઓની અજ્ઞાનતાને લીધે) ગૌણ છે. **વિશ્વમાં કોઈ એક જ પીરની ઔલાદ જ આલ ગણાય એવું નથી.**

વહોરાઓ પણ ઈસ્માઈલી શાખમાંથી છે. ત્યાં પણ દાઈ છે, સાથે કુર્આન અને સુન્નત પણ છે. તેમનાંમાં દાઈ અસંખ્ય નથી, **જ્યારે આલની સંખ્યા અસંખ્ય હોય છે.**

અલ્લાહની કિતાબ કુર્આનને કબૂલ રાખી **'સુન્નત'ની જગ્યાએ 'આલ' શબ્દ મુકવામાં આવે તો. શું થાય... ? :**

(૧) આ અસંખ્ય આલ જ્યાં પણ હશે અને જે પણ અકીદા ઉપર હશે **તે બધાયને** કુર્આન પછી માનવા પડશે.

(૨) જો એમ જ હોય તો કુર્આન સાથે **ભિન્ન ભિન્ન આલના ભિન્ન ભિન્ન અકીદાઓને પણ માનતા જવું પડે અને બધાયને સાચાં માનવો પડે. જે મોટો વિરોધાભાસ ઉભો કરે છે.**

(૩) નબીએ કરીમ (સ.અ.વ.) નો ઈરાદો એ કદી પણ ન હોઈ શકે કે તેમની ઉમ્મત કુર્આન પછી ભિન્ન ભિન્ન અકીદાવાળી આલને અનુસરે.

(૪) તેથી ખરા શબ્દો જે પીર મશાયખે ઈમાન ભાગ-૨ માં જણાવ્યું છે (જે પાછળ બયાન થયાં) તે શબ્દો કુર્આન અને સુન્નત છે.

પીર મશાયખે (રહે.) અગાઉ જણાવ્યા મુજબ લખ્યું છે કે પીર તરીકે સૈયદને અગ્રતાક્રમ આપવો. તે સમયે ઈરાંકથી અરબી ભાષી સૈયદો હિન્દુસ્તાન આવ્યા ત્યારે અહીંના લોકો અરબી ભાષાથી જ અજાણ હતા અને સૈયદોમાં ઈલ્મ હતું. તેથી તેમને અગ્રતાક્રમ અપાતો. પીર મશાયખ (રહે.) હઝરત ફાતમા (રઝી.) થી થયેલ ઔલાદને સૈયદ ગણે છે. મકતુલનામાનું પહેલું જ બયાન જુઓ :

**બીબી ફાતમા કે ફરઝંદ સૈયદ રે કે'લાયે,**
**અને સૈય્યદુ સેતી દોઝખ કી આગ રે હરામા. - ૨**
**હો ફરઝંદ કરસી બીબી સાહેબ કી રીતા,**
**કે દીન હો સેતી વેસી કરેગા પીતા. -૩**

કભી ફરઝંદ હોકર નાંહી દીન રે ચાવે,
સુનો વે કીસ રીત ઓસમાં હે ગણાવે. - ૪
સુનો નુહ નબી કા બેટા પાણીમાં ડુબાયા,
વે ડુબતા નુહને આપ નેનું રે જોયા. - ૫
(મક્તુલનામા, બયાન નં. ૧૩)

એટલે સૈય્યદ દીનના પાબંદ હોય તો જ પીર થઈ શકે. જો સૈય્યદ બદદીન હોય અને નબીએ કરીમ (સ.અ.વ.) ના દીન ઉપર ન હોય તો તે સૈય્યદમાંથી જ નથી એટલે તેવા સૈય્યદને પીર કરવા નહીં.

આલ અથવા સૈય્યદ અને અહલે બયતમાં ફરક છે :

## અહલે બયત :

અરબીમાં અહલ એટલે 'વાળા', અને 'બયત' એટલે 'ઘર'. આમ અહલે બયત એટલે ઘરવાળાં. તેમાં ઔલાદ અને પત્નીઓનો સમાવેશ થાય છે (જેમકે કુટુંબ). નબીની અહલે બયત એટલે નબીના ઘરવાળાં, નબીએ કરીમ (સ.અ.વ.) નું કુટુંબ.

આ સંબંધે અલ્લાહની કિતાબ કુર્આનની વાણી જુઓ, જે દરેક મુસલમાનનું કેન્દ્ર બિંદુ છે અને તેને તેમણે માનવું જરૂરી છે. પીર મશાયખ (રહે.) લખે છે :

મુજબ કુરાન સુ એ શરીઅત ભાઈ,
ઉસે ઉસે સુન કર કરો રે કમાઈ. - ૧૨
એ મુજબ કુરાંન સો સહીકર જાંનો,
શરીઅત રાહ ઉસે રે પીછાંનો. - ૧૩
જે મુનકર મુકર કર કુરાંન ન માને,
વે કોલ કુ મુકરે, મુનકર જાંને. - ૧૪
વે મુકરકર મુનકર આપ દિખાવે,
પણ મકર રબ કે અબુઝ નાં પાવે. - ૧૫

કુરઆનના કહ્યા મુજબ અમલ કરીને કમાઈ કરો :

કુર્આનનો ઈન્કાર કરનાર (મુનકર) તેના અલ્લાહને આપેલા કોલને ઈન્કારે છે અને તેનો ઈન્કાર તેના મન પર નથી હોતો. પણ અલ્લાહનો મકર (તદબીર) તે ઈન્કાર કરનાર બંદો સમજી શકતો નથી. કેમકે, બંદાના આવા ઈન્કાર સામે અલ્લાહ પણ એક ચાલ (તદબીર) ચલાવે છે, જે બંદાની જાણમાં નથી હોતી.

કુર્આનમાં છે : "મકરૂ વ મકરલ્લાહ, વલ્લાહુ ખૈરૂલ માકીરીન"

(તેઓએ (બની ઈસરાઈલ)) પ્રપંચ કર્યો, પણ અલ્લાહે પણ તેનો તોડ કર્યો, અને અલ્લાહ સૌથી સારો તોડ કરનારો છે. (સુરહ આલી ઈમરાન, આયત નં. ૫૪)

## ૩. અહલે બયતનો અર્થ :-

એહલે બયતના અર્થ માટે કુર્આનની આયતો જુઓ કે અલ્લાહ પોતે કોને અહલે-બયત કહે છે.

સુરહ અહઝાબ (આયતોનો ક્રમ) :-

આયત નં. - ૬

"નબી મોમીનો માટે તેઓના પ્રાણથી વધુના હક્કદાર છે અને તેની **પત્નીઓ** તેઓની માંઓ છે અને અલ્લાહના કાનૂનમાં રહમી (લોહીના) સંબંધીઓ સામાન્ય મોમીનો અને મુહાજીરોની સરખામણીએ એક બીજાનાં વધુ હક્કદાર છે."

અહીંયાં બધી નબી પત્નીઓને ઉમ્મતિઓની માંઓ કહી છે અને અન્સારોને અને મુહાજીરોને આપસમાં ભાઈ ભાઈ કહ્યા છે, પણ તેથી તેઓને દરેક મુસલમાનના માલમાંથી વારસો નહીં મળે. વારસા માટે અલ્લાહે લોહીના સંબંધનો કાનૂન બનાવ્યો છે.

આયત નં. ૨૮ :-

"હે નબી ! તમારી **પત્નીઓને** કહી દો, અગર તમે દુનિયાનું જીવન અને તેની શોભા ચાહતી હોય તો આવો હું તમને કાંઈક આપીને સુંદરતા સાથે રૂખસદ કરી દઉં."

નબી પત્નીઓએ આપ (સ.અ.વ.) થી વધારે ઘર ખર્ચી માંગી, જેની આપની પાસે સગવડ નહતી, તે અનુસંધાનમાં આ આયત ઉતરી કે જે નબી પત્ની નબીએ કરીમ (સ.અ.વ.) ની આર્થિક સ્થિતિથી ખુશ ન હોય તેની મરજીથી તેને છુટી કરી દેવામાં આવે.

આયત નં. ૨૯ :-

"**અને તમે અગર** અલ્લાહ અને તેના રસૂલ અને આખેરતના ઘરની તલબ રાખો છો તો ખાતરી રાખો, જે કાર્ય સૌંદર્યનું વલણ અપનાવશે તેણીઓ માટે અલ્લાહે બહુ મોટું ઈનામ તૈયાર રાખ્યું છે."

અહીંયાં નબી પત્નીઓ સબર કરે તેમને માટે અલ્લાહે આખેરતમાં મોટા ઈનામનું આશ્વાસન આપ્યું છે.

આયત નં. ૩૦ :-

"**હે નબી પત્નીઓ !** તમારામાંથી જે કોઈ સ્પષ્ટ નિર્લજતાની અપરાધિની થશે તેણીને બમણી સજા આપવામાં આવશે. અલ્લાહ માટે તે વાત સહેલી છે."

આયતન નં. ૩૧ :-

"**અને તમારામાંથી** જે કોઈ અલ્લાહ અને તેના રસૂલની તાબેદાર બની રહેશે અને સારાં કામો કરશે, અમે તેણીને બમણું ઈનામ આપીશું અને અમે તેણીને માટે માનભરી રોજી તૈયાર રાખી છે."

આયત નં. ૩૦ અને ૩૧ માં નબી પત્નીઓને મોમીનોની માંઓની

હેસીયતે જવાબદારીનું ભાન કરાવવામાં આવ્યું છે અને સાથે તેનો બદલો પણ બતાવ્યો છે.

આયત નં. ૩૨ :-

"હે નબીની પત્નીઓ ! તમે બીજી મહિલાઓ જેવી નથી. અગર તમે પરહેજગાર હો તો લચક સાથે વાત ન કરો કે જેના મનમાં રોગ છે તે તમાઅ કરવા માંડે અને ભલી વાત કરો."

આ સંબોધન બધી જ નબી પત્નિઓને છે. આ સંબોધન સીલસીલા વારથી આગળ વધે છે, જેનો નીચોડ નીચેની આયતમાં છે.

આયત નં. ૩૩ :-

નબી પત્નીઓ પોતાના ઘરોમાં રોકાઈ રહો, અને અગાઉની અજ્ઞાનતા જેવું પ્રદર્શન ન કરો, નમાઝ કાયમ કરો, ઝકાત આપો અને અલ્લાહ અને રસૂલની તાબેદારી કરો. **અલ્લાહ તો ચાહે છે કે તમો અહલે બયતથી ગંદગીને દૂર કરે અને તમોને બિલકુલ પાક કરી દે. (ઈન્નમા યુરીદુલ્લાહ લી યુઝહીબ અનકુમ રીજસ અહલબયતી વ યુતહહીરકુમ તતહીરા).**

'તમો અહલે બયત'ના આ શબ્દો અહીંયાં નબીએ કરીમ (સ.અ.વ.) ની બધી પત્નીઓને ઉદ્દેશીને અલ્લાહે વાપર્યો છે. તેમાં આપ (સ.અ.વ.) ની કોઈ ઔલાદને સંબોધન નથી, અને આપની ઓલાદને સંબોધતી આવી બીજી કોઈ આયત નથી. આપની અહલે બયતનું હોવું આપ (સ.અ.વ.) ના ઘરનાં અમુક જ માણસો માટે ખાસ કરી દેવું એ સાચું નથી. હવે અહલે બયત શબ્દને કુર્આનની બીજી આયતોથી સમજીએ.

**સુરહ હુદ (આયતોનો ક્રમ) :-**

આયત નં. ૭૧ :-

અને તે (ઈબ્રાહીમ) ની પત્ની પણ ઉભી હતી તે હસી પડી, તો અમે તેણીને ઈસ્હાક અને ઈસ્હાક પછી યાકુબની ખુશ-ખબરી આપી.

**આયત નં. ૭૨ :-**

"તેણીએ કહ્યું હાય ! મને ઔલાદ થશે જ્યારે કે હું ઘરડી થઈ ગઈ છું અને મારો પતિ પણ ઘરડો થઈ ગયો છે ! આ તો ઘણી વિચિત્ર વાત છે."

**આયત નં. ૭૩ :-**

"તેઓ (ફરિશ્તાઓએ) કહ્યું : શું તમે અલ્લાહના હુકમ પર નવાઈ પામો છો ? અલ્લાહની રહમત અને બરકતો હો **તમારા અહલે બયત** પર (રહમતુલ્લાહી વ બરકાતુહુ અલયકુમ **અહલે બયતી**). બેશક તે વખાણનો હક્દાર અને મોટો જ્ઞાન વાળો છે."

અહીંયા ઈબ્રાહીમ (અ.સ.) ની **પત્નીને ફરીશ્તાઓએ ઈબ્રાહીમ (અ.સ.) ની અહલે-બયત કહી છે.**

**૩. સુરે કસસ (આયતોનો ક્રમ) :-**

**આયત નં. ૧૦ :-**

"અને મૂસાની માંનુ મન અધીરૂં બની ગયું. નજીક જ હતું કે તેણીએ ભેદને જાહેર કરી દેત, અગર અમો તેણીના મનને મજબુત ન કરતા તો, એવું એ માટે કર્યું કે જેથી તેણી મોમીન બની રહે."

**આયત નં. ૧૧ :-**

તેણીએ તે (બાળક) ની બહેનને કહ્યું, આની પાછળ પાછળ જા. તદ્અનુસાર તેણી તેને દૂર સુધી જોતી રહી અને પેલા લોકોને તેની જાણ પણ ન થવા પામી.

**આયત નં. ૧૨ :-**

"અને અમે એ (બાળક) પર અગાઉથી જ દૂધ પીવડાવનારીઓને

હરામ કરી રાખી હતી. તેની બહેને કહ્યું શું હું તમોને પોતાના ઘરવાળાઓનું ઠેકાણું બતાવું (ફ કાલત હલ અદુલ્લુકુમ અલા **અહલે બૈતીન**) જેઓ તમારે માટે આનું (મુસાનું) પોષણ કરશે અને એના હિતેચ્છુ હશે ?"

**આયત નં. ૧૩ :-**

આ રીતે અમે તેને તેની માંની પાસે પાછોવાળી દીધો. આયત આખર સુધી.

અહીંયા **અહલે બયતથી મુરાદ મુસા (અ.સ.) ની માં છે,** જોકે આ શબ્દનું પ્રાધાન્ય ઉપર જણાવ્યા મુજબ નબીએ કરીમ (સ.અ.વ.) ની બધી પત્નીઓ માટે છે.

પીર મશાયખ (રહે.) મકતુલનામાનાં બયાનો નં. ૩૫૩ થી ૩૪૬ માં લખ્યું છે કે, ઇમામ હુસેને કરબલાના રણ માટે પોતાના તંબુ પાસે આવીને પોતાની એહલે બયત (ઘરવાળાઓ) ને કહ્યું કે તેમને મુસીબત પહોંચે તો મન મજબુત રાખજો. અહીં તેમના **ઘરવાળાઓને અહલે બયત** કહ્યા છે.

**હદીષથી અહલે બૈત શબ્દ :-**

(૧) એક સમયે નબીએ કરીમ (સ.અ.વ.) એ હઝરત સલમાન ફારસી (રઝી.) માટે કહ્યું **સલ્માનો મીન અહલે બયતી** (સલ્માન મારા ઘરનો માણસ છે.

અહીંયા તેનો અર્થ હકીકી નહી, પણ ઘરના માણસ જેવો એવો છે.

(૨) નબીએ કરીમ (સ.અ.વ.) ની હદીસ છે કે **અર રજલુ રાઈ અહલે બયતી હી** (માણસ તેનાં ઘરનાં માણસો જે તેને તાબે છે, તેઓનો ગોવાળ છે).

એટલે કે તેના ઘરના માણસોની જવાબદારી તેની ઉપર છે. અહીંયા ઘરના બધા માણસોને અહલે બયત કહેલ છે.

## ૪. અહલનો અર્થ :-

અહલનો શબ્દ સમજવા માટે કુર્આનની આયતો જુઓ :

### ૧. મુસા (અ.સ.) :-

(૧) જ્યારે મુસા (અ.સ.) તેમની પત્નીને મૂકીને કોહેતુર પર આગ લેવા જવા લાગ્યા તો તેમણે જે કહ્યું તેનું કુર્આનમાં વર્ણન આ પ્રમાણે છે :

"જ્યારે તેણે આગને જોઈ તો પોતાના ઘરવાળાઓને કહ્યું (**ફકાલ અહલીહી**) કે જરા થોભો, મને આગ દેખાણી છે (હું જાઉ છું). જેથી તમારે માટે અંગારો લઈ આવું અથવા બનવા જોગ છે કે આગની નજીક કોઈ રહનુમાઈ મળી જાય." (સુ. તાહા : આયત નં. ૧૦)

અહીંયાં અલ્લાહે ફક્ત 'અહલીહી' શબ્દ વાપર્યો છે, તેનો અર્થ પણ (ઘર) વાળા થાય છે, ત્યાં ઘરવાળામાં તેમનાં પત્ની જ હતાં, બાળકો ન હતાં.

(૨) **મુસા (અ.સ.) એ દુઆ માંગી**

અને મારા કુટુંબમાંથી મારે માટે એક વઝીર (નાયબ) મુકર્રર કરી દે, જે મારો ભાઈ છે. (**વજઅલ્લી વઝીરંમીન અહલી હારૂન અખી**) (સુ. તાહા : આયત નં. ૨૯, ૩૦)

અહીંયા મુસા (અ.સ.) એ તેમના ભાઈને કુટુંબના સભ્ય બતાવ્યા છે. અહીંયા અહલનો અર્થ કુટુંબનો સભ્ય 'ભાઈ' એવો કર્યો છે.

### લૂત (અ.સ.) :

લૂત (અ.સ.) ને અલ્લાહે અઝાબથી બચાવ્યા. તેનું વર્ણન આ પ્રમાણે છે.

છેવટે અમે તેને અને તેનાં ઘરવાળાઓને નજાત આપી. (**ફઅનજઈનાહુ વ અહલુહુ**) શિવાય તેની પત્નીના... (સુરહ અન્નમલ : આયત નં. ૫૭)

અહીંયાં લૂત (અ.સ.) અને તેમની **બેટીઓ** તેમનું કુટુંબ હતું અને તેમની પત્ની તો નાફરમાન હતી.

**નૂહ (અ.સ.) :**

નૂહ (અ.સ.) ના વખતમાં જ્યારે જળ પ્રલય થયો તેનું વર્ણન છે.

"તે એટલે લગી કે અમારો હુકમ આવી ગયો અને ભઠ્ઠો ઉભરાઈ ગયો તો અમે કહ્યું, હરેક જાતિનાં નર-માદાના જોડાંને આમાં (હોડીમાં) સવાર કરાવી લો અને પોતાના ઘરવાળાઓને પણ (**જવ જયનીસનૈને વ અહલક**), તે લોકો સિવાય કે તે લોકો અમારૂ ફરમાન સાદર થઈ ચુકયું છે... આખર સુધી." (સુરહ હુદ : આયત નં. ૪૦)

અહીંયાં નૂહ (અ.સ.) ના ઇમાનવાળા કુટુંબોને અહલ (ઘરવાળા) કહ્યા છે.

"અને નૂહ (અ.સ.) એ પોતાના રબને કહ્યું, હે મારા રબ, મારો દિકરો મારા ઘરવાળાઓમાંનો છે. (**ઈન્નબ્ની મીન અહલી**) અને તારો વાયદો સાચો છે અને તું તમામ હાકેમોથી વધીને હાકેમ છે." (સુરહ હુદ : આયત નં. ૪૦)

"ફરમાવ્યું, હે **નૂહ** (અ.સ.) તે તમારા ઘરવાળાઓમાંથી નથી (**કાલ યા નૂહુ, ઈન્નહુ લૈસ મીન અહલીક**) અહીંયા નૂહ (અ.સ.) ના દિકરાને અહલ કહેલ છે." (સુરહ હુદ : આયત નં. ૪૬)

**લૂત (અ.સ.) :**

"ફરીશ્તાઓએ કહ્યું, હે લૂત, અમો તમારા રબના પાઠવેલા છીએ. તેઓ હરગીજ તમારા સુધી પહોંચી નહીં શકે. તમે રાતના અંધારાના ભાગમાં પોતાના ઘરવાળાઓને લઈને નીકળી જાઓ." (**ફ અસરી બી અહલીક બી કીતઅીન મીનલ લેલ**) (સુરહ હુદ : આયત નં. ૮૧)

અહીંયાં લૂત (અ.સ.) ની **બે દિકરીઓને અહલ** કહેલ છે. તેમને દિકરો ન હતો અને તેમની પત્ની તો ના ફરમાન હતી.

**યુસુફ (અ.સ.) :**

તેણે પોતાના ચાકરોને આજ્ઞા આપી કે તેમનો આપેલો માલતેમના સામાનમાં મૂકી દો. જેથી જ્યારે એ લોકો પોતાના ઘરે પાછા વળે તો તેને ઓળખી લે. (**લઅલ્લહુમ યઅરીકુનહા ઈજન કલબુ ઈલા અહલીહીમ**) જેથી તેઓ ફરી પાછા આવે. (સુરહ યુસુફ : આયત નં. ૬૨)

અહીંયાં યુસુફ (અ.સ.) ના **ભાઈઓ પિતા અને તેઓના ઘરવાળાઓને અહલ** કહેલ છે.

**ઈસ્માઈલ (અ.સ.) :**

(૧) કુર્આન ઈસ્માઈલ (અ.સ.) વિશે કહે છે કે તે પોતાના ઘરવાળાઓને નમાઝ અને ઝકાતનો હુકમ કરતો હતો. (**વકાન યઅમુરૂ અહલહુ બીસ્સલાતી વ ઝઝકાત**) (સુરહ મરીયમ : આયત નં. ૫૫)

અહીંયાં પણ ઘરવાળાઓને અહલ કહેલ છે.

**ઐયુબ (અ.સ.) :**

(૨) ઐયુબ (અ.સ.) નો જીક્ર કરતાં કુર્આન કહે છે કે "અમે તેને બાલ બચ્ચાં એનાયત કર્યાં. (**વ વહબના લહુ અહલહુ**) અને તેની સાથે તેટલાં બીજા પણ". અહીંય **અહલમાં બાલ બચ્ચાઓનો** સમાવેશ કર્યો છે. (સુરહ સાદ : આયત નં. ૪૩)

**ઈબ્રાહીમ (અ.સ.) :**

(૨) ઈબ્રાહીમ (અ.સ.) પાસે બે ફરીશ્તા જેમને કૌમે લૂત ઉપર મોકલવામાં આવ્યા હતા, તેમણે તેમને સલામ કરી તે પછીની આયત છે :

"પછી તે ચુપકેથી ઘરવાળાઓ પાસે ગયો. (**ફરાગ ઈલા અહલ**) અને એક જાડા વાછરડા (નો શેકેલો ગોસ્ત) લાવ્યો." (સુરહ ઝારિયાત : આયત નં. ૨૬)

**કુર્આનનું અન્ય સંબોધન :**

(૧) હે ઈમાનવાળાઓ ! પોતાને અને પોતાના બાલ બચ્ચાંઓને (**અનફુસકુમ વ અહલીકુમ**) તે આગથી બચાવો, જેનું ઈંધણ માનવ અને પત્થર હશે. (સુરહ તહરીમ : આયત નં. ૬)

અહીંયાં પણ અહલમાં બાલ બચ્ચાં છે.

(૨) અને જ્યારે પોતાના ઘરવાળાઓ પાસે પાછા ફરતા તો સહર્ષ પલટતા હતા. (**વ ઈજન કલબુ ઈલા અહલીહી મુનકલબુ ફકીહીન**). (સુરહ મુતફક્કીન : આયત નં. ૩૧)

**કુર્આનને સુન્નત ઉપર, અને સુન્નત-હદીસને અન્ય કલામો ઉપર પ્રાધાન્ય છે એ ઈસ્લામનો પાયાનો નિયમ છે.**

**ઉપર કુર્આનની આયતો સ્પષ્ટ કહે છે કે અહલે બયત મુખ્યત્વે પત્ની/પત્નીઓ માટે વપરાયો છે અને કુર્આનમાં ઘરવાળાંઓ માટે પણ અહલ શબ્દ વપરાયો છે.** તે શબ્દનો અલ્લાહે કુર્આનમાં વિસ્તૃત અર્થ લીધો છે.

એટલે અહલે બયત તેઓ છે જે નબીએ કરીમ (સ.અ.વ.) ની હયાતીમાં તેમના કુટુંબનાં લોકો હતા. **તેમના પછી જે છે તે તેમની આલ (વંશ) છે.**

કોઈ પ્રસંગે નબીએ કરીમ (સ.અ.વ.) એ તેમનાં કુટુંબનાં કેટલાક લોકોને એમ કહ્યું હોય કે તમે મારા અહલે બયત છો. (જેમકે બયાનો નં. ૧૫ થી ૧૮, મકતુલનામોમાં લખ્યું છે કે આપે (સ.અ.વ.) હઝરત ફાતીમા (રઝી.), હઝરત અલી (રઝી.), હઝરત હુસનૈન (ર.અ.) ને કામળીમાં લઈ અહલે-બયત કહ્યાં.) તો બાકીના ઘરવાળાં જેમાં તેમની પત્નીઓ પણ સામેલ છે, તેઓ અહલે બયતમાંથી બાકાત નથી થઈ જતાં. જો બીજી બેટીઓને અહલે બયતમાંથી એ માટે અલગ કરવામાં આવે કે તેઓ પરિણીત હતી તો હઝરત ફાતીમા (રઝી.) પણ તે સમયે પરિણીત હતાં. જે બેટીઓ એક જ માં-બાપથી

હોય, નબીની બેટીઓ હોય અને ઈમાન પર હોય તેમનામાં મહાન નબી ભેદભાવ રાખે ને વિચારી પણ ન શકાય. આપ (સ.અ.વ.) ના નવાસાઓ પણ આપની અહલે બયતમાંથી છે. કેમકે, નબીએ કરીમ (સ.અ.વ.) ની હદીષ છે કે માણસની બેટીની ઔલાદ પણ તેની ઔલાદમાંથી છે. આમ નબીએ કરીમ (સ.અ.વ.) ની અહલે બયતમાં તેમની પત્નીઓ, તેમની બેટીઓ, તેમનાં નવાસાઓ અને તેમનાં જમાઈઓનો સમાવેશ થાય છે.

કુર્આનની ઉપરોક્ત ચોખવટ છતાં પણ અહલે બયત શબ્દને આપ (સ.અ.વ.) ની અમૂક જ ઔલાદ તરફ વાળવું એ કુર્આનની ઉપરોક્ત આયતોનો ઈન્કાર છે.

ઉપરોક્ત સંદર્ભમાં નબીએ કરીમ (સ.અ.વ.) ની આલ (વંશ) જે હસનૈન (રઝી.) પછીની છે, તેને અહલે બયત કહેવું સહીહ નથી. **તેમને માટે યોગ્ય શબ્દ 'આલે રસૂલ' છે.** છતાં આજે અતિ આદરને લીધે કેટલાક લોકો આલે રસૂલને અહલે બયતમાં ખપાવે છે.

નબીએ કરીમ (સ.અ.વ.) ની 'આલ', પણ 'આલ' તરીકે ત્યારે જ બાકી રહેશે, જો તે નબીએ કરીમ (સ.અ.વ.) ના દીન ઉપર હોય. તેનો ખુલાસો પીર મશાયખ (રહે.) પાછળના બયાનોમાં આપી દીધો છે.

પીર મશાયખ (રહે.) નબીનો દીન તેમના દિવાનમાં બતાવી દીધો છે.

## પ. આલનો અર્થ :-

અરબી ભાષામાં આલ નો અર્થ વંશ પણ થાય છે અને માનનારાઓ, હિમાયતી, ટેકેદારો વિગેરે પણ.

**જુઓ કુર્આનની વાણી :-**

**૧. સુરહ બકરહ (આયત નં. ૪૯) :-**

યાદ કરો જ્યારે અમે તમને ફીરઓનવાળાઓથી છુટકારો આપ્યો.

(વ ઈજ **નજ્જયના કુમ્મીન આલી ફીરઓન**) તેઓ તમને ભારે ત્રાસમાં મુકી દીધા હતા. જુઓ આખર સુધીની આયત. અહીંયા ફીરઓનના ટેકેદારોને આલ કહેલ છે.

**સુરહ બકરહ આયત નં. ૫૦ :-**

"યાદ કરો જ્યારે અમે સમુદ્રને ચીરીને તમને એમાંથી પસાર કરી દીધા અને ફીરઓનના લોકોને ડુબાડી દીધા (**વ અગરકના આલી ફીરઓન**) અને તમે જોતા જ રહી ગયા."

**૨. સુરહ અલ મુમિન (આયત નં. ૨૮) :-**

"અને એક ઈમાનવાળો મર્દ જે **આલે ફીરઓનમાંથી** હતો તેણે તેના ઈમાનને સંતાડી રાખ્યું હતું. (**વકાલ રજુલુમ્મુઅમીનુન મીન આલી ફીરઓન યકતુમુ ઈમાન હુ**) જુઓ આખર સુધીની આયત."

અહીંયાં સમૂહના એક માણસને આલ કહેલ છે.

**૩. સુરહ આલી ઈમરાન (આયત નં. ૧૧) :-**

"આ લોકો પણ તે રાહ પર છે, જે રાહ પર ફીરઓન વાળાઓ હતા." (**કદ અબી આલી ફીરઓન**)

અહીંયાં કુર્આને 'આલ' નો અર્થ માનનારા ટેકેદારો, સમૂહ, લશ્કર, દૂરનો સગો અથવા સમૂહનો માણસ એવો કર્યો છે. ફીરઓનને ઔલાદ ન હતી અને ડૂબનારાઓમાં તેની પત્ની (જે ઈમાનવાળી હતી) નહતી.

**૪. સુરહ અલ હીજ્ર (આયત નં. ૫૯) :-**

"તે ફરીશ્તાઓએ કહ્યું અમને **આલેલુત** સિવાયના મુજરીમો તરફ મોકલી આપ્યા છે."

**૫. સુરહ અલ હીજ્ર : (આયત નં. ૬૧ અને ૬૨) :-**

**જ્યારે પછી એ પાઠવેલા (ફરીશ્તાઓ) લૂત ના ઘરવાળાઓ પાસે પહોંચ્યા**

(ફ લમ્મા જાઅ આલ લુતીનીલ મુરસલુન) જુઓ આખર સુધીની આયત.

અહીંયાં લૂત (અ.સ.) ના ઘરવાળાઓને આલ કહેલ છે. લૂત (અ.સ.) ને દીકરો ન હતો પણ ૨ (બે) દિકરીઓ જ હતી, અને તેમની પત્ની તો કાફીર હતી. તેથી લૂત (અ.સ.) ની દિકરીઓને પણ આલ કહી છે.

**૬. સુરહ આલી ઈમરાન (આયતો નં. ૩૩ અને ૩૪) :-**

"અલ્લાહે આદમને, નૂહને, ઈબ્રાહીમના વંશજોને તથા ઈમરાનના વંશજોને બધા જગત પર પ્રાધાન્ય આપીને ચુંટી લીધા હતા. **(ઈન્નલ્લાહસ્તફા આદમ વ નૂહવ આલ ઈબ્રાહીમ વ આલ ઈમરાન અલલ આલમીન)**

**૭. સુરહ નીસાઅ (આયત નં. ૫૪) :-**

"તેમણે એ વાતને વિસારવી ન જોઈએ કે અમે ઈબ્રાહીમના વંશજોને કિતાબ તથા બુધ્ધિ કૌશલ્ય પ્રદાન કર્યું." **(ફકદ આતયના આલ ઈબ્રાહીમ કિતાબ વલ હીકમહ)**

**૮. સુરહ અનફાલ (આયત નં. ૫૨) :-**

"એમની દશા એ જ થઈ જે ફીરઓનવાળાઓ અને તેમની પહેલાંના લોકોની થઈ હતી." **(કદઅબી આલી ફીરઓન વલ્લઝીન મીન કબ્લીહીમ)**

**૯. સુરહ અનફાલ (આયત નં. ૫૪) :-**

"એમનો મામલો પણ ફીરઓન વાળા અને તેમના પહેલાંના લોકો જેવો જ છે." **(કદઅબી આલી ફીરઓન વલ્લઝીન મીન કબ્લીહીમ)**

અહીંયાં આલ નો અર્થ વંશ બતાવ્યો છે.

આપ (રહે.) પણ હઝરત ફાતિમા (રઝી.) ના વંશજોને 'આલ' કહે છે.

સુનો ફરઝંદ બીબી, ફાતમા હો કરે;
સો 'આલ' રેનબીકી, મન દીજીઓ સવેરે. - ૫
(મક્તુલનામા ભાગ-૧, બયાન નં. ૧૧)

બીબી ફાતમા કે બેટે, એ સૈયદ કહેલા એ;
એ નબીજી કી નસલમાં, હૈં રે લખાએ.
(મક્તુલનામા ભાગ-૧, બયાન નં.૧૧)

મુહંમદ (સ.અ.વ.) ઉપર જે સલામ અને બરકતો મોકલવામાં આવે છે તે આપ (સ.અ.વ.) ની સાથે સાથે આપને માનનારા (**વઅલા આલી**) ઉપર પણ હોય છે, જેમાં આપ (સ.અ.વ.) ની નેક ઔલાદનો સમાવેશ થાય છે.

## ૬. સાહિબનો અર્થ :-

અરબી ક્રિયાપદ 'સહેબ' (ત્રીજો પુરૂષ એક વચન પુલ્લીંગ ભુતકાળ) નો અર્થ થાય છે દોસ્તી કરવી, સાથી બનાવવું, સાથે રહેવુ/રાખવું 'વાળા' વિ. થાય છે. જેમકે સાહેબુલ અજમત (અજમતવાળા) કે અજમતના માલિક.

સાહિબ/સાહેબનો શાબ્દિક અર્થ થાય છે. સાથી, મિત્ર, માલિક, વાળા વિગેરે.. આ શબ્દને કુર્આને આ રીતે વર્ણન કર્યો છે :

**૧. સુરહ યુસુફ (આયત નં. ૩૯) :-**

"હે જેલના સાથીઓ (**યા સાહીબીસ્સીઝન**) ઘણાં ઘણાં અલગ અલગ રબ બેહતર છે કે એક અલ્લાહ જે બધાયની ઉપરવટ છે."

**૨. સુરહ અલ અઅરાફ (આયત નં. ૧૮૪) :-**

"શું એ લોકોએ વિચાર નથી કર્યો કે, એમના સાથીને કાંઈ જ ગાંડપણ નથી. (**અવલમ યતફક્કરૂ મા સાહિબીહીમ મીન જીન્નહ**) એ તો ખુલ્લો ખબરદાર કરનારો છે."

અહીંયાં તેનો 'સાથી' અર્થ કર્યો છે.

૩. સુરહ કહફ (આયત નં. ૩૭) :-

"અને એ બાગોમાં એને માટે પુષ્કળ ફળ લાગ્યાં તો તેના સાથીથી તેણે કહ્યું, (**ફકાલ લી સાહીબીહી**) હું તારા કરતાં વધુ ધનવાન છું. તેના સાથીએ વાતચીત કરતા કહ્યું (**કાલ લહુ સાહિબુહુ**) શું તું કુફ્ર કરે છે, તેનાથી કે જેણે તને માટીમાંથી પેદા કર્યો ?"

કેટલાક લોકો તેમના પીરની તસ્વીર ઉપર 'યા સાહેબુઝ્ઝમાં' (હે જમાનાના સાથી કે માલિક) લખીને ઘરમાં બરકત માટે રાખે છે.

જો તેઓ સાહિબનો અર્થ મિત્ર, સાથી વિ. ગણતા હોય તો પણ તસ્વીર ઉપર 'યા' લખીને એક નિર્જીવ તસ્વીર જે મૂર્તિસમ છે તેને ઉદ્દેશે છે, તે એક શીર્ક છે. કારણ કે અરબીમાં 'યા' એ હરફે મુનાદા (સંબોધન શબ્દ) છે, અને સંબોધન પોતાની સામે જે જીવંત વ્યકિત હોય તેને જ થઈ શકે. જાનદાર પ્રાણીને પણ આવું સંબોધન થતું નથી, તો નિર્જીવ તસ્વીરને સંબોધવું નર્યું શીર્ક ગણાશે.

જો સાહિબનો અર્થ માલિક લેવાનો હોય તો તે પણ શીર્ક છે, કેમકે માલિક ફક્ત અલ્લાહ ખાલીક જ છે.

કેટલાક લોકો તેમના પીરની તસ્વીર ઉપર દીવા બાળે છે, અગરબત્તી જલાવે છે, તે બધું એક નિર્જીવ મૂર્તિની સાથે થતું હોય તેમ છે, તેથી તે મૂર્તિ પૂજાની જેમ છે. સજીવની સાથે તો આવું થઈ શકતું જ નથી, તો નિર્જીવની સાથે શી રીતે થઈ શકે ?

**આ લખવાનો હેતુ ફક્ત એટલો જ છે કે તેવા લોકો આવા શીર્કથી બચે અને તૌહીદી રાહ ઉપર આવે.**

જે કોઈ વ્યકિત જે કોઈ કોમની **પીર હોય અને તેના ધ્યાનમાં આવું થતું આવતું હોય તો તેણે તેને સદંતર બંધ કરાવવું જોઈએ,** નહિ તો જહન્નમનું ઈંધણ માણસો અને (પત્થરની) મૂર્તિઓ છે.

## પ્રકરણ - ૧૦

# ‘‘હાજર પીર અમારી ઠાંમ રે કે’જો’’

<u>નોંધ</u> : આ પ્રકરણનાં બયાનો સીડીઓની ફસલમાંથી છે અને તે બધાં હિદાયતનામામાં પણ બયાન થયા છે. તેથી હિદાયત નામાનાં વાંચકોને આ પ્રકરણ સમજવામાં વધારે સરળતા પડશે. (જુઓ : હિદાયત નામાના બયાનો નં. ૧૩, ૫૨, ૬૭, ૬૮, ૭૪, ૭૮, ૭૯, ૮૦ અને ૮૨.)

આ પ્રકરણની ચર્ચા અહીંયાં એટલા માટે કરી છે કે તરીકત પીરી મુરીદના સંદર્ભની માર્ગદર્શિકા છે, અને સીડીઓની ફસલમાં પણ તે વિષેનાં બયાનો છે. જેમકે સીડીઓની ફસલનું એક બયાન આ પ્રમાણે છે :

**હાજર પીર અમારી ઠાંમ રે કે’ જો,**
**અમો જેવા તેમને જાણી રે લેજો.**
(સીડીઓની ફસલ)

તેથી તે આ પ્રકરણને અનુરૂપ છે.

<u>વળી કહ્યું છે :</u>

**પીરને પૂછીને પંથ કમાઈએ, તો જીવોના છુટક દેવા જી હોજી,**
(સીડીઓની ફસલ)

<u>**પણ સાથે એમ પણ કહ્યું છે કે :**</u>

**પીર કરો દીન પૂછન કાજે રે,**
**મન મત બુઝો ઔર ઈલાજા રે.**
(સીડીઓની ફસલ)

<u>**જો દીન પૂછવાની બાદબાકી જ હોય તો પીર શાને માટે ?**</u>

<u>**પીર મશાયખ (રહે.) કહે છે :**</u>

**દીન કે કાજે પીત પીરસુ કરની રે,**

**ઓર બાત કછુ મન નાં ઘરની રે.**

**પીત કીએ હોય દુરિજન દૂરી રે,**

**એ મન આસા રાખો પુરી રે.**

**કામ દુનિ મત પીરસુ ચાહો રે,**

**દીન કાજે નીત પીરસુ આહો રે.**

(સીડીઓનાં બયાન)

(દીન શીખવા પીર કરો, બીજા કોઈ દુન્યવી હેતુ માટે નહી. દીન ખાતર પીર પાસે આવશો તો શૈતાન તમને વસવસામાં નહીં નાંખી શકે. પીર પાસે દીન માટે જ આવો).

**સાથે જ પીરનું કામ શું તે પણ બતાવી દીધું છે :**

**ભૂલા ભૂલા પંથ જે પીર દેખાવે રે,**

**સોહી સોહી પીર આ મારગ પામે.**

**તેને તેને પીર કહીને મન લીજે,**

**તેનું તેનું કે'વું પીર કરી ચંદ દીજે.**

(સીડીઓનાં બયાન)

(જે પીર મુરીદને ભૂલેલો પંથ દેખાડે અને અલ્લાહની નજીક લઈ જાય તેને પીર કરવો અને તેનું જ કહેલું માનવું.)

**હાજર રે પીર, મન ધરી લેવા,**

**ભરાંત વિચારહોએ, તેને જઈ કે'વા.**

(સીડીઓની ફસલ)

(કોઈ મુરીદના મગજમાં શૈતાન ભ્રાંતિ નાંખે તો તેના ઉકેલ માટે તેનો જે પીર મોજુદ હોય તેને જઈને તેનો ઈલાજ પૂછવાં.)

**વંશ હો તેના પીર પીરૂ ને ઠાંમા,**

**એ તો સતપંથ જોઈ કરો કામા.**

(સીડીઓની ફસલ)

## કોણ પીરને ઠામે આવે ?

(૧) જે પીરથી દીન જાણવા મળે અને તે દીનદાર હોય. (જેમકે, ઉપર બયાન થયું છે) અને જે અલ્લાહની નજીક લઈ જતો હોય તેવો પીર ગુજરી જાય અને તેના વંશમાં પણ ગુજરનાર પીર જેવાં જ લક્ષણો હોય (પીરનાં લક્ષણો માટે જુઓ બયાનો નંબર ૨૨ અને ૨૩) તો તે પીર બેટો ગુજરનાર પીરને ઠામે ખીલાફત મળી હોય તો આવી શકે. કેમકે મુરીદનો હેતુ પીરથી દીન જાણવાનો જ હોય છે અને પીર સતપંથ (હક) ઉપર છે કે નહીં તે જોઈને પીર કરવાનું કામ કરો.

(૨) પૂરા દિવાને મશાયખમાં ક્યાંય ઉલ્લેખ નથી કે પીરનો મોટો બેટો જ પીર હોવો જોઈએ. આપ (રહે.) નો પોતાનો જ દાખલો છે કે તેમના પીર એક શેખજાદા હતા.

(૩) જો પીર જીવતા હોય અને બેટાને ખિલાફત આપે, તો બાપ-પીરની હકીકતી કેફીયત તેનામાં જે હોય તે **ખતમ થતી નથી.** તેથી પીર બાપને છોડી તેમના જીવતાં જ બેટા-પીરને (બીજો પીર) પીર કર્યો તો પીર મશાયખ (રહે.) ના કહેવા મુજબ પીરના જીવતાં બીજો પીર કર્યો કહેવાય, અને મુરીદનાં લખણ વેશ્યા જેવાં ગણાય.

(૪) પણ હવે તો પીરના જીવતાં જ પીર બદલીને બેટા પીરની પીરી કબૂલવાનો રિવાજી સિરસ્તો બની ગયો છે.

(૫) જે પીરના બેટામાં શરીઅત ન હોય તે બાપને ઠામે પીર થઈ શકે નહીં. કેમકે તરીકતના બયાનોમાં પીર મશાયખે શરીઅતને પાયો ગણ્યો છે.

## કેવા પીર કરવા :

તરીકત આપોઆપ વારસે ઉતરતી નથી. તેને માટે મહેનત કરવી પડે છે. પીર મશાયખ (રહે.) કહ્યું છે કે કેવા પીર કરવા :

(૧) નબીની રાહ જોવા પીર કરેવા,

અકીદો પીરનો જોઈએ સાચો હો સાચો;
જો અકીદો જોયા વના પીર જો કીજે,
તો પીરનો મારગ સરવે કાચોહી કાચો.....૧
અકીદો જોઈ પરથમ પીર કરીજે,
હુકમ બાજ તેનારે માંનોહી માંનો.....૩
આકીદા જેવા તે હુકમ કરશે,
સહી કરી મન આંનોહી આંનો.....૪
(સીડીઓની ફસલ)

(નબીની રાહ જાણવા પીર કરો અને પીરનો અકીદો પણ સાચો હોવો જોઈએ. પીરનો અકીદો જોયા વિના પીર કરશો તો તમારો મારગ કાચો છે. પીરનો અકીદો તપાસી પછી જ તેના હુકમ માનો. કેમકે, પીર તેનો જેવો અકીદો હશે તેવી જ રાહ બતાવશે).

**(૨) પીર મશાયખ (રહે.) કહે છે કે, આલીમ પીર શોધો.**

પીર તો આલીમ તમે એવો રે લાવો,
કે દીન નબીની વાટ જાને રેહો જાને,
હુકમ તેનો ફેરવો વારૂ રે નાંહો,
જો અલા નબીને સહી માંને રે માંને.
(સીડીઓની ફસલ)

(તમો આલીમ પીર શોધી લાવો, જે નબીના દીનની રાહ જાણે. જો પીર નબીના દીનની રાહ જાણતો હોય તો તેનો હુકમ ટાળો નહીં, પણ તે પીર અલ્લાહ અને નબીને માનતો હોવો જોઈએ).

**નોંધ :-**

ઉપરોક્ત પંક્તિમાં 'અલા-નબીને' એ શબ્દોની ખરાઈ જેણે તપાસવી હોય તે આ કિતાબમાં પાછળ પાના નં. **૨૯ ઉપર આપેલી ફોટો કોપી જોઈ લે.**

(૩) તરીકત કિતાબ એ પીર મશાયખ (રહે.) ની પરચુરણ કિતાબોમાંથી એક છે. તેમાં સુલુકના બયાનો છે, પણ પરચુરણ કિતાબોને પીર મશાયખના મૂળ દિવાન (૧૩ ફસલો) પછી અને તેઓના સંદર્ભમાં સમજવાં જોઈએ.

(૪) પીર મશાયખે પોતાના મૂળ દિવાન (તેર ફસલો) માં મુખ્ય મુખ્ય ખુલાસાઓ તેમના મઝહબી અકીદા વિશે કરી દીધા છે. **તેથી પીર મશાયખ (રહે.) નો દીન એ પીરનો દીન હોવો જોઈએ.**

(૫) પીર મશાયખ (રહે.) એ મક્તુલનામા, ઈમાન ભાગ-૧ અને ૨ અને ખુલફાએ રાશેદીનમાં તેમના અકીદાઓના ખુલાસા કરી દીધા છે. માટે પીરનો અકીદો પણ પીર મશાયખ (રહે.) ના અકીદા મુજબના હોવા જોઈએ. (જેની ચર્ચા હવે પછી આવશે.)

(૬) તકીયાના રદને સમજવા માટે આ વિશ્લેષકની કિતાબ પીર મશાયખ (રહે.) નો મઝહબ'નું પ્રકરણ - ૭ જુઓ. તેમાં **તકીયાના રદની ૪૩ દલીલો ઉપરાંત ખાસ નોંધો અને વિશ્લેષણો આપ્યા છે.** તેથી પીર મશાયખ નો દીન એ પીરનો દીન હોવો જોઈએ.

**પીર મશાયખ તમો પીર જો પામાં,**
**છે ભણા ઈલમ દીન જાણે હો જાણે,**
**એમનો હુકમ ફેરવે દીનમાં ચોરા,**
**દીન મોહંમદનાં પરમાણે હો નાં પરમાણે,**
**પીર મશાયખ જોઈ દીન નબીનો,**
**બયાન ખોલીને આખે હો આખે,**
**નબી મોહંમદરસુલ ખાતમ નબી,**
**તમોને પરગટ દાખે હો દાખે.**

(સીડીઓની ફસલ)

(પીર મશાયખ (રહે.) જેવા તમને પીર મળ્યા છે. તેમણે દીનનું ઈલ્મ પઢીને જાણ્યું છે. એમનો હુકમ (બતાવેલ દીન) ફેરવે તે દીનનો ચોર છે, તો ફેરવેલો હુકમ એ દીને મુહમ્મદી પ્રમાણેનો નથી. પીર મશાયખે નબીનો દીન જોઈને તમને ખોલી ખોલીને બતાવી દીધો છે અને નબીએ કરીમ (સ.અ.વ.) જેવું કહ્યું છે, તેવું સાફ સાફ દાખવી દીધું છે).

(૭) પીર મશાયખ (રહે.) ના દીન પર હશે તે દીને-મુહંમદી પામશે.

**પીરને સેવતાં નબી મોહંમદ પાવે,**
**જો પીરને એક કહી ધાવે કે, જીહોજી,**
**પીર મશાયખ પંથ મન સત ધરવા,**
**તો જોઈને પાર ઉતરવા, કે, જીહોજી.....૧**

(બા અમલ અને બા ઈલ્મ પીર દીને મુહંમદી બતાવે છે. પીર મશાયખ (રહે.) એ જે પંથ બતાવ્યો છે તેને જોઈને પાર ઉતરો). ઉપરોક્ત પંક્તિઓને ખાનવાદાના સંદર્ભ સમજો, જેનું સમર્થન હિદાયત નામામાં પણ છે.

## ખાનવાદા :-

હવે પીર મશાયખ (રહે.) ખાનવાદાનું બયાન કરે છે. **જે બયાનો હિદાયત નામામાં પણ છે.** પીર મશાયખ (રહે.) **પીરોને આ ખાનવાદાઓ ઉપર ચાલવાનું કહે છે, અને પીર મહેરહુસેન સાહેબ પણ.**

(૧) **જીયો, ખાનવાદા ચઉદ નિપાયા,**
**હસી હેતે પીયુ મન લાયા...**
(સીડીઓની ફસલ)

(ખાનવાદા ૧૪ છે. અલ્લાહને પામવા તે ખાનવાદીઓને ખુશીથી સ્વીકારો.)

(૨) **એનું ખાનવાદોંકો ભી, પંથ કે'તે હેં તુ સહી જાન રે,**

ખાનવાદા વલીયું કા સહી મોમીન મનમાં આન રે,
હે સુધારે મારગ, ખાનવાદા જાનીએ,
કે ખાનવાદોં કી રીત, હે ચલણા પેછાનીએ.
(સીડીઓની ફસલ)

(આ ખાનવાદોને પંથ (રાહ) કહે છે, તે તમે જાણો. ખાનવાદાઓમાં વલીઓ થયા છે, તે પંથને જ મનમાં રાખો. આ ખાનવાદાઓ સીધો માર્ગ છે અને ખાનવાદાઓને ચલણે ચાલો).

**(૩) થડ તરીકત કા હે, ખાનવાદા જાનીએ,**
**સુનો થડ બીના હોય, કોઈ ટોચ પોંચા માનીએ.**
(સીડીઓની ફસલ)

તરીકતનું થડ (મૂળ) ખાનવાદાઓ છે. થડ વગર કોઈ ટોચે પહોંચ્યું છે ?

**(૪) રીત ખાનાવાદોં કેરી, હે ઈબાદત કરની,**
**રીત વલીયું કેરી, સુન મનમાં ધરની.**
(સીડીઓની ફસલ)

(ખાનવાદાઓની રીત મુજબની જ ઈબાદત કરો. તે રીત એ વલીઓની રીત છે).

**(૫) જીસરે ખાનવાદો કી જેસી હોયગી રીતા રે,**
**ભાઈ હોયગી રીતા,**
**ઉસકી રીત અનુ પીર દલ પીતા જી.**
(સીડીઓની ફસલ)

(ખાનવાદાઓની રીત મુજબ પીરથી મુહબ્બત લાગશે).

**(૬) તો પીર આપ અકલ ખાનવાદોં જેસા રે,**
**ભાઈ ખાનવાદોં જેસા,**

તો નીત કામ કરેગા સહી વેસા.
(સીડીઓની ફસલ)

(ખાનવાદાઓની રીત મુજબ પીર ચાલશે અને પીર ખાનવાદાઓની રીત મુજબ જ કામ કરશે).

(૭) **સુનો ભાઈ અકીદા સમજે બાદ, મુરશદ ચાહીએ,**
**તો ફીકર મોરાકબા પાહીએ જી,**
**સુનો ભાઈ, જીસ રે ખાનવાદે મેં મુરીદ હોઈએ,**
**તો મોરાકબા ઉસ ખાનવાદો કા જોઈએ.**
(સીડીઓના બયાન)

(અકીદો સમજીને પછી મુરશદ કરો, તો મુરાકબો જાણો. જે ખાનવાદાના મુરીદ હો તે મુજબનો મુરાકબો કરવો).

(૮) આ લખાણ દિવાલ ઉપર લખેલા જેવું સ્પષ્ટ છે કે **૧૪ ખાનવાદાઓ સુન્ની પંથમાં હતા અને આજે પણ પ્રચલિત છે.**

આ ૧૪ ખાનવાદાઓમાંથી એક ખાનવાદો છે ચિશ્તી ખાનવાદો જે પીર મશાયખ (રહે.) નો ખાનવાદો છે.

(૯) **એવું લાગે છે કે હિદાયત નામાના વાંચકોએ તેમાં લખેલાં ખાનવાદાનાં બયાનો સમજ્યા જ નથી, ખાનવાદા શું છે ? તે પણ તેઓ સમજ્યા નથી.**

(૧૦) બીજા ખાનવાદાઓ જે સુન્ની પંથમાં પ્રચલિત છે. તે આ પ્રમાણે છે : **હબીબીયાહ, તેફીરીયાહ કરબીયાહ, સકતીયાહ, જુનેદીયા, કોરૂનીયાહ, ફીરદોસીયા, સુહરવરદીહાયહ, જૈદીયાહ, અયાઝી, અધમીયાહ, હોલેરીયા, નકશબંદીયાહ (જુઓ બયાન નં. ૬૦૭/ ૩૦૦, મક્તુલ નામા).**

(૧૧) પીર મશાયખ (રહે.) લખે છે :

સુનો પીરી મુરીદી, મૂલ ફકીરી કેરા;
વલી ચૂંથી નિઅમત, પાવે વલી રે સવેરા. - ૧૦
વે ખાનવાદા ચૌદ, તૂ બુઝરે નામા :
એ ફકીરી કેરા, સબ મૂલકા ઠામા. - ૧૧
(ઈમાન ભાગ-૧, બયાન નં. ૧૬૯૯)

પીર મશાયખ (રહે.) ના કહેવા મુજબ **મુરીદે પીરી મુરીદી ઉપરોક્ત ૧૪ માંથી એક ખાનવાદાના પીરોથી જ કરવી જોઈએ.**

મુરીદે એ જોવાનું છે કે, જેને તે હાજર પીર તરીકે માની રહ્યો છે, તે પીર કોઈ એક ખાનવાદાના તરીકા ઉપર છે કે નહીં ? પીર મશાયખ (રહે.) નો ખાનવાદો ચિશ્તી છે. જો તે ૧૪ માંથી કોઈ એક ખાનવાદા પર નથી તો પીરને લાયક નથી.

(૧૨) પીર મશાયખ (રહે.) કહે છે :

**બાવા પીર મશાયખ મન જોઈ કહીએ,**
**સાચા મારગ એહું થકી લહીએ.**
**મશાયખ પીરના પંથ જોઈ ધાવા,**
**બાવા પે'લા તો ધરમ કામાવા.**
(સીડીઓની ફસલ)

(પીર મશાયખ (રહે.) ને મનથી માનતા હોય તો સાચો મારગ તેમના મેળવો અને તે મારગે જાઓ. મશાયખ પીરનો પંથ જોઈ તેને જ અખત્યાર કરો).

**(૧૩) ઈલ્મ સલુક બના અવર નાં આવે,**
**બાત ખાનવાદુ બના, અવર ના લખાવે,**
**જે પીરી મુરીદી કી સલુકકી રાહા,**
**કરમસુ યે દીજે તુ અવર રે નાંહાં.**

(ખાનવાદા વગર ઈલમ સુલક કોઈનામાં પણ ન આવે, ખાનવાદાઓ પીરી મુરીદીની રાહ છે. હે અલ્લાહ તેની સિવાય બીજું કાંઈ ન આપજે).

**નોંધ :- ખાનવાદાઓનાં બયાનો સમજવા હિદાયતનામાનો વાંચક તેમાંના બયાનો નં. ૧૩, ૫૨, ૬૭, ૬૮, ૭૪, ૭૮, ૮૦ અને ૮૨ ફરીથી જોઈલે) અને પછી તેની ઉપર અમલ કરે.**

પીર મશાયખ (રહે.) કહે છે :

**ભી ઉની એતના હોવે પુરા રે દીવાના,**
**જે ઉસે સુને વે લાવે રે ઈમાના,**
**એસી જે રાહ સુ હોવે પુરા રે દીવાના,**
**મુજે તોફીક નાં દીજે તુ અવર રે બયાન...**

૧૪ ખાનવાદામાંથી જ પીર હોવા જોઈએ તે વાત સ્પષ્ટ થઈ ગઈ.

## હાજર પીર કોને કહેવાય ?

(૧) જે પીર જે તે જમાનામાં મોજુદ (હાજર) હોય, અને તે તે વખતના **પીરવંશમાંથી ન હોય** તો પણ હાજર પીર છે. પીર મશાયખના હાજર પીર એક શેખજાદા હતા, જે વંશમાંથી ન હતા.

(૨) હાજર પીર એ પીરવંશમાંથી હોવા જરૂરી નથી. પીર કબીરૂદ્દીનથી જ શરૂ કરીએ તો તેમના વંશમાં પીર મશાયખ સુધીમાં વંશમાં ક્યાંય સુલુકની ખીલાફત આવી નથી. જેમકે પીર મશાયખ (રહે.) ખિલાફત એક પરહેજગાર શેખજાદાથી મેળવી, અને તે શેખજાદાથી પૂર્વે પીર કબીરૂદ્દીન સુધીમાં વંશમાં કોઈ ખિલાફત (પીરાઈ) નથી. (જુઓ મકતુલનામા : બયાનો નં. ૬૦૨/૨૯૫ થી ૬૦૬/૨૯૯)

(૩) હાજર પીર ઉપર દર્શાવેલ **૧૪ ખાનાવાદાઓમાંથી કોઈ એક ખાનવાદાને અનુસરતો હોવો જોઈએ.** આ ૧૪ ખાનવાદાઓમાંથી એક ખાનવાદો ચીસ્તી છે, જે સુન્નીઓમાં છે. એટલે પીર મશાયખ સુન્ની હતા.

(૫) પીર કબીરૂદ્દીનને આપણે પીર કહીએ છીએ, પણ તેમણે કોઇને ખીલાફત આપી નથી. એટલે પીરાઇનો સીલસીલો ઉપરોક્ત મકતુલનામાનાં બયાનોમાં બતાવ્યા મુજબ એક શેખજાદાથી જ ચાલ્યો છે.

(૬) સતપંથ શાસ્ત્રમાં લખ્યા મુજબ સૈ. ઇમામુદ્દીને પીર કબીરૂદ્દીનના જનાજા વખતે તેમનાથી 'નેઅમત' માંગી તો પીર કબીરૂદ્દીને તેમના જનાજામાંથી પોતાના હાથ બહાર કાઢી નેઅમત આપી. એટલે એ વાતને ખરી સમજીએ તો પીર કબીરૂદ્દીનનો સીલસીલો સૈ. ઇમામુદ્દીન (પીરાણા) પાસે આવ્યો ગણાય.

(૭) વળી તે શાસ્ત્રમાં લખ્યા મુજબ સૈ. ઇમામુદ્દીન પોતાના વંશને બાકાત રાખીને તેમનું 'મીશન' ચલાવવા 'કાકા' નીમ્યા, જેનો સીલસીલો સૈ. ઇમામુદ્દીનના વંશની બહાર છે.

(૮) આ રીતે જોઇએ તો સૈ. રહેમતુલ્લાહ (જેમના વંશમાં પીર મશાયખ (રહે.) છે) અને તેમના ઓરમાન ભાઈ સૈ. ઇમામુદ્દીન **બંન્નેના વંશમાં ખિલાફત (પીરાઈ) નથી.**

(૯) હાજર પીર, **પીર મશાયખ (રહે.) ના મઝહબી અકીદા ઉપર હોવો જોઈએ.** આપનો મઝહબી અકીદો જાણવા વાંચો કિતાબ 'પીર મશાયખ (રહે.) નો મઝહબ.'

(૧૦) તે ઉપરાંત હાજર પીરનો સુલુકનો તરીકો ઉપરોક્ત ૧૪ માંથી એક ખાનવાદામાંનો હોવો જોઇએ.

**(૧૧) હાજર પીરનો ખાનવાદો ઉપરોક્ત ૧૪ માંથી એક ખાનવાદો હોવો જોઈએ. તેનું સમર્થન હિદાયતનામામાં બયાનો નંબરો ૧૩, ૫૨, ૬૭, ૬૮, ૭૪, ૭૮ થી ૮૦ અને ૮૨ આપે છે. (જુઓ હિદાયતનામા) એટલે સ. મહેરહુસેન સાહેબ હિદાયતનામાં ચીશ્તી ખાનવાદાને સમર્થન આપે છે, જે**

સુન્ની છે. એનો અર્થ એ થયો કે પીર સુન્ની હોવા જોઈએ.

(૧૨) હાજર પીરમાં પીર મશાયખ (રહે.) તરીકતના બયાનો નં. ૨૨ અને ૨૩માં લક્ષણો હોવાં જોઈએ.

## અમારી ઠાંમ રે કે'જો...

(૧) ઉપરોક્ત ચર્ચાના સંદર્ભ 'અમારી ઠાંમ રે કે'જો...' 'અમારા જેવા ગણી લેજો' નો અર્થ થાય છે કે, જે કોઈ પીર મોજુદ હોય, તેનામાં ઉપર જણાવેલાં લક્ષણો હોય અને તે કોઈએક ખાનવાદામાંથી હોય તો અમો (પીર મશાયખ) જેમ પીર છીએ, તેમ તેને પણ પીર ગણી લેજો.

(૨) જો મોજુદ હાજર પીર અમારા (પીર મશાયખના) વંશમાં ન હોય તો પણ તેમને વંશને કારણે ઉતરતા જ સમજજો, પણ તેમને પણ અમારી જેમ પીર સમજજો.

(૩) મોજુદ પીર કામિલ હોય, કોઈ એક ખાનવાદામાંથી હોય તેને વંશને કારણે પીરમાંથી **બાકાત ન સમજશો;**

(૪) પણ, મરતબામાં હાજર (મોજુદ) પીરને અમારા (પીર મશાયખ) ના મરતબે પહોંચાડી ન દેશો. જેમકે હઝરત અલી (રઝી.) ના મરતબે ખ્વાજા હસન બસરીને, અને તે પછી અનુક્રમે સીલસીલામાં પાછળ આવનારને આગળનાઓને મરતબે ન મૂકી શકાય. તે જ રીતે પીર મશાયખ (રહે.) ને ખ્વાજા હસન બસરીને મરતબે ન લઈ શકાય, અને તેમની ઔલાદને પીર મશાયખ (રહે.) ના દરજ્જે ન લઈ જઈ શકાય. એટલે 'અમારા જેવા' નો અર્થ **અમારા મરતબામાં નહીં પણ અમારી જેમ પીર ગણી લેશો** તેવો થાય છે.

(૫) પીર મશાયખ (રહે.) ને મરતબે પાછળ જે તે મોજુદ પીરને ન ગણી લેવા, પણ તેમનો અકીદો, પીર હોવાના લક્ષણો વિગેરે જોઈને પીર માનવા. ફક્ત વંશિય ધોરણે હાજર પીરને પીર મશાયખ (રહે.) ને ઠામે

તેમના જેવા ન ગણી લેવાં.

તરીકત એ રસ્તાનાં પગથિયાં છે. હકીકત એ કેફીયતથી વાકેફ થવાનું છે અને મઆરેફત એ અલ્લાહને ઓળખવાનું છે.

'તરીક' એટલે રસ્તો. તરીકત એટલે રસ્તો પામવું એ છે. હકીકત એ રાહામાં વસ્તુ સ્થિતિની જાણકારી છે અને મઆરેફત એ અલ્લાહની ઓળખ છે.

અલ્લાહની ઓળખ પહેલાં તે ઓળખ મેળવવાની જાણકારી (હકીકત) મેળવવી પડશે, અને તેનાથી એ પહેલાં સાચી રાહનાં પગથિયાં (તરીક) શોધવાં પડશે.

સાચી રાહના પગથિયાં પીર મશાયખ (રહે.) ની અમલી રાહ છે. તેમનું દિવાન છે.

તરીકત એ કોઈ અટપટું જ્ઞાન નથી અને તે વારસે ઉતરતું નથી. અબુધ બંદો અટવાઈ ન જાય તે માટે તેને માર્ગસૂચકની જરૂરત રહે છે, પણ જેઓ કુર્આન અને સુન્નતને સમજીને અલ્લાહના ડર સાથે તેની ઉપર ચાલે છે તેઓએ અલ્લાહને ઓળખી લીધો છે, એવા લોકો માટે સુલુકી સંબંધોની જરૂરત ન પણ પડે. બયાન નં. ૫૩ માં લખ્યું છે કે, જ્યાં શરિઅત અમલી ચલણ હોય ત્યાં પીરનું કામ નથી.

તેથી જ પીર મશાયખ (રહે.) એ લખ્યું છે કે,

**હિન્દુસ્તાનમાં પીર કા મકામાં,**

**અવર મુલ્કમાં નાં પીર કા ઠાંમા.**

જે કોઈ પીર મશાયખ (રહે.) ને અને તેમના **દિવાનને જ ન માનતું હોય** તેને હાજર પીર અમારી ઠાંમ રે કે'જો... એ શબ્દોથી શું સંબંધ ? કેમકે એ શબ્દો પણ પીર મશાયખ (રહે.) ના જ છે.

મોમીન કોમની એક ખાસીયત રહી છે કે જેને પકડ્યું તેને સમજ્યા

વગર પણ પકડી રાખવું. પીર મશાયખ (રહે.) ના જમાનામાં મુમનોની જે સ્થિતિ હતી તેનું બયાન આપ (રહે.) આ પ્રમાણે કરે છે :

વેસા રબને મુજકુ, બુઝો રે બયાના;
ટોલી મુમનું કેરીમાં, મેં કિસ્મત પાયા. -૫
એ જુઠે રે મુનાફેક, ઓર કો' નાંહાં;
જો સબ ઢુંઢ દેખો, હિંદ મુલક માંહાં. - ૬
એસે બદ દીન જુઠે કોઈ, નાંહી રે ઠગારે;
અને એહમક ને ગમાર, હેં દેખી તે બચારે. - ૭
એ ટોલીમાંહે રબને, મુજે ખુબી રે દીતી;
જું હદીષ નબીકી, સુનકર લીતી. - ૮
એસા મેરી નસલમાં નાંહી હુવા કો દેખાવે;
ઈમામ ઈસ્માઈલ સુધી જો ઢુંઢને જાવે. - ૯

(મક્તુલનામા ભાગ-૨, બયાન નં. ૫૯૪/૨૮૭)

(અહમક : મૂર્ખ. હદીષ : બયાનમાં અગાઉ મીશ્કાત શરીફની હદીષનો ઉલ્લેખ છે તે હદીષ)

પીર મશાયખ (રહે.) લખે છે :

વિલાયત નસલ (વંશ) થી નથી આવતી પણ,
નબીના દીનની નજદીકી આવે છે :

આપ લખે છે :

અરે જાગ જાગ ગાફલ, એ સુન રે બયાના;
કે કેસી હે ખુબી દીન કે મેના. - ૧૩
કે સુનતે સુનતે, ભશત રે પાવે;
અને તકવા હો કરતે, હો વલી રે જાવે. - ૧૪
અને નજદીકી કેરે, હે વલીરે નામા;

એ નબીજી કે દીનથી, એસા પાવે રે ઠામા. - ૧૫

કુર્આનમાં છે :

શું જે ઊંધુ ઘાલીને ચાલી રહ્યો હોય તે માર્ગ પામવાનો છે કે તે જે સીધા માર્ગે સીધી રીતે ચાલી રહેલ હોય ? (સુરહ મુલ્ક : આયત નં. ૨૨)

કુર્આને ઉંધુ ઘાલીને એવી ઉપમા આપી છે, કે ખાસ કરીને જાનવરો જે બુધ્ધિ નથી ધરવતાં તેઓ તેમની કુદરતી પ્રકૃતિને લીધે ઊંધુ ઘાળીને ચાલતાં હોય છે. તે જ રીતે જેણે પોતાની એક માન્યતાની પ્રકૃતિ બનાવી લીધી છે તે તેની રીતે જ ઊંધુ ચાલીને ચાલતો રહેશે અને તેને માર્ગ મળશે નહીં.

પ્રકરણ - ૭ માં પીર મશાયખ (રહે.) લખ્યું કે બળદ જો ઊંધો રસ્તો પકડે તો તે તેજ રસ્તો ચાલતો રહેશે, અને ખોટા ઠેકાણે પહોંચી જશે.

જો ઉપરોક્ત ગુણવત્તાવાળો પીર ન જડે તો પીર મશાયખના દિવાનની માર્ગદર્શિકા શું કામ અખત્યાર ન કરવી ? જો પીર મશાયખ (રહે.) ને માનતા હોવ તો !

ખાસવાત :

જો હીદાયત નામાનો વાંચક હિદાયત નામાને જ માનતો હોય તો તેણે તેનાં બયાનો નંબર ૧૩, ૫૨, ૬૭, ૬૮, ૭૪, ૭૮ થી ૮૦ અને ૮૨ મુજબ **પીર કોઈ એક ખાનવાદાઓમાંથી જ શોધવો અને કરવો જોઈએ, અને પીર જો કોઈ એક પણખાનવાદાથી બહાર હોય તો તેને કોઈ એક ખાનવાદો સ્વીકારી લેવાનું કહેવું જોઈએ.** પીર મશાયખ (રહે.) એ ચિશ્તી ખાનવાદાના એક શેખઝાદાથી સુલુકન બયત લીધી હતી. આપ મકતુલનામાના બયાન નં. ૬૦૨/૨૯૫ થી ૬૦૬/૨૯૯ માં લખે છે.

“સુનો એક શેખઝાદા ખુબ થાય દેખાયા,

એ તકવા કરતા, નજરૂ આયા - ૧.

ઓનું ચિશ્તી કેરી, થી ખિલાફત પાઈ,

વે શિજરે કેરી, રીત મુજકુ દેખાઈ - ૨

સો સહીકર ખિલાફત, મેં ઓસકી જાની,

મેં ખિલાફત કેરી, સબ દેખીરે નિશાની - ૩

તબ ઓસ પાસે ખિલાફત, મેં રે ચાહી,

તબ ખિલાફત ઓનું, મુજકુ દિલાહી - ૪

સુનો અનુ એસી હકીકત, ખાનવાદા કેરી,

મેં ચિશ્તી કી ખિલાફત, પાયા રે સવેરી - ૭''

(એક પરહેજગાર અને મુત્તકી અને ચીશ્તીયા ખાનવાદના શેખજાદાથી તેનો સજરો જોઈએ, અને તેનામાં ખિલાફત આપવાની નિશાની જોઈને તેનાથી ખિલાફત ચાહી, અને તેણે મને ચીશ્તી ખાનવાદની ખિલાફત આપી).

**હવે કોઈ એક ખાનવાદામાંથી પીર કરશો કે ખાનવાદા બહાર જઈ બેઠા રહેશો ?**

રબ્બના તકબ્બલ મીન્ના, ઈન્નક સમીઉન અલીમ.

(અય અલ્લાહ આ મારી તરફથી કબુલ કર, બેશક તુ બહુજ મોટો સાંભળનાર છે.)

## તમામ શુદ

જે મંચ રે લખીયા હાલ મેરે તનકા,
ઉસે ના કબૂલે જીસે નાંહી મોત કા ધસકા.
(નૂરનામા)
જે કોઈ દુશ્મન મેરડા, જે બેદ ફીરાવે નામ રે,
જે બેદ ફીરાવે નામ,
ખાલીક સુખા યું કહા, દોઝખ ઉસકા ઠામ રે,
દોઝખ ઉસકા ઠામ. - ૧૯
(તરીકત : બયાન ૧૨૦)
કામદુની કસબી દેખકર કરતે રે,
ઔર કે ડેરે નહી જાતે રે. - ૧૨
કામ દુનિ કે ડાએ કેલા તે રે,
દીન કે કામ મેં ગેલે દેખાતે રે. - ૧૩
એ જાહેરે રે નિશાની કુછ છુપી નાંહાં,
ના કો હાથકંગન કુ દેખે અરીસે માહાં.
(મક્તુલનામા ભાગ-૨, બયાન નં. ૫૯૨/૨૮૫)



પીર મશાયખ (રહે.) ના દિવાનમાંથી / તેને આધારે
આજ સુધી સમજુતિ સાથે પ્રસિધ્ધ થયેલી કિતાબો

| ક્રમ | કિતાબનું નામ | પ્રસિધ્ધિ વર્ષ |
|---|---|---|
| ૧. | ઈમાન ભાગ-૧ | ૧૯૮૯ |
| ૨. | સૈ. પીર મશાયખ (રહે.) | ૨૦૧૧ |
| | નો મઝહબ | ૨૦૧૨ |
| ૩. | તરીકતનું વિશ્લેષણ | ૨૦૧૪ |

આ પ્રસિધ્ધ થયેલ કિતાબો હવે ટુંક સમયમાં ઈન્ટરનેટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

હો બુઝે બના તમે દાવા કરાતે રે,
તો સમજુ કુ પુછને ક્યું નાંહી જાતે રે. - ૧
એસે દાવે તુમ કાએ હો પડીએ રે,
અણ સમજુ કુ હો પૂછન ચલીએ રે. - ૨
(મક્તુલ નામા : ભાગ-૨, બયાન નં. ૫૯૦ / ૨૮૩)



સૌજન્ય :
વેસ્ટર્ન રિયલ એસ્ટેટ, પ્રાઈવેટ લી.,
ડેવલોપર ગૃપ
જોગેશ્વરી, મુંબઈ.